નારી
આંદોલનનો
ઇતિહાસ
ભાગ ૨

## સ્ત્રી સમાનતા અને અધિકાર

# વિશ્વમાં નારી આંદોલન



# સ્ત્રી સમાનતા અને મતાધિકાર: વિશ્વમાં નારી આંદોલન

उन्नति
ઉન્નતિ

sahiyar

પ્રસ્તુતિ : ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન અને સહિયર (સ્ત્રી સંગઠન), ૨૦૦૯

પ્રથમ આવૃત્તિ : ૫૦૦ નકલ, ૨૦૦૯

આ પુસ્તિકાના લખાણનો જનશિક્ષણ માટે બિન-વ્યાપારી ધોરણે ઉપયોગ કરવા સૌને આમંત્રણ છે. આવો ઉપયોગ કરતી વખતે લેખિકા તેમ જ પ્રકાશકોની નોંધ લેવી તેમ જ અમને ઉપયોગ કર્યા અંગે જાણ કરવી જરૂરી છે.

લેખિકા : **ડૉ. તૃપ્તિ શાહ**, સહિયર (સ્ત્રી સંગઠન) વડોદરા

પ્રકાશક : ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન અને સહિયર (સ્ત્રી સંગઠન)

પ્રાપ્તિસ્થાન :

**ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોનઃ ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬
ઈ-મેલઃ sie@unnati.org

**સહિયર (સ્ત્રી સંગઠન)**
જી-૩, શિવાંજલિ ફ્લેટ્સ, જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે,
નવજીવન, આજવા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯
ફોનઃ ૦૨૬૫-૨૫૧૩૪૮૨
ઈ-મેલઃ sahiyar@gmail.com

ડીઝાઈન અને કલા નિર્દેશન : તરૂણ દીપ ગિરધર, અમદાવાદ

ચિત્રાંકન : કવિતા અરવિંદ, ચિડિયા ઉડ અને રણજીત બાલમુચૂ, ધ લેમ્બ સ્ટુડિયો

લે-આઉટ : રમેશ પટેલ અને હિતેશ ગોળકિયા

મુદ્રણ : બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૦૭૯-૨૬૪૪૧૯૬૭

*અસ્વીકારઃ*
*આ પુસ્તિકા મુખ્યત્વે પાયાના ક્ષેત્રીય કાર્યકરોની જેન્ડર, પિતૃસત્તાક સમાજવ્યવસ્થા, સ્ત્રીઓના ઊતરતા સ્થાનનાં ઐતિહાસિક મૂળ તેમ જ સમતાપૂર્ણ વિકાસ માટે મહિલા સશક્તિકરણની જરૂરિયાતને લગતી વિભાવનાઓ અંગે સમજ વધારવાના આશયથી તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકામાં મહિલા મંડળની ચર્ચામાં ભાગ લેતાં તમામ પાત્રો કાલ્પનિક છે અને કોઈ પણ જીવંત કે ઐતિહાસિક પાત્ર સાથે તેમની સમાનતા આકસ્મિક છે. કોઈ પ્રસંગે ઐતિહાસિક કે તાજેતરમાં બનેલા બનાવો સાથે તેમના અનુભવોને સાંકળ્યા હોય તો તે માત્ર મુદ્દાઓ તેમ જ વિભાવનાઓને સ્પષ્ટ કરવાના આશયથી જ કરવામાં આવ્યો છે. આ પુસ્તિકાનો ઉપયોગ કરનાર વ્યક્તિ આ સાહિત્યનો ઉપયોગ સમુદાયમાંથી મેળવેલી પોતાની હાલની જાણકારી સાથે ઉમેરીને તેમ જ વધારે માહિતીની જરૂર પડે તો વિશેષજ્ઞો પાસેથી તેમ જ સંદર્ભ સાહિત્યમાંથી મેળવીને તેની સાથે ઉપયોગ કરી શકે છે. આ કોઈ કાયદાકીય સાહિત્ય નથી અને આનો ઉપયોગ વ્યાપારી હેતુથી કરવો નહીં.*
*આ પુસ્તિકામાં પાનાં નં-૨૫ પર દર્શાવવામાં આવેલો નક્શો માપદંડ અનુસાર નથી.*

## પ્રવેશક - આવકાર

નારી આંદોલનના ઇતિહાસ અને વર્તમાનના પડકારો આલેખતી પુસ્તિકા-શ્રેણીને આવકાર આપતાં અત્યંત હર્ષ અનુભવું છું. પુસ્તિકાના પ્રકાશનમાં વિકાસ માટેના શિક્ષણ માટે જાણીતી સંસ્થા 'ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન' અને 'સહિયર' (સ્ત્રી સંગઠન)નો આ સહિયારો પ્રયાસ પ્રશંસનીય છે.

તૃપ્તિ શાહ ગુજરાતમાં તેમ જ ગુજરાત બહાર પીડિત વર્ગોના આંદોલન ક્ષેત્રે સક્રિય કડખેડ કાર્યકર્તાના રૂપમાં જરા પણ અજાણ્યાં નથી, બલકે, એક ઈનસાઈડરના રૂપે મહિલા-આંદોલનનું આલેખન તૃપ્તિ શાહ દ્વારા થયું છે, તેની સવિશેષ નોંધ લેવી મને જરૂરી લાગે છે.

ભારતમાં નારી-આંદોલનના ઇતિહાસનાં આલેખનો સ્ત્રી અભ્યાસમાં મહત્ત્વના અંશ રૂપે થયાં છે. ઉપરાંત, નારી-જૂથોની વિવિધ મુદ્દાઓ ઉપર લડત અને અનેકવિધ સ્વરૂપે પ્રતિક્રિયાનાં આલેખનો પણ ઉપલબ્ધ છે. અભ્યાસીઓએ પશ્ચિમના નારી આંદોલનની પ્રક્રિયાની ભારતીય નારી આંદોલન સાથે તુલના પણ કરી છે. આમ છતાં પ્રસ્તુત પુસ્તિકા-શ્રેણીની સવિશેષ ઉપયુક્તતાનો ટૂંકમાં નિર્દેશ કરું છું.

સમાજ-પરિવર્તન માટે તેમ જ નારી-સમાનતા અને સ્વતંત્રતા માટે મથતા તમામ મૂળસોતા કાર્યકર્તાઓ તેમ જ અભ્યાસીઓ માટે સ્ત્રીઓના ઊતરતા સ્થાન, પિતૃસત્તાનું માળખું તેમ જ મૂલ્યવ્યવસ્થા અને સ્ત્રીમુક્તિ માટેના પડકારો ઝીલતા પ્રયાસો સમજવા અત્યંત આવશ્યક છે. નારીઆંદોલનમાં માત્ર શૌર્ય, ઉત્સાહ કે શહાદત પૂરતાં નથી. નારીઆંદોલન માત્ર કોઈ મુદ્દા ઉપર આધારિત પડકાર નથી, બલકે, સમગ્ર પિતૃસત્તાક વ્યવસ્થા તેમ જ સામાજિક - આર્થિક માળખાને પડકારે છે. ઉપરાંત, નારીનું દમન - શોષણ - ઉપેક્ષા કોઈ એક વિશિષ્ટ પ્રસંગે કે વિશિષ્ટ માળખા દ્વારા નથી થતાં પરંતુ સમાજનાં મૂળમાં રહેલાં છે, અને સર્વતોમુખી છે. આથી આ પકડને સમજવી તેમ જ પડકારવી આવશ્યક બને છે.

સાંપ્રત સમાજમાં વિવિધ ક્ષેત્રે - સુસ્વાસ્થ્ય - પર્યાવરણ રક્ષણ - માનવ હક્કની રક્ષા - દલિત, પીડિત વર્ગોની સમસ્યાઓ વગેરે મુદ્દાઓનાં કાર્યોમાં સ્થાપિત વર્ગ વિરુદ્ધ અનેક બિન-સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓ ખૂંપેલા છે. પ્રત્યેક સ્તરે લડત અને પડકાર અનિવાર્ય હોય છે. આ સંદર્ભમાં અન્ય કાર્યકર્તાઓને પણ નારી-આંદોલનનાં વિવિધ સ્વરૂપો, અનેકવિધ રણનીતિઓ તેમ જ તેમાં સંકળાયેલ વારાખેરાની જાણ આવશ્યક છે. મારું માનવું છે કે આ પુસ્તક-શ્રેણી અન્ય મૂળસોતા કાર્યકરોને પણ માર્ગદર્શક બનશે. કોઈ પણ મુદ્દાને કે પ્રસંગને અનુરૂપ પ્રતિકાર સમયે તાત્કાલિક સમજણ આવશ્યક છે, પરંતુ મૂળસોતા કાર્યકરો જ્યારે સમાજને પાયામાંથી બદલવાની કોશિશ કરતા હોય ત્યારે તેની વિવિધ આંટીઘૂંટીઓ સમજવાની અત્યંત આવશ્યકતા છે. ઉપરાંત, આવા કોઈ પણ પ્રતિકાર સાથે અનિવાર્ય રીતે સંકળાયેલ હતાશા-નિરાશા-પીછેહઠને સમજવામાં ઉપયોગી બને છે.

કોઈ પણ આંદોલનના આલેખનમાં પૂર્વભૂમિકાનું મહત્ત્વ છે. ઉપરાંત, કેટલીક મૂળભૂત વિભાવનાઓ સમજવી જરૂરી બને છે. વળી, આ વિભાવનાઓનું સમાજનાં માળખાં તેમ જ મૂલ્યવ્યવસ્થા સાથે જોડાણ અંગેની સ્પષ્ટતા આંદોલનના વિવિધ આવિર્ભાવો અંગે સૂચન કરી શકે. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાના ભૂતકાળની સમજણ વર્તમાનને ઓળખવા માટે અત્યંત આવશ્યક છે. ભારતીય સમાજનો ઇતિહાસ સૈકાઓ પુરાણો છે. ભારતીય સમાજ સમરૂપ નથી પરંતુ ભાતીગળ છે. જ્ઞાતિ, વર્ગ, ભાષા, જાતિ, લિંગ એવાં વિવિધ સ્તરે વહેંચાયેલો છે. વૈશ્વિક સ્તરના સંદર્ભમાં ભારતીય આંદોલનની સમજણ ઘટનાઓની સમાનતા અને વૈવિધ્યનો પરિચય કરાવે છે. વિશેષતઃ કાર્યકર્તાઓમાં આવશ્યક એવી વિશાળ દૃષ્ટિ આપી શકે.

ટૂંકમાં, પ્રસ્તુત પુસ્તક-શ્રેણી નારી-આંદોલનની ઐતિહાસિક, પાર્શ્વભૂમિ, આંતરરાષ્ટ્રીય ફલક, વર્તમાન આંદોલન ક્ષેત્રે મુદ્દાઓ તેમ જ પડકારો સમજવા માટે સક્રિય કાર્યકર્તાઓને તેમ જ અભ્યાસુઓને ઉપયોગી થશે એવી મારી ધારણા છે. ઉપરાંત, પુસ્તક-શ્રેણીમાં સરળ ભાષા, લોકગીતો, વ્યક્તિચિત્રો વગેરેનો ઉપયોગ મૂળસોતા કાર્યકરો ને છેવાડાની બહેનોને આંદોલનની આવશ્યકતાઓ સમજવામાં સહાયરૂપ થઈ શકશે.

સ્વાતંત્ર્યની ચળવળ દરમ્યાન તેમ જ સામ્યવાદી આંદોલનના સમય દરમ્યાન કાર્યકર્તાઓની સજ્જતારૂપે અભ્યાસ જૂથો (સ્ટડી સર્કલ)ની મહત્તા સમજાઈ હતી. આથી જ કાર્યકર્તાઓમાં માંહોમાંહે આંદોલનના વિવિધ તબક્કાઓ તેમ જ મુદ્દાઓ અંગે વ્યવસ્થિત સુપેરે વિશ્લેષણ કરતો માહોલ હતો. તેને ફરીથી સજીવ કરવાની આવશ્યકતા જણાય છે. તેના સંદર્ભમાં પ્રસ્તુત પુસ્તિકા-શ્રેણી જેવા પ્રયોગો સહાયભૂત થઈ શકે.

ફરીથી ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠનને તેમ જ તૃપ્તિ શાહને અને ‘સહિયર’ને આ સાહસ ખેડવા માટે અભિનંદન.

**નીરા દેસાઈ**

જાન્યુઆરી-૨૦૦૯

## અર્પણ

આ પુસ્તિકા-શ્રેણીની પ્રસ્તાવના લખતી વખતે મુ. નીરાબહેન કેન્સર સામે ઝઝૂમી રહ્યાં હતાં. શ્રેણીનું પ્રથમ પુસ્તક તેમના હાથમાં મૂકતાં અમે આનંદની લાગણી અનુભવી હતી. કમનસીબે ત્યારબાદનાં પુસ્તકો પ્રકાશિત થાય તે પહેલાં તા. ૨૫ જૂન ૨૦૦૯ની રાત્રે નીરાબહેને આપણી વચ્ચેથી વિદાય લીધી. નારી આંદોલન અને નારી અભ્યાસના સહપંથીઓએ હૂંફના મહત્ત્વના સ્રોત અને સંકટ સમયના સાથી ગુમાવ્યાની લાગણી અનુભવી.

ડૉ. નીરા દેસાઈ ભારતમાં નારી અભ્યાસ અને સંશોધનનો પાયો નાંખનારાઓમાંનાં એક હતાં. જ્યારે સ્ત્રીઓના પ્રશ્નો અંગે ભાગ્યે જ કોઈ સંશોધનો થતાં હતાં ત્યારે ૧૯૫૭માં તેમણે ‘ભારતીય સમાજમાં સ્ત્રી જીવન’ નામે સંશોધન પુસ્તક લખ્યું. તેઓ ભારતના પ્રથમ નારી અભ્યાસ કેન્દ્ર, એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈનાં સ્થાપક ડાયરેક્ટર હતાં. સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો અને નારી આંદોલન ઉપર અનેક મહત્ત્વનાં સંશોધનો અને લખાણો ગુજરાતી તેમ જ અંગ્રેજીમાં પ્રકાશિત કર્યાં છે. ડૉ. નીરા દેસાઈની વિશેષતા એ છે કે તેઓ માત્ર અભ્યાસુ જ નહીં પરંતુ ભારતના નારી આંદોલનની શરૂઆતથી જ તેની સાથે સંકળાયેલાં સક્રિય ટેકેદાર રહ્યાં હતાં.

આજે જ્યારે નારી આંદોલન સહિત તમામ પ્રગતિશીલ આંદોલનો આજની વિકટ અને સંકુલ પરિસ્થિતિનો તાગ પામવા મથી રહ્યાં છે ત્યારે નીરાબહેનની વિદાય અમારા જેવાં અનેકને વ્યક્તિગત તેમજ સંગઠન કક્ષાએ ખરેખર ન પૂરી શકાય તેવી ખોટનો અનુભવ કરાવે છે. જાણે કે એક યુગનો અંત!

આ શ્રેણીનાં બાકીનાં પુસ્તકો નીરાબહેનને અર્પણ કરીને અમુક અંશે તેમનું ઋણ સ્વીકારવાની કોશિશ કરીએ છીએ.

**તૃપ્તિ શાહ** **દીપા સોનપાલ**

## અનુક્રમણિકા

નારી આંદોલનનો ઇતિહાસ

**ભાગ ૨**


| | |
|---|---|
| ઋણ સ્વીકાર | ૮ |
| પૂર્વભૂમિકા અને પરિચય | ૯ |
| પુસ્તિકા શ્રેણીનો ઉપયોગ | ૧૬ |
| **દેશ-વિદેશના સીમાડાથી ઉપર છે, વિચારનું વિશ્વ...** | **૨૦** |
| **ઈંગ્લેન્ડમાં મતના અધિકાર માટે સ્ત્રીઓનો સંઘર્ષ** | **૩૪** |
| **ફ્રાંસની ક્રાંતિ અને નવપ્રકાશનો યુગ** | **૪૨** |
| **ફ્રાંસની ક્રાંતિ અને સ્ત્રીઓનો સંઘર્ષ** | **૫૦** |
| **સંઘર્ષ જારી છે...** | **૫૮** |
| **અમેરિકામાં સ્ત્રીઓના અધિકાર અને ગુલામોની મુક્તિ માટેની લડત** | **૬૬** |
| **૮ માર્ચ, આંતર્રાષ્ટ્રીય મહિલા દિનનો ઇતિહાસ** | **૭૬** |
| **રશિયન ક્રાંતિની શરૂઆત<br>"અમને રોટી જોઈએ, યુદ્ધ કે આપખુદશાહી નહીં"** | **૮૬** |
| **આપણો ઇતિહાસ - આપણા સંઘર્ષો** | **૯૮** |
| વધુ વાંચન માટેનાં પુસ્તકોની યાદી | **૧૦૮** |

# ઋણ સ્વીકાર

અમે હૃદયપૂર્વક આભારી છીએ, ઉન્નતિના સ્થાપક ડાયરેક્ટર શ્રી બિનોય આચાર્ય કે જેમણે નારી આંદોલનના ઇતિહાસની પુસ્તિકાઓ પાયાના કાર્યકરો માટે તૈયાર કરવાનું સૌ પ્રથમ સૂચન કર્યું અને તે માટે સતત તમામ પ્રકારનું પ્રોત્સાહન પૂરું પાડ્યું.

પુસ્તિકાઓ તૈયાર કરવામાં ઉન્નતિ તેમ જ સહિયરના સાથીઓનો સહકાર, ઝેરોક્ષ કરવાથી માંડીને, પોસ્ટ કરવું, સંદર્ભ સાહિત્ય શોધી કાઢવું, ચા-નાસ્તો તૈયાર કરવામાં એમ તમામ પ્રકારનાં નાનાં-મોટાં કામો માટે સહકાર મળ્યો છે, જેમાં ઉન્નતિના કમલેશભાઈ રાઠોડ, લક્ષ્મણસિંહ બી. રાઠોડ, લક્ષ્મણસિંહ એસ. રાઠોડ, ભવાનસિંહ એસ. રાઠોડ, સરદારસિંહ રાઠોડ, કરણસિંહ રાઠોડ, રેનીસન એફ. રીબેલો અને બીનુ જ્યોર્જ તથા સહિયરમાંથી કમલ ઠાકરનો સમાવેશ થાય છે.

એકાઉન્ટ ટીમનાં પ્રેયષ મેવાડા અને બીપીન ત્રિપાઠીએ હિસાબો તેમ જ નાણાંકીય પાસાનું ધ્યાન રાખ્યું છે.

થાક્યા વગર વારંવાર સુધારા-વધારાઓ ટાઈપ કરવા માટે ઉન્નતિના રમેશ પટેલ, હિતેશ ગોળકિયા અને સહિયરનાં રેશ્મા વોરાની મદદ મળી છે અને ભાષાકીય સુધારા-વધારા માટે શેરબાનુ મન્સૂરીના આભારી છીએ.

એક પછી એક કાચા ખરડાઓ વાંચીને સુધારા-વધારા અંગેનાં સૂચનો કરવાનું અને 'આ ખરેખર ઉપયોગી લખાણ છે' એમ ખાતરી આપી કામ જલદી પૂરું કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવા માટે સહિયરનાં રેશ્મા વોરા, કમલ ઠાકર, સુનંદા તાયડે, રીના જગતાપ, હેતલ પરમાર, રીટા ચોક્સી, સૂર્યકાંતા શાહ, દીપાલી ઘેલાણી, પ્રિયા સંકપાળ, પ્રિતલ ઠાકર, રાધા બાબી, સાજેદા શેખ વગેરેના આભારી છીએ.

અંતમાં, પુસ્તિકા માત્ર વિચાર સ્વરૂપે હતી ત્યારથી તેનો પ્રથમ ખરડો તૈયાર થયો ત્યાર સુધી અમને સતત નૈતિક ટેકો અને ટીકાત્મક સૂચનો, માર્ગદર્શન, સાહિત્ય અને સંદર્ભ પૂરા પાડવા બદલ નારી અભ્યાસ અને આંદોલનના અગ્રણી સાથીઓ એવાં નીરાબહેન દેસાઈ, વિભૂતિબહેન પટેલ, સોનલબહેન શુક્લ, ઉષાબહેન ઠક્કર, સોફિયા ખાન, રોહિત પ્રજાપતિ, ફાધર જીમી ડાભી, હસીના ખાન તથા સંધ્યા ગોખલેના હૃદયપૂર્વક આભારી છીએ. આ સૌના યોગદાન વગર આ સ્તરની શ્રેણીનું સર્જન કરવું શક્ય જ ન હતું.

# પૂર્વભૂમિકા અને પરિચય

**આ શ્રેણી શા માટે?**

માનવતા અને સમાનતા પર આધારિત ન્યાયી સમાજના સર્જનની મથામણમાં જો અડધી માનવજાતનું દૃષ્ટિબિંદુ સામેલ ન હોય તો 'નવી દુનિયા'નું, 'બહેતર દુનિયા'નું ચિત્ર અધૂરું જ રહે. છેલ્લા દાયકામાં આ વાતને વધારે ને વધારે સ્વીકૃતિ મળતી ગઈ છે અને માટે જ જુદાં જુદાં ક્ષેત્રોમાં વિકાસ તેમ જ સમાજ પરિવર્તન માટે કામ કરતી સંસ્થાઓ, સંગઠનો અને લોક-આંદોલનોના કાર્યક્રમોમાં સ્ત્રીઓની ભાગીદારી, મહિલા વિકાસ, જેન્ડર, મહિલા સશક્તિકરણ જેવી વિભાવનાઓ પ્રચલિત બનતી ગઈ છે.

સવાલ એ છે કે આ તબક્કે જ સ્ત્રીઓના પ્રશ્નો શા માટે પ્રચલિત બન્યા? શું આ નવા જ ઊભા થયેલા પ્રશ્નો છે કે તેનો કોઈ ઇતિહાસ પણ છે? અને જો ઇતિહાસ છે તો તેને જાણવાની ને સમજવાની જરૂર ખરી?

'ઇતિહાસ' શબ્દ સાંભળીને સામાન્ય રીતે રાજા-મહારાજાઓનાં સામ્રાજ્યો, અધિકારીઓ, યૌદ્ધાઓ, નેતાઓનાં પરાક્રમોની સાલવારીનું ચિત્ર જ મનમાં આવે છે, કારણ કે આપણી શાળાઓમાં આવો જ ઇતિહાસ આપણને શીખવવામાં આવે છે. તેથી ઇતિહાસ જાણવાની કોઈ જિજ્ઞાસા સામાન્ય માનવીના મનમાં રહેતી નથી. પરંતુ ઇતિહાસ લેખનનો એક મહત્ત્વનો પ્રકાર સામાજિક ઇતિહાસ છે. તેમાં રાજા-મહારાજાઓની નહીં પરંતુ સમાજના જુદા જુદા વર્ગોનાં જીવન, કામ અને સમાજ બદલવાના પ્રયત્નો વગેરેની વાતો પણ હોય છે. આપણી આજ (વર્તમાન)ના પાયા આપણા ઇતિહાસમાં ખૂંપેલા છે. જો ઇતિહાસને સમજીશું તો જ આવતી કાલના સર્જન માટે અસરકારક કામ કરી શકીશું. જો કે, આવો સામાજિક ઇતિહાસ પણ જો માત્ર His Story (તેની - પુરુષની વાત) બનીને રહી જાય અને તેમાંથી Her Story (તેણીની - સ્ત્રીની વાત) અદૃશ્ય રહે તો ઇતિહાસ અધૂરો છે. માટે જ વિકાસ કે સમાજ-પરિવર્તનના કામમાં સંકળાયેલા તમામ કાર્યકરો માટે નારી આંદોલનનો ઇતિહાસ જાણવો, સમજવો જરૂરી બને છે.

નારી આંદોલનનો ઇતિહાસ એટલે માત્ર સ્ત્રીઓનો ઇતિહાસ એવું નથી. કારણ કે નારી-આંદોલન સમાજ-પરિવર્તનના આંદોલન સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. જ્યારે જ્યારે પણ સમાજમાં મોટી ઘટનાઓ બને છે, ઊથલપાથલો થાય છે ત્યારે તેમાં સ્ત્રીઓની આગવી ભૂમિકા રહેલી હોય છે.

વિશ્વની તમામ મહાન ક્રાંતિઓ અને પરિવર્તનોમાં સ્ત્રીઓની શું ભૂમિકા હતી, શું યોગદાન હતું અને તેના પરિણામે સ્ત્રીઓ શું મેળવી શકી અને શું ના મેળવી શકી તેનો બોધપાઠ આપણી આગામી રણનીતિ નક્કી કરવામાં ઉપયોગી થશે.

**આજના પડકાર અને ઇતિહાસ**

૬૦ના દાયકામાં પશ્ચિમના દેશોમાં શરૂ થયેલા નારીવાદી આંદોલનની સાથે સાથે નારી અભ્યાસનો પણ વિકાસ થયો અને સ્ત્રીઓની પરિસ્થિતિને સમજવા માટેના સિદ્ધાંતોનો પણ વિકાસ થયો. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાના તાણાવાણા ઉકેલવાની શરૂઆત થઈ. કુદરતદત્ત લિંગ (Sex)ની સામે સ્ત્રી-પુરુષની સમાજપ્રેરિત વ્યાખ્યા, જેન્ડર (Gender)ની સંકલ્પના વિકસી અને આ બધાની અસર યુનાઈટેડ નેશન્સ સહિતની તમામ આંતર્રાષ્ટ્રીય સંસ્થાઓ પર પડી. તેમના વિકાસ કાર્યક્રમો અને નીતિઓમાં વિશ્વભરમાં પ્રસરી રહેલા નારી આંદોલનના પડઘા ન પડે તે શક્ય જ ન હતું. મેક્સિકો, નૈરોબી અને ત્યાર બાદ બૈજિંગ ખાતે થયેલ યુનોની આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદો પછી આજે મુખ્ય પ્રવાહમાં જેન્ડરની સામેલગીરી 'જેન્ડર મેઈન્સ્ટ્રીમીંગ'ની વાતો દુનિયાની સરકારો અને બિન-સરકારી સંસ્થાઓ સ્વીકારવા માંડી છે.

તેની શરૂઆત ૧૯૭૦માં ઈસ્ટર બોસરપની ડબલ્યુ.આઈ.ડી. (વિકાસમાં સ્ત્રીઓ)ના નામે પ્રચલિત દૃષ્ટિકોણ દ્વારા થઈ. તેણે સ્ત્રીઓના આર્થિક સહભાગને મુદ્દો બનાવી વિકાસના કાર્યક્રમોમાં સ્ત્રી કઈ રીતે બહાર રહી જાય છે તેની વાત કરી અને સ્ત્રીને વિકાસની પ્રક્રિયામાં સાંકળવાની હિમાયતની શરૂઆત કરી. ત્યાર બાદ ડબલ્યુ.એ.ડી. (વિકાસ અને સ્ત્રીઓ) અને જી.એ.ડી. (જેન્ડર અને વિકાસ) તરીકે પ્રચલિત બનેલાં દૃષ્ટિકોણો દ્વારા વિકાસની કહેવાતી મુખ્ય ધારા અને તેની સ્ત્રીઓના સ્થાન પર થતી અસરો તેમ જ સમાજનાં તમામ માળખાંઓનું સ્ત્રી-પુરુષ વચ્ચેના સત્તાના સંબંધોના સંદર્ભમાં સ્ત્રીઓના ઊતરતા સ્થાનનું વિશ્લેષણ કરી તેમાં મૂળભૂત પરિવર્તનની જરૂરિયાત અંગે વાત કરવાની શરૂઆત થઈ. તેના પરિણામરૂપે આજે વિકાસ તેમ જ સમાજ-પરિવર્તનનાં તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓની પરિસ્થિતિ (કન્ડિશન) અને સ્ત્રીઓનું સ્થાન (પોઝિશન) અંગેના પ્રશ્નો સામેલ થવા માંડ્યા છે.

ભારતની વાત કરીએ તો ૭૦ના દાયકામાં કેટલાંક નાનાં નાનાં સ્વાયત્ત જૂથોએ બળાત્કાર, દહેજ, સ્ત્રીઓ પરની હિંસા, કૌટુમ્બિક કાયદાઓ જેવા મુદ્દાઓથી માંડીને સમાજના બહોળા સમૂહને સ્પર્શતા તમામ મુદ્દાઓમાં સામેલગીરી નોંધાવી ત્યારથી શરૂ કરી આજ સુધીનાં વર્ષો દરમ્યાન નારી

આંદોલનોનો વ્યાપ અને અસર વધ્યાં છે. તેમાં જુદા જુદા વર્ગ, જ્ઞાતિ, ધર્મ, યૌનિક અભિરુચિ, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને ભાષાની પૃષ્ઠભૂમિ ધરાવતા કાર્યકરો અને વિવિધ પ્રકારનાં માળખાં ધરાવતા મહિલાસમૂહો, બચત-જૂથો, લોક-સંગઠનો વગેરે સહભાગી બન્યાં છે. ભારતનાં અને દુનિયાનાં નારી આંદોલનોના સતત પ્રયત્નોને પરિણામે એવું વાતાવરણ ઊભું થયું છે કે જેમાં કોઈ પણ રાજકીય પક્ષ, સરકારો, ફંડિંગ એજન્સીઓ, વિકાસનાં કામ કરતાં બિન-સરકારી સંગઠનો કે જન-આંદોલનો માટે સ્ત્રીઓના મુદ્દાઓને બાજુ પર રાખવાનું અશક્ય બની ગયું છે. આને વિશ્વનાં અને ભારતનાં નારી આંદોલનોની એક સફળતા કહી શકાય.

તો બીજી બાજુ સમાજના પુરુષપ્રધાન પિતૃસત્તાક માળખાની સાથે વૈશ્વિકીકરણ, ઉદારીકરણ, ધર્માંધતા, કોમવાદ અને જ્ઞાતિવાદ જેવા પ્રશ્નોના તાણાવાણા એટલા બધા મજબૂત રીતે ગૂંથાતા જાય છે કે જેને કારણે સ્ત્રીઓના પ્રશ્નોની જટિલતા પણ વધી ગઈ છે.

એક બાજુ પુરુષોની જાગીર મનાતા વ્યવસાયો કે વિદ્યાશાખાઓમાં સફળતાનાં સોપાનો સર કરતી સ્ત્રીઓના સબળ વ્યક્તિત્વની તસ્વીરો જોવા મળે છે તો બીજી બાજુ દીકરીઓની ઘટતી જતી સંખ્યા, દહેજ અને સતી જેવા પ્રશ્નો નવા સ્વરૂપે માથું ઊંચકી રહ્યા છે. તેથી સ્ત્રીઓના અસ્તિત્વ પર જ ખતરો મંડરાતો લાગે છે.

સમલિંગી સંબંધો કે અલગ પ્રકારની જાતીયતા ધરાવતા લોકોની તેમ જ વેશ્યા વ્યવસાયમાં રોકાયેલી સ્ત્રીઓનાં સંગઠનો દ્વારા આ પ્રતિબંધિત મનાતા વિષયોની જાહેર ચર્ચા અને વિરોધ પ્રદર્શનોને સ્વીકૃતિ મળતી દેખાય છે, તો સાથે સાથે યુગો જૂની કૌટુમ્બિક હિંસાના પ્રકાર અને પ્રમાણ વધતાં લાગે છે.

વિકાસ નીતિના પરિણામે સમાજનાં સીમાન્ત જૂથો અને સ્ત્રીઓ વધારે ને વધારે હાંસિયામાં ધકેલાઈ રહ્યાં છે. તેની સામે આદિવાસી, દલિત, દરિયાકાંઠાના સમુદાયો, લઘુમતીઓ વગેરે પોતાના જીવનનિર્વાહ, કુદરતી સંસાધનો પર અંકુશ, હિંસા અને માળખાના મુદ્દાઓને લઈને સતત ઝુંબેશ ચલાવી રહ્યા છે. જેમ જેમ સમાજનાં સીમાન્ત જૂથોની લડતો આગળ વધતી ગઈ છે તેમ તેમ તેમાં સ્ત્રીઓની માત્ર સામેલગીરી જ નહીં, નેતાગીરી પણ આગળ વધતી જોવા મળે છે. પોતાના કાર્યક્ષેત્રમાં સફળ સંઘર્ષનાં અનેક ઉદાહરણોની પ્રેરણાદાયી વાતો બહાર આવતી જાય છે. તો ક્યારેક વૈશ્વિકીકરણ, ધર્માંધતા, કોમવાદ, જ્ઞાતિવાદના તાણાવાણાથી

રસાયેલી પિતૃસત્તા સામેના સંઘર્ષમાં બે ડગલાં આગળ ને ચાર ડગલાં પાછળ જેવી પરિસ્થિતિનો અનુભવ થાય છે. તેના પ્રતિબિંબરૂપે તાલીમ કાર્યક્રમો, સંકલનોની મિટિંગો અને પાયાના કાર્યકરો સાથેના સંવાદમાં, 'હવે પછી શું?' કે 'આગળ કઈ રીતે વધવું?' જેવા પ્રશ્નો વારંવાર ઉદ્ભવે છે.

આ તબક્કે અનેક કાર્યકરોનો અનુભવ દર્શાવે છે કે માથું ઊંચકી રહેલા કેટલાય સવાલોની જટિલતા સમજવાની એંધાણી આપણા સંઘર્ષના ઇતિહાસમાંથી મળી શકે તેમ છે. તો સાથે સાથે પ્રેરણા મળે તેવાં પાત્રો અને ઘટનાઓની પણ ખોટ નથી. સફળતા ઝાંઝવાનાં જળ જેવી લાગતી હોય ત્યારે નિરાશાથી બચવાનો રસ્તો અને પ્રશ્નો સામે ટક્કર ઝીલવાનો આત્મવિશ્વાસ ઇતિહાસના અભ્યાસથી જન્મે છે. ઉપરાંત સમાજની દશા અને સમાજ પરિવર્તનની દિશા સમજવાની સૈદ્ધાંતિક સ્પષ્ટતા કેળવાય છે. 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન' તેમ જ 'સહિયર' (સ્ત્રી સંગઠન) સાથે મળી આ પુસ્તિકા શ્રેણીનું પ્રકાશન પાયાના કાર્યકરોને આ ભાથું સરળ ભાષામાં પૂરું પડે તે આશયથી કરી રહ્યાં છે.

**વિચારબીજ અને પ્રક્રિયા**

આ સંયુક્ત પ્રકાશનનું વિચારબીજ ૨૦૦૪માં રોપાયું હતું. જેન્ડર સેન્સિટાઈઝેશનના આશયથી થતા ઘણા બધા તાલીમ કાર્યક્રમોમાં નારી આંદોલનના ઇતિહાસનો વિષય ભાગ્યે જ દેખાય છે. આવા માહોલમાં ૨૦૦૪માં અમદાવાદ ખાતે યોજાયેલ જેન્ડર મેઈનસ્ટ્રીમિંગ માટેની તાલીમ આપનારાઓની તાલીમ ટી.ઓ.ટી. (TOT) માટેના કાર્યક્રમમાં 'ઉન્નતિ'ના સ્થાપક ડાયરેક્ટર શ્રી બિનોય આચાર્યના આગ્રહથી એક સેશન નારી આંદોલન અંગે રાખવામાં આવ્યું હતું. 'સહિયર'નાં તૃપ્તિ શાહ દ્વારા વિષયની રજૂઆત કરવામાં આવી ત્યારે આ વિષય પરના તાલીમાર્થીઓ માટે ઉપયોગી થાય તેવા સાહિત્યની જરૂરિયાત મહેસૂસ થઈ. ફેબ્રુઆરી ૨૦૦૭માં ગુજરાતનાં વિવિધ સંગઠનોના પાયાના કાર્યકરો વચ્ચે ગુજરાતના નારી આંદોલનના 'ક્ષેત્રીય અનુભવો, નારીવાદી વિચારધારા અને આગામી રણનીતિઓ' અંગે યોજાયેલ પરિસંવાદ દરમ્યાન પણ આવા સાહિત્યની જરૂરિયાત વર્તાઈ હતી. નારી આંદોલનનો ઇતિહાસ દર્શાવતાં અભ્યાસપૂર્ણ પુસ્તકો અંગ્રેજી ભાષામાં લખાયાં છે અને સ્થાનિક ભાષાઓમાં પણ આ પહેલાં કેટલાંક મહત્ત્વનાં પ્રકાશનો થયાં છે. પરંતુ પાયાના કાર્યકરો સમજી શકે અને બીજાને સમજાવવામાં ઉપયોગ કરી શકે તેવા સાહિત્યની ખોટ સતત વર્તાતી હતી. પરંતુ અન્ય કામોના દબાણને કારણે તે કામ હાથ પર લઈ શકાતું નહોતું.

જૂન ૨૦૦૭માં ફરી એક વાર 'ઉન્નતિ' તરફથી પહેલ કરવામાં આવી અને દીપા સોનપાલ, ગીતા શર્મા તેમ જ તૃપ્તિ શાહે આ દિશામાં તાત્કાલિક નક્કર પગલાં ભરવા અંગે ચર્ચા કરી. શરૂઆતમાં ૭૦થી ૮૦ પાનાંની એક સચિત્ર પુસ્તિકા તૈયાર કરવાનો ખ્યાલ હતો પણ જેમ જેમ પુસ્તિકામાં શેનો સમાવેશ કરવો તેનો વિચાર કરતા ગયા અને અન્ય મિત્રો, મુરબ્બીઓ સાથે ચર્ચા કરતા ગયા તેમ તેમ કાળ અને સ્થળનો વ્યાપ, મુદ્દાઓ, વિગતો, વિશ્લેષણ વગેરે તમામ ઉમેરવું જરૂરી લાગ્યું. એકાદ બે મહિનામાં પૂરી કરવા ધારેલી પુસ્તિકા તૃપ્તિ શાહની નાદુરસ્ત તબિયત અને અનેક રોજિંદાં કામોની વચ્ચે એક વર્ષ કરતાં પણ વધારે સમયમાં ટુકડે ટુકડે લખાઈ. આ દરમ્યાન 'ઉન્નતિ'ના તમામ મિત્રોની ધીરજની રીતસરની કસોટી થઈ. પરંતુ સૌના ધીરજપૂર્વકના આગ્રહ અને સતત સહયોગના કારણે આખરે આ કામ પૂરું કરી શક્યા છીએ. આજે આ નાનકડી પુસ્તિકાનો વ્યાપ વધતાં વધતાં ચાર અલગ અલગ પુસ્તિકાની શ્રેણીમાં પરિણમ્યો છે.

**વિષય વસ્તુ અને રજૂઆત**

પ્રથમ ભાગ, **'સ્ત્રી જીવન સંઘર્ષ : પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ'**માં જેન્ડર, પિતૃસત્તા જેવી નારીવાદી વિભાવનાઓ ઉપરાંત પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ સુધીના સમયનો સમાવેશ કર્યો છે. તેમાં ભારતની પિતૃસત્તાનું માળખું કઈ રીતે ઘડાતું ગયું તેની વાત છે. જ્ઞાતિપ્રથા તેમ જ પિતૃસત્તાના તાણાવાણા દ્વારા ઊભી થયેલ બ્રાહ્મણીય પિતૃસત્તાની આછી રૂપરેખા આપેલી છે. હિંદુ ધર્મના બ્રાહ્મણવાદ સામેના પડકાર રૂપે શરૂ થયેલ બૌદ્ધ ધર્મ તેમ જ ભક્તિ ચળવળની વાત અને તેમાં સ્ત્રીઓની ભૂમિકાનો ઉલ્લેખ કરેલો છે. આ સમયે ભારતમાં પ્રસરી રહેલા ઇસ્લામની વાત પણ કરી છે. ઇસ્લામની પહેલાં અરબસ્તાનમાં પ્રચલિત ધર્મની સરખામણીમાં ઇસ્લામમાં રહેલાં વધુ ઉદારમતવાદી પાસાંઓ આજે વ્યવહારમાં દેખાતાં નથી. આમ પિતૃસત્તા સામેના આ તમામ પ્રયત્નો પોતાના સ્થળ, કાળ અને જે તે સમયની આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિથી ઘડાયા હતા અને તેથી મર્યાદિત હતા તેની વાત કરી છે.

બીજા ભાગ, **'સ્ત્રી સમાનતા અને મતાધિકારઃ વિશ્વમાં નારી આંદોલન'**માં ૧૯મી સદીમાં, સ્ત્રી સમાનતા અને મતાધિકાર માટે વિશ્વમાં થયેલ સંઘર્ષની વાત છે. 'દુનિયામાં કોઈ પણ મોટું પરિવર્તન સ્ત્રીઓના યોગદાન વગર શક્ય નથી બન્યું અને સ્ત્રી સમાનતાની લડતો પણ સમાજ પરિવર્તનના સંઘર્ષોની સાથે સાથે જ વિકસી છે' તેની છણાવટ આ ભાગમાં કરી છે. તેમાં પશ્ચિમના દેશોમાં સામંતવાદી વ્યવસ્થામાંથી મૂડીવાદી ઉત્પાદન પદ્ધતિ આવતાં સમાજ પરિવર્તનની લડતોની સાથે સાથે સ્ત્રીઓના અધિકારોની લડતો કઈ રીતે વિકસી તેની વાત ઈંગ્લેંડમાં

થયેલા ચાર્ટીસ્ટ આંદોલન, નવજાગૃતિકાળના વિચારકોનો સ્ત્રીઓ અંગેનો દૃષ્ટિકોણ, ફ્રાંસની ક્રાંતિ, અમેરિકાની ગુલામી મુક્તિની ચળવળ, આંતરરાષ્ટ્રિય મહિલાદિનનો ઇતિહાસ અને રશિયાની મૂડીવાદ વિરોધી ક્રાંતિમાં સ્ત્રીઓના યોગદાન અને આ બધાનો સ્ત્રીઓના અધિકારો માટેની ચળવળ સાથેના સંબંધનો સમાવેશ કર્યો છે.

ત્રીજા ભાગ, **'સામાજિક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓ'**માં ભારતની સામાજિક સુધારાની અને ત્યારબાદ સ્વતંત્રતાની ચળવળના સમયગાળાનો સમાવેશ કર્યો છે. અંગ્રેજી શાસન સામેના ૧૮૫૭ના બળવામાં સ્ત્રીઓ અને ખાસ કરીને દલિત, આદિવાસી સ્ત્રીઓની ભૂમિકા, સુધારાની ચળવળમાં સુધારકો, પુનરુત્થાનવાદીઓ, અંગ્રેજો અને દલિત બહુજનસમાજના સુધારકો અને સાવિત્રીબાઈ ફૂલે કે પંડિતા રમાબાઈ જેવી સ્ત્રીઓની ભૂમિકા, શિક્ષણ અને સમાનતા માટે રકમાબાઈ, રુકૈયા સખાવત હુસૈન જેવી સ્ત્રીઓનો સંઘર્ષ, ભારતમાં સ્ત્રી સંસ્થાઓની શરૂઆત અને આઝાદીની લડતમાં અહિંસક સત્યાગ્રહ, ક્રાંતિકારી જૂથો અને આઝાદ હિંદ ફોજ એમ તમામ મોરચે સ્ત્રીઓએ આપેલ યોગદાનનો ખ્યાલ કેટલીક પ્રતિનિધિ સ્ત્રીઓની જીવનકથા દ્વારા રજૂ કરેલ છે. આઝાદીની લડતમાં ભાગ લીધા બાદ સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓને શું મળ્યું અને શું ના મળ્યું તેનાં લેખાં-જોખાં કરેલ છે તેમજ ૬૦-૭૦ના દાયકામાં ઊભા થયેલા જનઆંદોલનની વાતનો સમાવેશ કરેલ છે.

ચોથા અને આખરી વિભાગ, **'નારી મુક્તિ આંદોલન પ્રશ્નો અને પડકારો'**માં સમકાલીન નારી આંદોલનની પૂર્વભૂમિકા, તેની શરૂઆતનો સમય અને તાજેતરના પ્રશ્નો અને પડકારોને સમાવવાની કોશિશ કરી છે.

અત્રે એ સ્પષ્ટતા કરવી રહે કે આ શ્રેણીમાં પ્રાચીન કાળથી આજ સુધીના સમગ્ર ઇતિહાસને તપાસવાનો કોઈ આશય નથી અને જે હેતુથી આ શ્રેણી તૈયાર કરવામાં આવી છે તે માટે તેમ કરવું જરૂરી પણ નથી. આ શ્રેણીનો હેતુ ઉપર જણાવેલ વિસ્તૃત સમય દરમ્યાન ભારત અને વિશ્વમાં પિતૃસત્તાક વ્યવસ્થાના બદલાતા જતા સ્વરૂપ સામે વિવિધ તબક્કે સ્ત્રીઓએ કરેલા વિરોધ અને સંઘર્ષનો ખ્યાલ પાયાના કાર્યકરો સુધી પહોંચાડવાનો છે.

આ આશયથી શ્રેણીના જુદા જુદા ભાગમાં રજૂઆતની પદ્ધતિ અને વિગતોના ઊંડાણમાં થોડી વિવિધતા પણ છે. જેમ કે શ્રેણીની પ્રથમ પુસ્તિકામાં ભાષા અને રજૂઆત શક્ય તેટલી વધારે સરળ રાખવાની

કોશિશ કરી છે. બીજા ભાગમાં વિશ્વના નારી આંદોલનની વાત કરતી વખતે તે સમયના યુરોપની આર્થિક અને રાજકીય વ્યવસ્થા વિશેની વિગતો પ્રમાણમાં વધારે ઊંડાણથી આપી છે. કારણ કે આજે આપણે જે લોકશાહી અને સાર્વત્રિક મતાધિકારને સહજ રીતે મૂડીવાદી સમાજની દેણ માનીએ છીએ તે મેળવવા માટે કઈ રીતે સીમાંત સમૂહો અને ખાસ કરીને સ્ત્રીઓને મૂડીવાદના શરૂઆતના તબક્કામાં ઝઝૂમવું પડ્યું અને બલિદાનો આપવાં પડ્યાં તે સમજવા માટે તે સમયની પરિસ્થિતિ જાણવી જરૂરી છે. ભારતના વાચકો તેનાથી અપરિચિત હશે તેવું લાગતાં તે વિગતો વધારે વિસ્તારપૂર્વક આપેલી છે. જ્યારે તે જ સમયના ભારતના ઇતિહાસની પ્રાથમિક વિગતોથી વાચકો પરિચિત હશે તેમ માની તેમાં વધારે ભાર સ્ત્રીઓની ભૂમિકા પર આપ્યો છે.

ઉપરના ત્રણે ભાગમાં જે તે સમયના સંઘર્ષ અને પ્રશ્નો કેટલીક સ્ત્રીઓના પ્રેરણાદાયક જીવનકાર્યના ચિત્રો દ્વારા આપવાની પદ્ધતિ અપનાવી છે. જ્યારે ચોથા ભાગમાં ૧૯૭૦ના દાયકા પછીના આંદોલનની વાત કરતી વખતે જે તે મુદ્દાની આસપાસ રજૂઆતને ગૂંથી છે. પ્રત્યેક મુદ્દામાં તે અંગેની નારીવાદી સમજ, તેની સામે થયેલ વિરોધના મહત્ત્વના બનાવો અને તેનું વિશ્લેષણ આપવાની કોશિશ કરી છે કે જેથી વાચક પોતાના સંગઠન કે કાર્યક્ષેત્રમાં બનતા બનાવોને આ મુદ્દાઓ સાથે સાંકળીને પગલાં લઈ શકે.

**મર્યાદા અને અપેક્ષા**

આ શ્રેણીમાં નારી આંદોલનના તમામ મહત્ત્વના મુદ્દાઓ અને બનાવોને સમાવવાની કોશિશ કરી છે. તેમ છતાં કેટલાક મુદ્દાઓ રહી ગયા હોય અથવા સ્થળસંકોચને કારણે ન લઈ શકાયા હોય કે તેમને પૂરતો ન્યાય ન આપી શકાયો હોય તે શક્ય છે. પ્રત્યેક પુસ્તિકામાં સ્ત્રી-પુરુષ સમાનતા ઉપરાંત પ્રભુત્વ ધરાવનાર વર્ગ, જ્ઞાતિ અને ધર્મથી ઉપર ઊઠીને તમામ સીમાન્ત ઓળખ ધરાવતાં જૂથોના દૃષ્ટિકોણ અને તેમના અનુભવોનાં ઉદાહરણો રજૂ કરવાની કોશિશ કરી છે. તે અંગેનાં લખાણો વિશે અન્ય જાણકારોની મદદ તેમ જ અભિપ્રાય લીધો છે પરંતુ તેમ છતાં તમામ સીમાન્ત સમૂહોના અનુભવો અંગે અમારી સમજ અને માહિતીની મર્યાદાને કારણે ત્રુટિ રહી ગઈ હોય તો તે તરફ ધ્યાન દોરવા વિનંતી. પુસ્તિકામાં સમાવેલાં મુદ્દાઓ, ભાષા, રજૂઆત અને નહીં સમાવેલા મુદ્દાઓ વિશે પણ આપનાં સૂચનો, પ્રતિભાવો આવકાર્ય છે.

**દીપા સોનપાલ**
ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન

**તૃપ્તિ શાહ**
સહિયર (સ્ત્રી સંગઠન)

## પુસ્તિકા શ્રેણીનો ઉપયોગ

આ પુસ્તિકા શ્રેણી સ્ત્રીઓના તેમ જ વિકાસના પ્રશ્નો અંગે કામ કરતા પાયાના કાર્યકરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. પાયાના કાર્યકરો માટે નારી આંદોલન અંગે પોતાની સમજ વિકસાવવા ઉપરાંત આ સમજને બહોળા સમુદાય સુધી લઈ જવા માટે મદદરૂપ થાય તેવા સાહિત્યની જરૂર પડે છે.

આ બંને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શક્ય તેટલી સરળ ભાષામાં આ પુસ્તિકાઓ તૈયાર કરવામાં આવી છે. પુસ્તિકાઓના લખાણ ઉપરાંત કેટલાક મુદ્દાઓ અંગે વધારાના વાચનનો તેમ જ સમાવેલા મુદ્દાઓ અંગે વધારે જાણકારી મળી શકે તેવાં પુસ્તકોની યાદીનો પણ સમાવેશ કર્યો છે.

પુસ્તિકાઓનો અભ્યાસ કર્યા બાદ કાર્યકરો પોતાના કાર્યવિસ્તારના લોક સમૂહોમાં પણ આ વિષયની રજૂઆત કરી શકે તે પ્રમાણે પુસ્તિકાનું આયોજન કર્યું છે. તેની રજૂઆત મહિલા સમૂહની મીટિંગમાં થતી ચર્ચા સ્વરૂપે કરવામાં આવેલી છે. સમૂહોની મીટિંગમાં ૧ દિવસમાં એકથી દોઢ કલાક દરમ્યાન કાર્યકરોની મદદથી સમૂહવાચન થઈ શકે તે રીતે તેના વિભાગ પાડવામાં આવ્યા છે. મુદ્દાને અનુરૂપ ગીત, કાવ્ય વગેરેને સામેલ કરવાની કોશિશ કરી છે, જેથી સમૂહવાંચનના સેશનને રસપ્રદ બનાવી શકાય.

કાર્યકરોની સર્વગ્રાહી સમજ માટે તેઓ શ્રેણીની ચારેચાર પુસ્તિકાઓનું સંપૂર્ણ વાચન કરે તે જરૂરી છે પરંતુ સ્થાનિક સમૂહોમાં રજૂઆત કરતી વખતે જે તે સમૂહના સંજોગોને અનુરૂપ ન લાગે તેવા કેટલાક મુદ્દાઓ સમૂહ વાચનમાંથી બાકાત રાખી શકાય. જો કે, શ્રેણીની પ્રથમ પુસ્તિકામાં પાયાના ખ્યાલો રજૂ કર્યા હોવાથી પ્રત્યેક સમૂહ માટે તેનું સંપૂર્ણ વાચન આવશ્યક છે પરંતુ તે પછીની પુસ્તિકાઓમાંથી કાર્યકર સ્થાનિક સમૂહની જરૂરિયાત મુજબ નિર્ણય લઈ શકે છે. પુસ્તિકામાં જણાવેલાં ઉદાહરણો ઉપરાંત સ્થાનિક કક્ષાએ વધુ પ્રચલિત હોય તેવાં ઉદાહરણો, ગીતોનો સમાવેશ કરી શકાય. દરેક દિવસ બાદ તે મુદ્દા પર સમૂહના સભ્યો સાથે ચર્ચા કરવી આવશ્યક છે. શક્ય છે કે સમૂહમાંથી સ્થાનિક કક્ષાએ વધારે પ્રચલિત હોય અને વધારે અસરકારક હોય તેવાં ઉદાહરણો, અનુભવ કે ગીતો બહાર આવે. ચર્ચામાંથી ઊઠેલા મહત્ત્વના મુદ્દા અને ઉદાહરણો, ગીતો વગેરે પ્રકાશન અર્થે મોકલવા વિનંતી કે જેથી ભવિષ્યમાં તેનો સમાવેશ કરી શકાય.



**સમૂહમાં વાંચતી વખતે અસરકારક રજૂઆત માટે મોટેથી વાંચનાર કાર્યકરો માટેનાં સૂચનોઃ**
પુસ્તિકામાં સાત મુખ્ય પાત્રો છે. દરેક પાત્રની લાક્ષણિકતાને સમજીને તેને અનુરૂપ લઢણથી સંવાદો બોલી શકાય તે માટે ટૂંકો પાત્ર પરિચય નીચે મુજબ છેઃ


***એકતાઃ*** મહિલા જૂથની અગ્રણી કાર્યકર છે. શિક્ષણ, વાંચન તથા સંઘર્ષના અનુભવો દ્વારા સ્ત્રીઓના પ્રશ્નો અંગે ઊંડી સમજ ધરાવે છે. મહિલા જૂથની સમજ વધારનાર તરીકેની ભૂમિકા ભજવે છે.

***શકરીઃ*** ૪૦-૪૫ વર્ષની સક્ષમ સ્ત્રી છે. હિંસાને કારણે પતિથી છૂટાછેડા લઈ બે સંતાનોને મહેનત કરી ઉછેરે છે. ખાસ ભણેલી નથી પરંતુ પિતૃસત્તા અને જ્ઞાતિપ્રથાનો સામનો કરવાના અનુભવોમાંથી સમાજ-વ્યવસ્થા અંગે સમજ કેળવી છે. હિમ્મત અને કોઠાસૂઝથી પ્રશ્નો કરી શકે છે.

***કમલાઃ*** ૨૦-૨૨ વર્ષની કોલેજમાં અભ્યાસ કરતી યુવતી છે. પોતાનાં માતા-પિતા-દાદી સાથે રહે છે. ભેદભાવ, અન્યાયને સહન કરી શકતી નથી. નવી વાતો જાણવા, સ્વીકારવા ઉત્સુક છે.

***રેશ્માઃ*** કમલાની બહેનપણી અને સમવયસ્ક છે. તેની સાથે અભ્યાસ કરે છે. સરળ અને ઉત્સાહી છે.

***આશાઃ*** ૩૦-૩૫ વર્ષની નોકરી કરતી શિક્ષિત સ્ત્રી છે. લગ્નજીવનમાં પતિની શંકા અને માનસિક ત્રાસ સામે ઝઝૂમી રહી છે.



***નીરુ:*** ૪૦થી ૫૦ વર્ષની વયની પ્રૌઢ સ્ત્રી છે. ગૃહિણી છે. પરંપરાગત વાતાવરણમાં ઊછરી છે અને સમાજનાં પ્રચલિત ધારા-ધોરણો, રીત-રિવાજમાં માને છે પરંતુ તેના કરતાં જુદી વાત સાંભળવાની તૈયારી છે.

***ફરઝાના:*** ૩૦-૩૫ વર્ષની વયની સ્ત્રી છે. ગૃહિણી છે અને તે પણ પરંપરાગત વાતાવરણમાં ઊછરી છે પરંતુ નવી વાતો સમજવાની તૈયારી છે.

- જો દરેક પાત્રના સંવાદો અલગ અલગ કાર્યકરો રજૂ કરે તો ખૂબ સારું. પરંતુ તે શક્ય ન હોય તો એક અથવા વધારે કાર્યકરો રજૂઆત કરી શકે.
- જો સમૂહમાં અસરકારક રીતે વાંચી શકે તેવા સભ્યો હોય તો કેટલાંક પાત્રોના સંવાદો સમૂહના સભ્યોને વાંચવાનું કહી શકાય.
- જે ભાગનું વાંચન કરવાનું હોય તે કાર્યકરોએ અગાઉથી વાંચીને સમજી લેવો.
- મોટે ભાગે સરળ ભાષા અને શબ્દોનો પ્રયોગ કરેલ છે પરંતુ તેમ છતાં કોઈ અજાણ્યા શબ્દ હોય તો તે શબ્દોના અર્થ અને સ્પષ્ટ ઉચ્ચાર જાણી લેવા.
- જ્યાં જરૂરી લાગે ત્યાં પુસ્તિકામાં આપેલાં ઉદાહરણો અને ગીતોને બદલે સ્થાનિક કક્ષાએ વધુ અસરકારક ઉદાહરણો કે ગીતો ઉપલબ્ધ હોય તો તે શોધી મીટિંગ પહેલાં તૈયાર રાખવાં.

# દેશ-વિદેશના સીમાડાથી પર છે, વિચારનું વિશ્વ...

*કમલાઃ* એકતાબહેન આજે તો આપણે દુનિયાના દેશોની સ્ત્રીઓની લડતો વિશે વાત કરવાના છીએ ને?

*રેશ્માઃ* અને લોકો પ્રજામાંથી નાગરિક કેવી રીતે બન્યા તે પણ જાણવાના છીએ, બરોબરને?

*એકતાઃ* હા, પણ આ આશા કયા વિચારોમાં ખોવાયેલી છે?

*આશાઃ* આજે મારા વરે ફરીથી ઝઘડો કર્યો... કહે... બે પૈસા કમાવા લાગી છે એટલે વંઠી ગઈ છે. માટે કાલથી નોકરી બંધ!

*નીરુઃ* એ કહે છે તો છોડી દે ને. કજિયાનું મોં કાળું.

*શકરીઃ* અરે એમ નોકરી છોડી દે અને પછી જો વરની દાદાગીરી વધી જાય તો એનું ને રોશનીનું પૂરું કોણ કરે?

*ફરઝાનાઃ* હા, આમ પણ તે શંકા કરે છે ને રોશની માટે પૂરતા પૈસા પણ આપતો નથી.

*એકતાઃ* આશા તેં શું વિચાર્યું છે?

*આશાઃ* મને તો કાંઈ ખબર પડતી નથી. એની નોકરી જતી રહી હતી તેથી તેણે જ મને નોકરી કરવા કહ્યું અને છેલ્લાં પાંચ વરસથી મારા જ પૈસે ઘર ચાલતું હતું. હવે તેની નોકરી શરૂ થઈ એટલે કહે છે કે બે પૈસા કમાવા લાગી એટલે હું વંઠી ગઈ છું ને નોકરીના બહાને પારકા પુરુષો સાથે હાહા હીહી કરવા જાઉં છું.

*કમલાઃ* અરે, આ તો જબરો માણસ છે. પોતાની ગરજ પૂરી થઈ એટલે તમારે નોકરી છોડી દેવાની!

*આશાઃ* મને તો આવું બધું તે રોજ જ સંભળાવે છે પણ આજે તો તે આપણા મહિલા સંગઠન વિશે અને એકતાબહેન વિશે પણ એલફેલ બોલવા લાગ્યો એટલે મારાથી સહન ન થયું. કહે, તમે બધાં બૈરાઓ ભેગાં થઈને જે લક્ષણો શીખો છો તે બધાં બીજા દેશોમાં ચાલે આપણે ત્યાં ના ચાલે. કહે, એકતાબહેને તમારા

મગજમાં પશ્ચિમના વિચારોની હવા ભરીને, તે દેશોનાં લક્ષણો શીખવાડીને રવાડે ચડાવી દીધા છે. આજે નોકરી કરતા થયા ને કાલે ત્યાંની જેમ અડધાં ઉઘાડાં કપડાં પહેરીને રખડતા પણ થઈ જશો.

*નીરુ:* ના. ના. તેની આવી દાદાગીરી તો ના ચલાવી લેવાય. પણ એક વાત સાચી કે પરદેશની સ્ત્રીઓ બધી બાબતમાં બહુ છુટ્ટી...

*રેશ્મા:* તેમના દેશનાં રહન-સહન જુદાં એટલે આપણને એવું લાગે. બાકી તેમના દેશમાં પણ સ્ત્રીઓને બધી બાબતોમાં સમાનતા મળી છે એવું નથી. તેઓ પણ અધિકારો માટે લડી રહી છે.

*એકતા:* તમારી વાત સાચી છે. અને પશ્ચિમની સ્ત્રીઓને પણ કંઈ આસાનીથી અધિકારો મળ્યા નથી. વળી, આશાનો પતિ સ્ત્રી-સમાનતા માટેની લડતને પશ્ચિમના વિચારો કહે છે પણ જે કામદાર યુનિયનની મદદથી તેની છૂટી ગયેલી નોકરી પાછી મળી તે કામદાર યુનિયન પણ પશ્ચિમના વિચારોની જ પેદાશ છે. ને થોડા દિવસ પહેલાં તે ચૂંટણીમાં તેમના યુનિયનના નેતાનો પ્રચાર કરી સૌને મત આપવા સમજાવતો હતો. તે ચૂંટણી, મતાધિકાર અને લોકશાહીના વિચારો પણ પશ્ચિમમાંથી જ આવ્યા છે.



*નીરુ:* અચ્છા તો પછી આ પશ્ચિમના વિચારો અને પશ્ચિમની સંસ્કૃતિ આપણા દેશમાં કઈ રીતે આવ્યાં?

*એકતા:* કારણ કે વિચાર, વિચારધારા અને સંસ્કૃતિ દેશ-વિદેશની સીમાઓથી પર હોય છે. દુનિયાના દરેક દેશના ઈતિહાસમાં વિચારોના આદાન-પ્રદાનથી જ સંસ્કૃતિ સમૃદ્ધ થાય છે.

*આશા:* આજે આપણે મતાધિકારની જ વાત કરવાના છીએ ને? તેથી મારી વાત આપણે પછીથી કરીશું. હવે આપણી મિટિંગ આગળ ચલાવીએ.

*એકતા:* આપણી ચર્ચાનો આ નવો તબક્કો શરૂ કરતા પહેલાં ગયા તબક્કામાં આપણે પ્રાચીનકાળથી ભક્તિ ચળવળ દરમ્યાન અનેક સ્ત્રીઓના જીવનસંઘર્ષની વાતો કરી હતી તેની વાતમાંથી શું શીખ્યા તે ટૂંકમાં યાદ કરી લઈએ તો કેવું?

*ફરઝાના:* બરોબર છે. મારા જેવી કોઈ મહત્ત્વની વાત ભૂલી ગઈ હોય તો તેને યાદ આવી જાય. આ કમલા યાદ કરાવવાનું શરૂ કરે.

*કમલા:* ભલે હું જ શરૂ કરું છું કારણ કે ગયા તબક્કાની વાત તો મારા પ્રસંગથી જ શરૂ થઈ હતી ને. સૌથી પહેલાં આપણે એ જોયું હતું કે સ્ત્રીની જાત અને પુરુષની જાતમાં ખાસ કોઈ તફાવત નથી.

*શકરી:* બરોબર. કુદરતે નર અને માદાને જન્મ આપ્યાં અને તે બંને બધી રીતે સરખાં જ છે પણ માત્ર પ્રજનનતંત્રમાં જ ફરક છે કે જેથી માનવજાતનો વેલો આગળ વધે.

*આશા:* પણ સમાજે તેમનાં કામ, લક્ષણ, અધિકારમાં ભેદભાવ ઊભા કર્યા અને સ્ત્રીનું સ્થાન નીચું કર્યું. પણ આ ભેદભાવ કુદરતી નથી તેથી દરેક સમયે પ્રાચીન કાળથી માંડીને આજ સુધી સ્ત્રીઓએ તેની સામે કોઈ ને કોઈ રીતે વિરોધ વ્યક્ત કર્યા છે તે આપણે જોયું.

*નીરુ:* હા, પ્રાચીનકાળમાં ગાર્ગી, સીતા ને દ્રૌપદીના વિરોધ વિશે આપણે વાત કરી.

*એકતા:* અને એ પણ સમજ્યા કે કઈ રીતે મનુસ્મૃતિના સમયમાં સ્ત્રીની શ્રમશક્તિ, જાતીયતા અને પ્રજનન શક્તિ પર અંકુશ કાયમ કરવા પિતૃસત્તાક વ્યવસ્થા મજબૂત બની અને જ્ઞાતિપ્રથા સાથે સંકળાઈ ગઈ.

*ફરઝાના:* અને બૌદ્ધ ધર્મ તથા ઇસ્લામની શરૂઆત કઈ રીતે જૂની સમાજ-વ્યવસ્થા સામેના બળવા તરીકે થઈ તે પણ આપણે જોયું.

*કમલા:* વળી ભક્તિ યુગમાં મહાદેવી અક્કા, મીરાંબાઈ જેવી ભક્ત સ્ત્રીઓએ કુટુંબ તેમજ જ્ઞાતિનાં બંધનો તોડયાં તેની વાતો પણ કરી.

*રેશ્મા:* અને છેલ્લે એવી વાત કરી કે આ બધી સ્ત્રીઓના સંઘર્ષમાંથી આપણને પ્રેરણા મળે. પણ તેમના સંઘર્ષ વ્યક્તિગત હતા, સમાજના પિતૃસત્તાક માળખાને પડકારતા ન હતા તેથી આજે પણ તે માળખું કેટલાક ફેરફારો સાથે અકબંધ છે.

*એકતા:* અને આપણે એ પણ સમજ્યા કે આ સ્ત્રીઓની લડત વ્યક્તિગત રહી કારણ કે પ્રત્યેક સંઘર્ષનું સ્વરૂપ જે તે સમયની આર્થિક-સામાજિક વ્યવસ્થાના આધારે ઘડાય છે. તે સમયે જે તાકાતો સત્તામાં હોય તેના આધારે નક્કી થાય છે.

*શકરી:* અને તેથી જ આપણે નક્કી કર્યું કે સ્ત્રીઓના સામૂહિક સંઘર્ષની શરૂઆત કઈ રીતે થઈ અને તે કેવી પરિસ્થિતિમાં શક્ય બન્યો તે આપણે વિગતે સમજીશું.

*આશા:* તો આપણે હવે સ્ત્રીઓનો સામૂહિક સંઘર્ષ કઈ રીતે શક્ય બન્યો તેની વાત શરૂ કરીએ.

**સમાજ પરિવર્તનમાં સ્ત્રીઓ અને સ્ત્રીઓના અધિકાર**

*એકતા:* સ્ત્રીઓના સમાન અધિકાર માટેની લડત, સમાજ-પરિવર્તનની લડતોની સાથે સાથે વિકસી છે અને સાથે સાથે દુનિયાના ઇતિહાસમાં સમાજ-પરિવર્તનની કોઈ પણ લડત સ્ત્રીઓના સાથ વગર શક્ય નથી બની.

એ રીતે આધુનિક નારીવાદી આંદોલનને ૧૮મી સદીમાં યુરોપ સહિત પશ્ચિમના દેશોના અર્થતંત્ર, રાજ્યવ્યવસ્થા અને સમાજ-જીવનનાં તમામ પાસાઓમાં થયેલાં જબરજસ્ત પરિવર્તનોનું પરિણામ કહી શકાય.

તેમાંથી ત્રણ મહત્ત્વની ક્રાંતિઓ વિશે આપણે વાત કરીશું.

૧. ઔદ્યોગિક ક્રાંતિ, જેની શરૂઆત ઈંગ્લેન્ડથી થઈ અને પછી તે સમગ્ર યુરોપ-અમેરિકામાં પ્રસરી.
૨. ફ્રાંસની સામાજિક ક્રાંતિ કે જેણે માનવજાતના ઇતિહાસમાં પ્રથમ વાર મહેનત-મજૂરી કરનાર વર્ગની સામૂહિક તાકાતનાં દર્શન કરાવ્યાં.
૩. અમેરિકામાં થયેલી સ્વતંત્રતા માટેની ચળવળ તથા ગુલામી નાબૂદીનો સંઘર્ષ.

આ ત્રણે ક્રાંતિઓની સાથે સાથે સ્ત્રીઓના સમાન અધિકાર અને સમગ્ર સ્ત્રી જાતિની મુક્તિની માગણી કરતા સામૂહિક આંદોલનનાં બીજ રોપાયાં. તેની શરૂઆત મત આપવાના અધિકાર માટેની લડતથી થઈ.

*શકરી:* તે આ યુરોપ, અમેરિકા, ફ્રાંસ બધું આપણા ગામથી કેટલે દૂર આવ્યું?

*કમલા:* જુઓ, હું તમને દુનિયાના નકશામાં આ બધા દેશો બતાવું.

**દુનિયાનો નકશો**

બધી બહેનો નકશામાં અલગ અલગ દેશ જોવા માંડી.

*નીરુ:* પણ આટલે દૂર યુરોપ-અમેરિકામાં બનેલા બનાવોની અસર આપણા દેશ ને આપણી સ્ત્રીઓ પર કઈ રીતે થાય?

*એકતા:* તેની જ વાત આપણે કરવાના છીએ. એક સમય એવો હતો કે જ્યારે એક ગામમાં બનતા બનાવની અસર બાજુના ગામમાં પણ નહોતી થતી. એવી સમાજ વ્યવસ્થાને સામંતશાહી સમાજ-વ્યવસ્થા કહેવાય છે. પણ ઔદ્યોગિક ક્રાંતિને કારણે જે નવી મૂડીવાદી વ્યવસ્થા આવી તેણે સામ્રાજ્યવાદના નામે આખી દુનિયાને પોતાના પગ તળે લઈ લીધી અને દુનિયાના બધા દેશોની આર્થિક વ્યવસ્થા, રાજકારણ અને સમાજ જીવનનાં તમામ પાસાઓમાં તેની અસર થઈ.

*આશા:* આ સામંતશાહી વ્યવસ્થા કેવી હતી ને મૂડીવાદ એટલે શું?



**સામંતશાહી વ્યવસ્થા**

*એકતા:* ઈસુની ૧૦થી ૧૨મી સદીના યુરોપની આ વાત છે. તે સમયે ચીજવસ્તુઓ અને સંપત્તિ પેદા કરવા માટે આજની જેમ કારખાનાં કે યંત્રો ન હતાં. વેપાર પણ નામનો જ હતો. તમામ સંપત્તિ ખેતી કે પશુપાલનથી પેદા થતી. બધી જમીનો અલગ અલગ જાગીરોમાં વહેંચાયેલી હતી. દરેક જાગીરનો એક જાગીરદાર (ઠાકોર) હતો. નાના ઠાકોર કે જાગીરદારની ઉપર મોટા સામંતો રહેતા અને તેમની ઉપર ઉમરાવો અને સૌથી ઉપર રાજા રહેતો. આ જાગીરદાર પોતાની જાગીરની જમીનનો જ નહીં પણ તેના પર રહેતા તમામ લોકોનો પણ સ્વામી (લોર્ડ) ગણાતો. સારામાં સારી જમીન તેની અંગત જાગીર ગણાતી અને બાકીની જમીનના ટુકડાઓ અસંખ્ય વેઠિયા ખેડૂતો ખેડતા. આ વેઠિયાઓ પોતાની જમીન પર તો કામ કરતા જ, ઉપરાંત જાગીરદારની જમીન પર કોઈ પણ પ્રકારના વળતર કે મજૂરી વગર 'વેઠ' કરવાની તેમની ફરજ હતી. જાગીરદાર જ્યારે પણ બોલાવે ત્યારે પોતાની જમીન પરનું કામ છોડીને પણ તેમને જાગીરદારની જમીન પર કામ કરવું પડતું ને તે ઉપરાંત પોતાની જમીન પર થયેલ ઉત્પાદનોમાંથી પણ જાગીરદાર, રાજા, પાદરી વગેરેને ભાગ આપવો પડતો.


*શકરી:* મતલબ કે આ જાગીરદારો મહેનત કર્યા વગર જ ખાતા. પણ તેઓ આખો વખત શું કરતા?

*એકતા:* પોતાની જાગીર વધારવા દરેક જાગીરદાર એકબીજા સાથે હંમેશાં લડતો રહેતો. દરેક નાનો સામંત પોતાના ઉપરી સામંતને યુદ્ધમાં મદદ કરતો. પોતાના ખેડૂતો પાસેથી મેળવેલી સંપત્તિમાંથી તેને હિસ્સો આપતો. નાના-મોટા તમામ સામંત ઉમરાવો મહેનતનું, ઉત્પાદનનું કામ કરવામાં નાનમ માનતા. બીજા જાગીરદારો સાથે યુદ્ધ કરવું અને બાકીના સમયમાં મોજમજા, શિકાર અને મનોરંજન કરવું તે જ તેમનો વ્યવસાય હતો.

*ફરઝાના:* તો શું તેમનો રાજા જાગીરદારોના શોષણ અટકાવવા કાંઈ નહોતો કરતો?

*રેશ્મા:* તેં ના સાંભળ્યું? રાજા તો આ બધા જાગીરદાર, સામંતો ને ઉમરાવોનો ઉપરી હતો.

*એકતા:* હા અને બધા સામંતોની ઉપર રહેલો રાજા તો ઈશ્વરનો જ અવતાર ગણાતો.



*નીરુ:* અને ધર્મગુરુઓ? તેઓ શું કરતા હતા?

*એકતા:* તે વખતે યુરોપમાં ખ્રિસ્તી ધર્મ પ્રચલિત હતો અને યુરોપની ત્રીજા ભાગની જમીન કરતાં પણ વધારે જમીનના માલિક આ દેવળના પાદરીઓ (ખ્રિસ્તી ધર્મગુરુ) હતા. તેમનો વૈભવ પણ ગરીબ ખેડૂતોના શોષણ પર નભેલો હતો.

જાગીરદાર પોતાના વેઠિયાને ખેતરમાં કામ કરતા પશુ જેવા જ ગણતા. જે રીતે પશુની જરૂર પડે તે જ રીતે વેઠિયાની જરૂર પડે. વેઠિયા ખેડૂતો પોતાનાં બાળકોને જાગીરની બહાર પરણાવી શકે નહીં કારણ કે તેથી જાગીરમાં વેઠિયાઓની સંખ્યા ઓછી થાય. દરેક જાગીરમાં જાગીરદાર કહે તે જ કાયદો ગણાતો. આમ કાયદો પણ તે બનાવે, ન્યાય પણ તે જ કરે અને શિક્ષા પણ તે જ આપે. તે ધારે તો પોતાના તાબાના માણસોને મૃત્યુદંડની સજા કરી તેમનો જીવ પણ લઈ શકતો. વેઠિયાઓને માલિકોના હુકમ માનવાની ટેવ સદીઓથી ઠોકી ઠોકીને પાડવામાં આવી હતી. ધર્મ તેમનું સમર્થન કરતો.

આ વ્યવસ્થામાં માનવ-માનવ વચ્ચેના સંબંધોમાં સ્વતંત્રતા, સમાનતા હોઈ શકે કે સામાન્ય લોકોના અધિકાર હોઈ શકે તેવો વિચાર કરવો પણ મુશ્કેલ હતો.

*કમલા:* તો પછી તેમાં ફેરફાર થવાની શરૂઆત કઈ રીતે થઈ?

*એકતા:* આ સમયે વેપાર પણ ખૂબ મર્યાદિત હતો. દરેક જાગીર લગભગ સ્વાવલંબી હતી. રોજબરોજની જરૂરિયાતની તમામ વસ્તુઓ જાગીરમાંથી જ મળી જતી. પરંતુ ધીમે ધીમે વેપાર વધતાં સામંતી યુગનું ચિત્ર બદલાવા માંડ્યું. સામંતોના કિલ્લાની આસપાસ વેઠિયા મજૂરોનાં ઝૂંપડાંની સાથે સાથે વેપારીઓનાં કસબા, નગરો અને શહેરોનો વિકાસ થવા માંડ્યો. કિલ્લાઓના બંધિયાર વાતાવરણની સામે આ શહેરોમાં નવા વિચારો, નવું શિક્ષણ, કલા વગેરેનો વિકાસ થવા માંડ્યો. આ વેપારીઓ ધીમે ધીમે દેશ-વિદેશના વ્યાપારથી એટલી સંપત્તિ કમાવા માંડ્યા કે સામંતો, રાજાઓને પૈસા ઉધાર આપવા માંડ્યા. પંદરમી સદી સુધીમાં યુરોપમાં અનેક શહેરો વિકસી ગયાં હતાં.

આ વેપારી વર્ગને સામંતી વ્યવસ્થા વેપારના વિકાસમાં નડતરરૂપ લાગતી હતી કારણ કે દરેક જાગીરના જુદા કાયદા, જુદા કરવેરા ને જુદાં નાણાં હતાં. સામંતોના અંદરોઅંદર ઝઘડતાં અને લૂંટફાટ કરતાં લશ્કરોને બદલે આખા વિશાળ પ્રદેશમાં એક સ્થિર મજબૂત સત્તા હોય, એકસરખાં નાણાં અને કરવેરા હોય તો જ વેપાર વિકસી શકે. આથી વેપારીઓએ નાના સામંતોની સામે લડવા રાજાને મદદ કરી અને યુરોપમાં પહેલી વાર રાષ્ટ્રવાદનો ઉદય થયો.

*શકરી:* રાષ્ટ્રવાદ એટલે શું?

*એકતા:* સાદા શબ્દોમાં કહીએ તો રાષ્ટ્રવાદ એટલે પોતાના દેશ પ્રત્યેનું અભિમાન અને વફાદારી. પણ જ્યારે આ ભાવના પોતાનો જ દેશ સૌથી મહાન છે તેવી માનસિકતામાં ફેરવાય ત્યારે તે બીજા દેશ સાથે હરીફાઈ, યુદ્ધ કે તેને ગુલામ બનાવવા સુધી દોરવાઈ જાય છે. તેની સામે બીજા દેશની ગુલામીમાંથી મુક્તિ મેળવવાના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ રાષ્ટ્રવાદની ભાવના કામ કરતી હોય છે. સામંતશાહી જમાનામાં અલગ અલગ જાગીરોમાં જીવતા લોકો પોત-પોતાના જાગીરદારોને વફાદાર રહેતા. રાષ્ટ્ર એટલે કે દેશ જેવી કોઈ વસ્તુ ન હતી. પરંતુ હવે વેપારીઓની માંગણીને અનુરૂપ પોતાનો દેશ, તેનો એક ઝંડો, એક કાયદો, એક ચલણ

અને દેશ પ્રત્યેના અભિમાનની ભાવના વગેરે વિચારોની શરૂઆત થઈ. વેપારીઓએ રાજાને તેમની સત્તા મજબૂત કરવાના બદલામાં તેમની પાસે અનેક અધિકારો મેળવી લીધા.

*આશાઃ* તેમાંથી મૂડીવાદ કઈ રીતે આવ્યો?

**મૂડીવાદનો વિકાસ**

*એકતાઃ* સામંતયુગના અંતમાં એક બાજુ વેપારીઓની સત્તા વધી અને બીજી બાજુ ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે ઉત્પાદનનાં નવાં નવાં યંત્રોની શોધખોળ થઈ. આમ મૂડીવાદની શરૂઆત થઈ. આ યંત્રોથી અનેક ગણું ઉત્પાદન થવા માંડ્યું. તે સમયના ઉત્પાદનના આંકડાઓ જોઈએ તો કાપડ, લોખંડ, કોલસા અને તમામ ચીજવસ્તુઓનું ઉત્પાદન પહેલાં હતું તેના કરતાં દસ ગણું વધ્યું હતું.

*નીરુઃ* મતલબ કે ખૂબ વિકાસ થયો અને લોકોની ગરીબી દૂર થઈ એમને?

*એકતાઃ* ના. વિકાસ તો થયો પણ મોટા ભાગના લોકોની ગરીબી દૂર થઈ નહીં, કેટલાકની તો ઊલટાની વધી.


*રેશ્માઃ* એ કઈ રીતે?

મર્યાદિત આવક



**કૌટુમ્બિક વ્યવસાય**

નફો-મૂડી



**મૂડીવાદ**

*એકતાઃ* કારણ કે પહેલાં જેમ જમીનના માલિકો ઉત્પાદન પર કબજો જમાવતા તેને બદલે હવે મૂડીના માલિક કારખાનાં, યંત્રો, ખાણો અને ઉત્પાદનનાં તમામ સાધનો પર અંકુશ ધરાવે તેવી ઉત્પાદન વ્યવસ્થા ઝડપથી વિકસી હતી. વિશાળ કારખાનાં માટે ખૂબ મૂડી જોઈએ. આ માટેની મૂડી યુરોપના શ્રમજીવીઓ તેમજ એશિયા, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના ગુલામ દેશોના શોષણમાંથી મેળવાઈ.

*કમલાઃ* યુરોપના દેશોએ બીજા દેશના લોકોનું શોષણ કર્યું તે તો અમે જાણીએ છીએ પણ નવાં નવાં યંત્રો શોધાવાથી તેમના પોતાના જ શ્રમજીવીઓનું શોષણ કઈ રીતે થયું?

*એકતાઃ* પહેલાં કારીગર વર્ગ પોતાના જ ઘરમાં કે બાજુમાં આવેલી કાર્યશાળામાં ઉત્પાદન કરતો હતો. તેમાં તેમનું આખું કુટુંબ અને ક્યારેક બીજા શિખાઉ કે મદદનીશ કારીગરો કામ કરતા. તેમના ઉત્પાદનનાં સાધનો સાદાં હતાં. તેમનાં સાધનો અને તેઓ જે ઉત્પાદન કરે તેની પર તેમની પોતાની માલિકી હતી. ઉત્પાદનમાંથી જે નફો મળે તે પણ કારીગરને મળતો. તે સમયે અનેક યંત્રોવાળાં વિશાળ કારખાનાંઓ નંખાયાં તેથી ઉત્પાદન સસ્તું અને ઝડપી બન્યું તેની સામે કારીગરો ટકી શક્યા નહિ. ગરીબ વેઠિયાઓ અને કારીગરો કારખાનામાં કામ કરતા કામદારો બની ગયા. કામદારોને માંડ માંડ પોતાનું જીવન ટકાવી શકે તેટલી જ મજૂરી મળે. કામદારને એટલું ઓછું વેતન મળતું કે આખા કુટુંબને એટલે કે પુરુષ, સ્ત્રી અને બાળકોને પણ મજૂરી કરવી પડે તેવી પરિસ્થિતિ હતી.

*રેશ્માઃ* પણ પહેલાંય આખુ કુટુંબ કામ તો કરતું જ હતું ને?

*એકતાઃ* હા. પરંતુ પોતાના કુટુંબના વ્યવસાયમાં કામ કરવાની રીત અને કારખાનામાં મજૂરી કરવાની પરિસ્થિતિ બંનેમાં ઘણો ફરક હતો. મૂડીના માલિકો પોતાનો નફો વધારવા તેમની પાસે ૧૬-૧૮ કલાક કામ કરાવતા. કારખાનાંમાં કામદારોને, પુરુષ, સ્ત્રી કે બાળકોને હવાઉજાસ વગર, મશીનોના ઘોંઘાટની વચ્ચે, મશીનની જેમ જ કામ કરવું પડતું. તેમને પાણી પીવાની પણ રજા મળતી નહિ.

આમ, ઉત્પાદન વધતાં માલિકોની સંપત્તિ વધતી પણ કામદારોનું શોષણ જ નહીં ક્યારેક ભૂખમરો પણ વધતો. ૧૮૩૬માં

પ્રકાશિત થયેલા એક પુસ્તકમાં લખ્યું છે કે, "દસ લાખથી વધુ માણસો સાચે જ ભૂખે મરે છે ને આ આંકડો વધતો જાય છે. વ્યાપારના ઇતિહાસમાં આ એક નવો યુગ છે. ધમધોકાર વધતો જતો વ્યાપાર, શ્રમજીવીઓની સ્થિતિ સુધારણાનું નહીં પરંતુ તેમની ગરીબાઈ અને અવનતિનું પ્રતીક બની જાય છે. ઈંગ્લેન્ડ આવા યુગને આરે આવી ઊભું છે."

*ફરઝાના:* પણ શું બાળકો પાસે પણ આ રીતે કામ કરાવાતું?

*એકતા:* હા, કારણ કે બાળકોને અને સ્ત્રીઓને પુરુષ કામદાર કરતાં ઓછી રોજી ચૂકવવી પડતી. ક્યારેક માલિકો અનાથ આશ્રમમાંથી બાળકો વેચાતાં લાવી તેમની પાસે અમર્યાદ કામ કરાવતા. '૭થી ૧૨ અને ૧૪ વર્ષનાં બાળકો પાસે સવારના પાંચથી રાતના આઠ વાગ્યા સુધી કામ કરાવાતું. ક્યારેક મશીન બગડવાથી મિલ બંધ રહે તો તેમણે બગડેલા કલાકો પછીથી ભરપાઈ કરી આપવા પડતા.'

*રેશ્મા:* આ બધું તેઓ સહન કઈ રીતે કરતાં?

*એકતા:* શરૂઆતમાં કામદારોને લાગ્યું કે તેમની પરિસ્થિતિ મશીનને કારણે બગડી છે. તેમને મશીનો તેમનાં દુશ્મન લાગતાં અને તેને કારણે તેમણે યંત્રો તોડવાનું શરૂ કર્યું. ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે ૧૮૧૨માં એવો કાયદો પસાર કરવાની કોશિશ કરી કે મશીન તોડનારને મૃત્યુદંડની સજા થાય. જો કે, કેટલાક સમજુ સભ્યોએ તેનો વિરોધ કર્યો.

*શકરી:* આ તો સામંતયુગ કરતાં પણ વધારે ખરાબ લાગે છે.

*એકતા:* તમારી વાત અમુક અંશે સાચી છે. પણ કારખાના પદ્ધતિને કારણે કામદારોનું સંગઠન પણ શક્ય બન્યું. ધીમે ધીમે કામદારોને સમજાયું કે મશીન તોડવાથી પ્રશ્ન નહીં ઊકલે. વિશાળ કારખાનામાં એકસાથે કામ કરવાને કારણે અને એક જ સાથે ગંદા વસવાટોમાં રહેવાને કારણે કામદારોમાં એવી સમજ ઊભી થઈ કે પોતાના સાથી કામદારો પણ પોતાના જેવી પરિસ્થિતિમાં જીવે છે અને તેને કારણે તેમનામાં એકતા થઈ શકી. કામદારોએ પોતાના અધિકારો માટે કામદાર સંગઠન બનાવી સંઘર્ષ શરૂ કર્યો.

*આશા:* મતલબ કે કામદાર યુનિયનની શરૂઆત ત્યારે થઈ!

*એકતાઃ* અને તેમને લાગ્યું કે કામદારો-વિરોધી કાયદા પસાર કરતી સંસદમાં જો તેમના પ્રતિનિધિ હોય તો તેઓ કામદારોને ફાયદો થાય તેવા કાયદા પસાર કરાવી શકશે. આ માટે ઈંગ્લેન્ડમાં કામદારોએ મતનો અધિકાર મેળવવા ઝુંબેશ શરૂ કરી.

*ફરઝાનાઃ* તો શું સ્ત્રી કામદારો પણ આ ઝુંબેશમાં જોડાયાં?

*એકતાઃ* હા, સ્ત્રી કામદારો અને અન્ય સ્ત્રીઓ પણ આ ઝુંબેશમાં જોડાઈ.

*કમલાઃ* તેની વાત અમને વિગતે કહોને.

*આશાઃ* એ વાત હવે કાલે કરીશું આજે ઘણું મોડું થયું છે ને મારે જલદી ઘેર જઈને મારા વરને આજની બધી વાતો કહેવી છે. મારે તેને જણાવવું છે કે કામદાર યુનિયનની શરૂઆત કેવી રીતે થઈ.

*એકતાઃ* તો આજની ચર્ચા કામદારોના શોષણ સામેના સંઘર્ષ ગીતથી પૂરી કરીએ.

## જામ કરો મિલ કે યે શોષણ કા પહિયા

**જામ કરો મિલ કે યે શોષણ કા પહિયા**
**માલિકોં સે લડને કો એક હો જા ભૈયા.**
**જાલિમોં સે લડને કો એક હો જા ભૈયા**

*શકરી:* પણ આ ગીતમાં તો “ભૈયા” શબ્દ વાપર્યો છે તો સ્ત્રી કામદારોને આપણે બાકાત રાખીશું?

*એકતા:* ના શકરીબહેન. તમારી વાત સાચી છે. આપણે ભૈયાને બદલે સાથિયા શબ્દ વાપરીએ એટલે તેમાં સ્ત્રી કામદારનો પણ સમાવેશ થઈ જાય.

**જામ કરો મિલ કે યે શોષણ કા પહિયા**
**માલિકોં સે લડને કો એક હો જા સાથિયા**
**જાલિમોં સે લડને કો એક હો જા સાથિયા**

**તેરી હી કમાઈ પે ચલે યે કારખાનેં**
**તૂજ કો હી મિલતે ન પેટ ભર દાનેં**
**ગીધ્ધોં કે જૈસા તુજસે માલિક કા રવૈયા**
**.. માલિકોં સે .....**

**હમ સે ના કમ હોંગી માલિકોં કી દૂરી**
**ખૂન ચૂસ ચૂસ કે જો દેતા હૈ મજદૂરી**
**અપની હી નૈયા કે હમ હૈં ખેવૈયા**
**.... માલિકોં સે.....**

**અપને દિલોં મેં સદા ઉનકે હી ગીત**
**જાનતે બદલના જો દુનિયા કી રીત**
**સીને મેં હમારે જિંદા કિસ્સા ભૂમૈયા**
**... માલિકોં સે....**

# ઈંગ્લેન્ડમાં મતના અધિકાર માટે સ્ત્રીઓનો સંઘર્ષ

*એકતાઃ* આપણે આગળ જોયું તેમ સામંતશાહી સામે એક મજબૂત રાજસત્તા ઊભી કરવામાં વેપારી વર્ગોએ રાજાને મદદ કરી. તેના બદલામાં અધિકારો પણ માંગ્યા. રાજાની સાથે સાથે સંસદને પણ સત્તા મળે તેવી વ્યવસ્થા લાવવાના પ્રયત્નો કર્યા. પણ રાજા અને સંસદ બંનેમાં કોની સત્તા વધારે તે અંગેના ઝઘડાઓ ચાલ્યા કરતા હતા. આખરે ૧૬૮૮માં ઈંગ્લેન્ડમાં રક્તવિહીન **'ગ્લોરીયસ ક્રાંતિ'**ના પરિણામે નિરકુંશ રાજાશાહીનો અંત આવ્યો અને સંસદની સર્વોચ્ચતા સ્થાપિત થઈ.

*રેશ્માઃ* એટલે કે લોકશાહી આવી?

*એકતાઃ* ના, તમે સમજો છો તેવી લોકશાહી નહીં. કારણ કે આ સંસદ આપણે આજે જોઈએ છીએ તેવી તમામ લોકોના મતથી ચૂંટાયેલી સંસદ ન હતી. સંસદમાં સામાન્ય લોકો, કામદારો, વેઠિયા ખેડૂતોનો કે સ્ત્રીઓનો કોઈ અવાજ ન હતો. મત આપવાનો અધિકાર સંપત્તિ ધરાવનાર વર્ગમાંથી પણ માત્ર ગણ્યા-ગાંઠ્યા લોકોનો જ હતો અને સંસદમાં કાયદાઓ પણ ધનિકોની મિલકતો સચવાય તેના માટે ઘડાતા. તેથી શ્રમજીવીઓએ મતના અધિકાર માટેનો સંઘર્ષ વેગવાન બનાવ્યો. કામદારોનાં યુનિયનોએ તૈયાર કરલે માગણીપત્રક (People's Charter) પરથી આ લડતનું નામ **'ચાર્ટિસ્ટ આંદોલન'** પડ્યું. ચાર્ટિસ્ટ આંદોલનમાં શરૂઆતથી જ સ્ત્રીઓએ પણ સક્રિય ભૂમિકા ભજવી હતી. આ આંદોલનનાં જાહેર દેખાવ, રેલી અને પ્રદર્શનોમાં સ્ત્રીઓ પોતાના પુરુષ સાથીદારો સાથે જોડાઈ હતી. ૧૮૩૮ના ચાર્ટિસ્ટ ઘોષણાપત્રમાં સાર્વત્રિક મતાધિકારની માગણી સામેલ કરવામાં આવી હતી.



*નીરુ:* સાર્વત્રિક મતાધિકાર એટલે?

*કમલા:* સાર્વત્રિક મતાધિકાર એટલે પુખ્ત વયના તમામ સ્ત્રી-પુરુષ નાગરિકોને મત આપવાનો અધિકાર.

*એકતા:* બરોબર. પરંતુ સ્ત્રીઓને મતાધિકાર મળે તે સામે સમાજમાં અને સંસદમાં ખૂબ વિરોધ થયો. સ્ત્રીઓના મતાધિકાર સામેનો વિરોધ જોતાં કામદાર સંગઠનોને લાગ્યું કે જો તેઓ સ્ત્રીઓના અધિકારની વાત કરશે તો કામદારોને મતાધિકાર મળવો મુશ્કેલ થશે. આથી યુનિયનના પુરુષ આગેવાનોએ સ્ત્રીઓના અધિકારની વાત બાજુ પર મૂકી દીધી અને માત્ર તમામ પુરુષો માટે મતાધિકારની માગણી આગળ ધરી.

*ફરઝાના:* આ તો પોતાના ફાયદા માટે સ્ત્રીઓને દગો દીધો જ કહેવાયને!

*એકતા:* સાચી વાત. આનું પરિણામ એ આવ્યું કે સ્ત્રીઓને પોતાના મતાધિકારની માગણી માટે અલગથી સંઘર્ષ કરવાની ફરજ પડી. ડેવીસ એમીલી નામની નારીવાદી શિક્ષણશાસ્ત્રીએ ૧૮૬૬માં જે. એસ. મિલ સાથે મળીને સ્ત્રીઓના મતાધિકાર માટેની માગણી સંસદમાં રજૂ કરી.

સંસદમાં મુકાયેલી સ્ત્રીઓની માગણી સામે દલીલો કરવામાં આવી કે, સ્ત્રીઓ પુરુષો કરતાં સ્વાભાવિક રીતે જ અલગ છે. તેમનું કાર્યક્ષેત્ર ઘર છે. જ્યારે રાજકારણ જેવા જાહેર ક્ષેત્રમાં માત્ર પુરુષોનો જ અધિકાર છે.

*આશા:* આવી દલીલો તો આજે પણ કરવામાં આવે છે.

*નીરુ:* હા, ગઈ વખતે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મારે ફોર્મ ભરવું હતું તો બધા મને એમ જ કહેતા હતા કે, 'ચૂપચાપ ઘર સંભાળો, આખા ગામની પંચાત તમારાથી ન થાય'.

*એકતા:* તો વળી કોઈએ કહ્યું કે, પુરુષોથી અલગ સ્ત્રીઓનું કોઈ રાજનૈતિક હિત નથી. તેમને મતાધિકાર આપવાથી માત્ર મતદાતાઓની સંખ્યા બે ગણી થશે અને તેનાથી સમાજની પ્રગતિ તો ઠીક પણ તેને નુકસાન જ થશે અને સમાજ ભ્રષ્ટ બનશે.

*શકરી:* મતલબ કે જરા જુદા શબ્દોમાં એમણે એવી જ વાત કરી કે, સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ.

*ફરઝાના:* હા, અમારા ફળિયાની બહેનોને ચૂંટણીની સભામાં જવા તૈયાર કરી તો બધા કહે, તમારે બૈરાને જવાની શી જરૂર છે, અમે આદમીઓ જઈ આવીએ ને પછી તમને કહીએ તેને તમારે મત આપવાનો.

*રેશ્મા:* તો પછી સ્ત્રીઓએ આનો વિરોધ કઈ રીતે કર્યો?

*એકતા:* સ્ત્રીઓનાં અલગ અલગ જૂથોએ આ ખોટી અને તર્ક વગરની સ્ત્રી-વિરોધી માન્યતાઓનો વિરોધ અલગ અલગ રીતે કર્યો. કેટલાકે જણાવ્યું કે સ્ત્રી અને પુરુષમાં અલગતા કરતાં સમાનતા ઘણી વધારે છે. તો કેટલાકે અલગતાનો સ્વીકાર કરતાં કહ્યું કે સ્ત્રી અલગ છે પણ તેનામાં સારા-ખોટાનો નિર્ણય કરવાની વિવેકબુદ્ધિ છે. જો સ્ત્રી કોઈનું ખૂન કરે તો તેને ફાંસીની સજા થઈ શકે તો પછી તેને મત આપવાનો અધિકાર કેમ નહિ? આમ, ૧૮૭૦ સુધીમાં બ્રિટનનાં તમામ શહેરોમાં સ્ત્રીઓના મતાધિકાર માટે લડતાં જૂથોની શરૂઆત થઈ ચૂકી હતી.

*આશા:* તેમને સફળતા ક્યારે મળી?

*એકતા:* તેમને આખરી સફળતા મળવાને તો ઘણાં વર્ષો લાગ્યાં પણ સૌ પ્રથમ એક નાનકડી સફળતા ત્યારે મળી કે જ્યારે સ્ત્રીઓને સ્થાનિક મ્યુનિસિપલ ચૂંટણી ઈલેકશનમાં મત આપવાનો અધિકાર મળ્યો. તેમાં એવી દલીલ કરવામાં આવી કે સ્ત્રીએ માતા તરીકે બાળકોના શિક્ષણ અને સ્થાનિક સવાલોમાં રસ લેવો જોઈએ. જો કે, આ મર્યાદિત અધિકાર પણ માત્ર સંપત્તિ ધરાવનાર અપરિણીત સ્ત્રીઓને મળ્યો.

*નીરુ:* તો સંપત્તિવાળી પરણેલી સ્ત્રીઓને કેમ નહિ?

*એકતા:* કારણ કે તે સમયે પરિણીત સ્ત્રીની સંપત્તિ તેના પતિની ગણાતી હતી. માટે તેવી દલીલ કરવામાં આવતી  કે પતિના મતમાં પત્નીનો મત આવી જ જાય છે તેથી તેને અલગથી મત આપવાની જરૂર નથી.

*કમલા:* આ તો પરણેલી અને નહીં પરણેલી સ્ત્રીઓ વચ્ચે ભાગલા પાડવાની વાત થઈ.

*એકતા:* હા. મતાધિકાર માટેની લડતમાં ક્યારેક પુરુષો સામે સ્ત્રીઓને તો ક્યારેક કામદારો સામે સંપત્તિ ધરાવનાર સ્ત્રીઓને, ક્યારેક પરિણીત સ્ત્રીઓ સામે અપરિણીત સ્ત્રીઓને અને ક્યારેક શ્રમજીવી સ્ત્રીઓ સામે શ્રમજીવી પુરુષોના અધિકારોને એકબીજાની સામે અથડાવવામાં આવ્યા.


*રેશ્મા:* એટલે કે, ભાગલા પાડો ને રાજ કરોની નીતિ અપનાવવામાં આવી.

*એકતા:* સાચી વાત. પણ તેથી કંઈ સ્ત્રીઓ હતાશ થઈને લાંબો સમય બેસી ન રહી. ૨૦મી સદીની શરૂઆતમાં ૧૯૦૩માં ઈમેલીન

પેન્ખર્સ્ટ અને તેની બે દીકરીઓએ સ્ત્રીઓના સામાજિક અને રાજકીય યુનિયન (WSPU)ની શરૂઆત કરી અને સ્ત્રીઓની મત માટેની લડત વધુ વેગીલી બની. તેમણે વિરોધ પ્રદર્શનના અનેક નવા રસ્તાઓ પણ શોધ્યા. પોતાની માગણી તરફ ધ્યાન ખેંચવા જલદ અને ક્યારેક હિંસક રસ્તાઓ અપનાવ્યા. ટપાલ પેટીઓ બાળવાના, સંસદના નિમ્ન ગૃહ, હાઉસ ઓફ કોમન્સમાં ધસી જઈ પોતાની વાત રજૂ કરવાના, મંત્રીઓને ધક્કે ચડાવવાના કાર્યક્રમો કર્યા. એક વાર પોતાની માગણી રજૂ કરવા માટે કેબિનેટ મંત્રીઓની મિટિંગમાં ઘૂસી જવા એલિસ પાઉલ (Alice Paul) નામની એક સ્ત્રી કાર્યકર આખી રાત વરસતા વરસાદ અને ઠંડીમાં હોલના છાપરા પર સંતાઈ રહી હતી.

*ફરઝાના:* આ સ્ત્રીઓ તો ભારે ક્રાંતિકારી લાગે છે!

*એકતા:* હા. સંઘર્ષ દરમ્યાન ૧૦૦૦ કરતાં વધુ સ્ત્રીઓએ પોતાની માગણી માટે લડતાં લડતાં ધરપકડ વહોરી હતી. મધ્યમ વર્ગની ભણેલીગણેલી સ્ત્રીઓએ ધરપકડ વહોરી અને જેલમાં ગઈ તેનાથી સમાજની સ્ત્રીઓ માટેની પરંપરાગત માન્યતાઓને જબરજસ્ત ધક્કો પહોંચ્યો હતો.




**ભાગલા પાડો અને રાજ કરો**

*નીરુ:* તે પહોંચે જ ને! સામાન્ય સ્ત્રીઓ આવું કરી શકે તે તેમણે વિચાર્યું પણ નહીં હોય.

*આશા:* આજથી સો વર્ષ પહેલાં પણ સ્ત્રીઓ આવો સંઘર્ષ કરી શકી તે વાત ખરેખર દાદ માંગી લે તેવી છે.

*એકતા:* પણ તેમનો રસ્તો સહેલો ન હતો. જ્યારે સ્ત્રીઓની ધરપકડ કરવામાં આવતી ત્યારે જેલમાં પણ પોતાની લડત ચાલુ રાખવા તેઓ ભૂખ હડતાળ પર ઊતરતી. તેમની ભૂખ હડતાલ તોડવા જેલના અધિકારી ખૂબ પીડાજનક રીતે તેમના ગળામાં રબરની ટોટીઓ ખોસી પરાણે ખવડાવતા.

*રેશ્મા:* પણ સરકાર સાથે આમ અથડામણમાં ઊતરવા સિવાય લડવાના બીજા કોઈ રસ્તા ન હતા?

*એકતા:* હતા. ઘણી સ્ત્રીઓએ તેવા રસ્તા પણ અપનાવ્યા હતા. સ્ત્રીઓના સામાજિક અને રાજકીય યુનિયન (WSPU) ઉપરાંત તે સમયે નેશનલ યુનિયન ઓફ વીમેન્સ સફરેજ સોસાયટી નામે એક વધુ મોટું સંગઠન પણ હતું, જે આ પ્રકારના ધ્યાન ખેંચે તેવા રસ્તાઓ લેવામાં માનતું ન હતું. તેણે બંધારણીય રીતે વિશાળ દેખાવો યોજવાની રણનીતિ અપનાવી હતી. પરંતુ WSPUની ખાસિયત એ હતી કે તેમાં અલગ અલગ વર્ગની સ્ત્રીઓએ એકસાથે કામ કર્યું હતું. આથી આ આંદોલને મતાધિકાર ઉપરાંત સ્ત્રીઓના રોજબરોજના જીવન સંઘર્ષમાંથી ઊભા થતા પ્રશ્નો અંગે પણ અવાજ ઉઠાવ્યો હતો.

*ફરઝાના:* એટલે?

*એકતા:* એટલે એમ કે આ સંગઠનમાં એક બાજુ જેસી સ્ટેફન જેવી કામદાર વર્ગની સ્ત્રી હતી કે જે ઘરનોકર તરીકે કામ કરતી હતી. બાર વર્ષની ઉંમરે તે આ લડતમાં જોડાઈ અને યુનિયનની આગેવાન બની હતી. તો બીજી બાજુ લેડી કોન્સ્ટન્સ લીટોન જેવી એક ઉચ્ચ વર્ગની સ્ત્રી પણ હતી કે જેણે કામદાર સ્ત્રીઓના સંઘર્ષની સાથે રહેવા પોતાના વર્ગના વિશેષ અધિકારો જતા કરીને સ્ત્રીઓની એકતાનું એક હૃદયસ્પર્શી ઉદાહરણ પૂરું પાડ્યું.

*કમલા:* તેમણે કઈ રીતે પોતાના અધિકાર જતા કર્યા તેની વાત અમને કહો ને.

*એકતા:* જ્યારે લેડી કોન્સ્ટન્સ લીટોનની ધરપકડ કરવામાં આવી ત્યારે તેઓ ઉચ્ચ વર્ગનાં હોવાથી અન્ય કામદાર સ્ત્રીઓની જેમ તેમને

જબરજસ્તી કરી ભૂખ હડતાળ તોડવા ખવડાવવામાં ન આવ્યું અને તેમનું હૃદય નબળું હોવાથી તેમને છોડી મૂક્યાં. પણ લીટોન તો પોતાની અન્ય સાથીદારો સાથે એકતા દર્શાવવા માંગતાં હતાં. અન્ય ગરીબ વર્ગની સાથીદારો જેલમાં જુલમ સહન કરતી હોય ત્યારે તે બહાર કઈ રીતે રહી શકે? તેમણે પોતાના વાળ કાપી, કામદાર સ્ત્રીઓ જેવાં વસ્ત્રો પહેરી ફરીથી પથ્થરમારો કર્યો અને ધરપકડ વહોરી. આ વખતે તે કામદાર જેવા લાગતાં હોવાથી તેમને જબરજસ્તી ખવડાવવામાં આવ્યું અને તેને કારણે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો જેથી કાયમ માટે તેમના જમણા હાથને લકવો થયો.

*નીરુ:* પણ આવો જુલમ તે કંઈ થતો હશે?

*એકતા:* આ જુલમી રીતની સામે લોકોએ વિરોધ કર્યો ત્યારે સરકારે એવો કાયદો પસાર કર્યો કે જે ઉંદરબિલાડીના કાયદા તરીકે જાણીતો બન્યો છે. આ કાયદા મુજબ જ્યારે ભૂખ હડતાળથી સ્ત્રી કેદીઓ અશક્ત બને ત્યારે તેમને પરાણે ખવડાવવાને બદલે છોડી મૂકવામાં આવતાં અને ફરી પાછા જ્યારે તેઓ થોડા તંદુરસ્ત થાય ત્યારે તરત જ તેમની ધરપકડ કરવામાં આવતી.

*શકરી:* આ તો સરકારે જુલમ કરવાની એક રીતને બદલે બીજી રીત અપનાવી. પણ આ સંઘર્ષનું પરિણામ શું આવ્યું?

*એકતા:* તેમની આ ઝુંબેશને કારણે સ્ત્રીઓના પ્રશ્નો સમાજમાં કેન્દ્ર સ્થાને આવ્યા પણ તેમને મતાધિકાર ન મળ્યો. આ દરમ્યાન પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. ત્યારે સ્ત્રીઓએ મતાધિકાર માટેની લડાયક ઝુંબેશ બંધ કરી અને સરકારને યુદ્ધમાં મદદરૂપ બનવાનું નક્કી કર્યું. પુરુષો યુદ્ધમાં ગયા હોવાથી આજ સુધી પુરુષના જ ગણાતાં હોય એવાં અનેક ક્ષેત્રોમાં સફળતાપૂર્વક કામ કર્યું અને પોતાની આવડત તેમ જ શક્તિનો પરિચય આપ્યો. તેમણે ડ્રાયવર બની એમ્બ્યુલન્સ ચલાવી, નર્સ બની ઘાયલોની સેવા કરી અને શસ્ત્ર-સરંજામનાં કારખાનાંઓમાં પણ કામ કર્યું. આથી યુદ્ધ પૂરું થયું ત્યારે સ્ત્રીઓને મતનો અધિકાર આપવા સામે વિરોધ કરવો પુરુષો માટે મુશ્કેલ થઈ ગયો હતો. છેવટે ૧૯૧૮માં ૩૦ વર્ષની ઉપરની સ્ત્રીઓને મતાધિકાર મળ્યો અને દસ વર્ષ બાદ ૧૯૨૮માં પુખ્ત વયની તમામ સ્ત્રીઓને પુરુષોની સમાન મતાધિકાર મળ્યો.

*આશાઃ* એટલે કે ઈંગ્લેન્ડની સ્ત્રીઓને લગભગ ૧૦૦ વર્ષ સુધી સંઘર્ષ કર્યા બાદ મત આપવાનો અધિકાર મળ્યો.

*એકતાઃ* હા, પણ તેમ છતાં ઈંગ્લેન્ડની સ્ત્રીઓના આ સંઘર્ષની સરખામણીમાં ફ્રાંસની સ્ત્રીઓનો સંઘર્ષ ઘણો વધુ લાંબો અને કપરો હતો. તેની વાત હવે આવતે વખતે. આજે આપણે શા માટે સ્ત્રીઓને મતાધિકાર જોઈએ છે તેનું ગીત ગાઈશું.

## વોટ કી તાકત

અપની વોટ કી તાકત દિખાયેંગે - અપને મન મેં હૈ ઠાની
અપની મરજી કી દુનિયા બનાયેંગે - અપને મન મેં હૈ ઠાની

હાથ હમારે હૈ સારા જમાના
લીડર બનાના ઔર ઉનકો મિટાના
હાકિમ હમ હૈં યે સબ કો બતાયેંગે - અપને મન મેં હૈ ઠાની

ગર ચુપ રહે તો પિછડે રહેંગે
નેતા હમારે મનમાની કરેંગે
મનમાની ન અબ હમ સહેંગે - અપને મન મેં હૈ ઠાની
બેઈમાની ન અબ હમ સહેંગે - અપને મન મેં હૈ ઠાની

ઔરતોં કે હક્ક મેં કાનૂન બનાયેં
વાદે કરેં ઔર કરકે નિભાયેં
ઐસે લીડર કો હમ સબ ચુનેંગે - અપને મન મેં હૈ ઠાની

ઈલ્મો શઊર કો અપના બના કે
ઈક નઈ દુનિયા કા સપના સજા કે
મિલ-જુલ આગે કો બઢતે ચલેંગે - અપને મન મેં હૈ ઠાની

***- કમલા ભસીન***
('ડોલા પિછવાડે રખ દો' ની ધુન પર આધારિત)



# ફ્રાંસની ક્રાંતિ અને નવપ્રકાશનો યુગ

*એકતાઃ* ૧૮મી સદીના અંત ભાગમાં ફ્રાંસની સામાજિક ક્રાંતિએ માનવજાતના ઇતિહાસમાં પ્રથમ વાર મહેનત મજૂરી કરનાર વર્ગની સામૂહિક તાકાતનાં દર્શન કરાવ્યાં.

*રેશ્મા:* હા. અમે ભણ્યા છીએ કે ફ્રાંસની ક્રાંતિએ જગતને 'સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા'ના વિચારો આપ્યા.

*એકતાઃ* આ ક્રાંતિમાં ત્યાંની ગરીબ સ્ત્રીઓએ મોટી સંખ્યામાં, ખૂબ આગળ પડતો અને લડાયક ભાગ ભજવ્યો. પરંતુ સમાજની ઊંચનીચના ભેદભાવવાળી વ્યવસ્થાને હચમચાવી નાંખનારી ફ્રાંસની ક્રાંતિના પરિણામે જ્યારે અધિકારો આપવાની વાત આવી ત્યારે માત્ર કેટલાક પુરુષોને જ મતાધિકાર આપ્યો.

*આશાઃ* આવું કઈ રીતે થયું તે અમને વિગતે કહોને.

*એકતાઃ* ૧૮મી સદીમાં ફ્રાંસમાં લૂઈ વંશના રાજાઓનું રાજ હતું. એક પછી એક રાજાના રાજકાળમાં સામાન્ય લોકોની હાલત વધુ ને વધુ કફોડી બનતી હતી. રાજા અને તેને ખુશ રાખનાર દરબારીઓ કશું જ કામ કર્યા વગર રાજ્યની આવક છૂટા હાથે પોતાના મોજશોખ અને રંગરાગમાં વાપરતા હતા.

ફ્રાંસનો સમાજ ત્રણ સ્તર-વર્ગ (એસ્ટેટ)માં વહેંચાયેલો હતો. પ્રથમ બે વર્ગમાં સામંતો, ઉમરાવો અને પાદરીઓ હતા. આ સૌથી વધુ સંપત્તિ ધરાવનાર બે વર્ગો વિશિષ્ટ હકો ભોગવતા હતા. તેઓ કરવેરા ભરવામાંથી મુક્ત હતા.

*નીરુઃ* તેવું શા માટે?

*એકતાઃ* કારણ કે એમ કહેવામાં આવતું કે સામંતો-ઉમરાવો, રાજાને મદદગાર બની રાજ્યના રક્ષણનું કામ કરે છે અને પાદરીઓ શિક્ષણ અને ધર્મને લગતા કર્તવ્ય બજાવે તેથી તેમને કોઈ કરવેરા ભરવાના નહીં. પરંતુ જે ત્રીજો સ્તર-વર્ગ છે તેમાં વેઠિયા ખેડૂતો,

વેપારીઓ અને મધ્યમ વર્ગોનો સમાવેશ થતો. આ વર્ગો રાજા પ્રત્યે આવાં કોઈ ઉમદા કાર્યો કરતા નથી માટે તેમણે કરવેરા ભરી ઉદ્યોગો ચલાવી રાજ્યની સેવા કરવી તેવો નિયમ હતો. તમને જાણીને આશ્ચર્ય થશે કે ખેડૂત પોતાની ૮૦ ટકા આવક અલગ અલગ પ્રકારના કરવેરા રૂપે આપી દેતો અને બાકીના વીસ ટકામાં ખેડૂતના કુટુંબનું ગુજરાન માંડ ચાલતું.

*શકરી:* આવા અન્યાય સામે ખેડૂતો બળવો નહોતા કરતા?

એકતાઃ તે સમયે ફ્રાંસમાં ઘણી વાર ખેડૂતોનાં રમખાણો થતાં. એક વખત ભૂખથી પીડાતી જનતાએ જ્યારે હુલ્લડ કર્યું ત્યારે લુઈના ગર્વનરે તેમને કહ્યું, “હવે ઘાસ ઊગવા લાગ્યું છે. જાઓ, ખેતરોમાં અને ચરી ખાઓ!”

*ફરઝાના:* આ તો જાણે દાઝ્યા ઉપર ડામ આપ્યો કહેવાય.

*એકતા:* હા. એવું જ કહેવાય, પરંતુ ધીમે ધીમે, નવા વિકસતા જતા મધ્યમ વર્ગો કે જેમાં વેપારીઓ, લેખકો, વકીલો, ઉદ્યોગપતિઓ, ડોક્ટરો, શિક્ષકો વગેરેનો સમાવેશ થતો હતો તેઓ પણ સામંત યુગનાં બંધનો અને જોહુકમીથી કંટાળ્યા હતા. તેમના અસંતોષને મહાન ફિલસૂફોના વિચારોનો સાથ મળ્યો.

વોલ્તેર, રૂસો, મોન્તેસ્ક જેવા વિચારકોએ માનવીની સ્વતંત્રતા, ધાર્મિક અંધશ્રદ્ધા સામે બુદ્ધિવાદ અને તર્કની વાતો કરી. રૂસોએ પોતાના પુસ્તકમાં લખ્યું, ‘મનુષ્ય જન્મે છે તો સ્વતંત્ર પણ તે સર્વત્ર બંધનમાં જણાય છે’.

*નીરુ:* અરે, પણ આવા બધા ફિલસૂફીનાં મોટાં મોટાં પુસ્તકો કોણ વાંચતું હશે?

*આશા:* સામાન્ય ગરીબ જનતા પર વિચારકોની અસર થતી હશે ખરી?

*એકતા:* વિચારોની અસર સમાજ પરિવર્તનના કોઈ પણ સંઘર્ષ માટે ખૂબ જ મહત્ત્વની હોય છે.

*કમલા:* પણ વિચારોથી સમાજ થોડો જ બદલાય? આ હું રોજ વિચાર્યા કરું છું કે સ્ત્રીઓને સમાન અધિકાર મળે. તેથી સ્ત્રીઓને અધિકાર થોડા જ મળી જાય? તે માટે તો સંઘર્ષ જ કરવો પડે ને?

*એકતા:* તારો પ્રશ્ન મહત્ત્વનો છે. માત્ર વિચારો કરવાથી સમાજ બદલાતો નથી પણ વગર વિચાર્યે, સમાજને સમજ્યા વગર, માત્ર સંઘર્ષ કર્યા કરવાથી પણ સમાજ બદલાતો નથી. તે માટે મોજૂદ સમાજને સમજવો પડે અને આવનારો સમાજ કેવો હશે તેના વિશે પણ વિચારવું પડે. જ્યારે નવા સમાજનું સમર્થન કરે તેવા વિચારો

સમાજના મોટા ભાગના લોકો સુધી પહોંચે ત્યારે જ નવા સમાજનાં મૂળિયાં નંખાય. આમ સમાજને બદલવા માટે વિચારધારા ખૂબ મહત્ત્વની છે. જેમ કે સામંતશાહી વ્યવસ્થાને ઊથલાવવા માટે અને મૂડીવાદી વ્યવસ્થાને મજબૂત કરવા માટે નવપ્રકાશના યુગ (Age of Enlightenment)ના વિચારોએ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

*શકરી:* આ નવપ્રકાશનો યુગ એટલે શું?

*એકતા:* આપણે ફ્રાંસની ક્રાંતિની વાત કરતાં કરતાં બીજી ચર્ચાએ ચડી ગયા છીએ પણ આ ચર્ચા પણ મહત્ત્વની છે એટલે પહેલાં તેના વિશે થોડું સમજી લઈએ.

**નવપ્રકાશનો યુગ**

યુરોપમાં ૧૭મી અને ૧૮મી સદીનો સમય નવપ્રકાશના યુગ (enlighten-ment) તરીકે પણ જાણીતો બન્યો. આ સમય મધ્ય યુગની પરંપરાગત માન્યતાઓ - અંધશ્રદ્ધાઓ સામે તર્કના યુગ તરીકે ઓળખાયો. મધ્ય યુગમાં ચાલતી ધર્મ અને રાજ્યની એકહથ્થુ સત્તા સામે નવપ્રકાશના યુગના અનેક વિચારકોએ પડકાર ફેંક્યો. તેમાંનાં કેટલાક મહત્ત્વના વિચારકો વોલ્તેર (Voltaire), રૂસો (Rousseau), ડેવિડ હ્યુમ (David Hume) વગેરે હતા. ચર્ચ દ્વારા નવા વિચારો અને વૈજ્ઞાનિક શોધખોળોને દબાવી દેવાની જે કોશિશ થતી હતી તેની ધાર્મિક અસહિષ્ણુતા સામે આ વિચારકોએ પડકાર ફેંક્યો હતો અને રાજ્યની તાનાશાહી સામે નાગરિકોના અધિકારની વાત પણ તેમણે કરી હતી. આ નવા વિચારો મુજબ રાજ્યને નાગરિકોની સહમતી વગર તેમની પર રાજ કરવાનો અધિકાર નથી. રાજ્યને આ અધિકાર કરાર દ્વારા મળે છે. આમ, સમાજનાં પાયાનાં મૂલ્યો, સ્વતંત્રતા, લોકશાહી અને તર્ક છે તેવી વાત આ વિચારકોના વિચારોમાં હતી.

આ વિચારો નવી ઊભરી રહેલી મૂડીવાદી વ્યવસ્થાના વિકાસ માટે મદદરૂપ બન્યા કારણ કે ચર્ચ અને સામંતોની તર્કહીન સત્તા સામેની તેમની લડતને તેણે વિચારોનું માળખું પૂરું પાડ્યું.

*રેશ્મા:* તો આ વિચારકોએ તે સમયના સામાન્ય લોકોના અધિકારો માટેની લડતમાં ઘણું યોગદાન આપ્યું હશે, નહીં?

*એકતા:* હકીકત તો એ છે કે સ્વતંત્રતા, સમાનતા, લોકશાહી અને માનવીના કુદરતી અધિકારોની વાત ઘણાબધા વિચારકોએ માત્ર સંપત્તિ ધરાવનાર મૂડીવાદી વર્ગ પૂરતી સીમિત રાખી હતી.

સંપત્તિવિહીન, શ્રમજીવીઓ અને ગુલામોને ઘણા સંઘર્ષ બાદ આ અધિકાર મળ્યો અને સ્ત્રીઓને તો ત્યાર પછી પણ મતાધિકાર માટે સદીઓ સુધી ઝઝૂમવું પડ્યું. તમને જાણીને નવાઈ લાગશે કે આફ્રિકાની હબસી પ્રજાને પકડીને જાનવરની જેમ કેદમાં નાખી તેમનો વેપાર કરવાના અને અમેરિકાની વણખેડી જમીન પર તેમની પાસે ગુલામી કરાવવાના બનાવો પણ આ જ સમયમાં બન્યા. અને હજારો સ્ત્રીઓને ડાકણ ગણી તેમને જીવતી સળગાવવાના બનાવોથી યુરોપ-અમેરિકાનો ઇતિહાસ આ જ સમયમાં ખરડાયો.


*નીરુ:* ડાકણ! તો શું આપણા ગામડાંઓની જેમ યુરોપમાં પણ ડાકણો હતી?

*કમલા:* અરે, નીરુ, ખરેખર ડાકણ જેવું કાંઈ હોતું જ નથી. એ તો બધા મનના વહેમ છે.

*ફરઝાના:* ના હો, અમારા ગામમાં પણ....

*રેશ્મા:* અરે, તમે જો ડાકણ હોય છે કે નહીં તેની ચર્ચામાં પડી જશો તો મૂળ વાત આડે પાટે ચડી જશે.

*એકતા:* બરોબર. કમલા ને રેશ્માની વાત સાચી છે. આપણે તે અંગે ફરી ક્યારેક વિગતે ચર્ચા કરીશું પણ યુરોપ-અમેરિકામાં શા માટે સ્ત્રીઓને ડાકણ ગણી મોતને ઘાટ ઉતારવામાં આવતી હતી તેની વાત ટૂંકમાં કહું તો, ૧૫મી સદીથી શરૂ કરીને ૧૯મી સદી દરમ્યાન યુરોપ-અમેરિકામાં લાખો સ્ત્રીઓને ડાકણ ગણીને મોતને ઘાટ ઉતારવામાં આવી હતી.



*આશા:* આટલી બધી સ્ત્રીઓ સાથે આવું ક્રૂર વર્તન કરવાનું કારણ શું?

*એકતા:* બહાનાં તો ધર્મના નામે અનેક બતાવવામાં આવતાં. જેમ કે, કોઈ સ્ત્રી જાદુટોણાં કરે છે... તેણે કોઈને ઝેર આપ્યું છે, તે પાપીણી છે વગેરે વગેરે... પણ મૂળ તો એ સ્ત્રીઓને ડરાવવાનું ને કાયમને માટે પુરુષોની સત્તા હેઠળ દબાયેલી રાખવાનું એક ષડ્યંત્ર હતું. અભ્યાસુઓએ કરેલ સંશોધનોમાં એ વાત બહાર આવી છે કે મોટે ભાગે, જે સ્ત્રી વૃદ્ધ હોય અને સામાજિક રીતે ઉપયોગી ન હોય અથવા ખૂબ મજબૂત હોય અને સમાજના કે ધર્મના સત્તાધારીઓ સામે અવાજ ઉઠાવતી હોય કે પછી તે દાયણ હોય અને ડોશીવૈદા દ્વારા ગરીબોને કે સ્ત્રીઓને મદદ કરતી હોય, સ્ત્રીઓને બાળક થતું રોકવામાં કે ગર્ભપાત કરાવવામાં મદદ કરતી હોય તેવી હોંશિયાર સ્ત્રીઓને ડાકણ જાહેર કરી તેમને સળગાવી દેવામાં આવતી અથવા ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવતી.

*શકરી:* પણ આ રીતે સ્ત્રીઓને મદદ કરવી તે તો સારું કામ ન ગણાય?

*એકતા:* સારું જ ગણાય. પરંતુ ધર્મગુરુઓ એવું કહેતા કે બાળક આવતું રોકવું કે ગર્ભપાત કરાવવો તે એક પાપ છે. ઉપરાંત, કેટલાક અભ્યાસો એ પણ દર્શાવે છે કે જેમ જેમ દાક્તરી વિજ્ઞાનને વ્યવસાય તરીકેનો દરજ્જો મળતો ગયો તેમ તેમ સ્ત્રીઓને તેમાંથી બાકાત રાખવા માટે જે કોઈ જાણકાર સ્ત્રી ઓસડિયાં ને વનસ્પતિ દ્વારા લોકોની સારવાર કરતી હતી, તેમને આ રીતે સજા કરવામાં આવી કે જેથી આ નવા વ્યવસાયમાં પુરુષોનો ઈજારો કાયમ રહે.

*રેશ્મા:* પણ નવપ્રકાશયુગના વિચારકો કે જે ચર્ચની સત્તાનો વિરોધ કરતા હતા તેઓએ આ બાબતમાં કાંઈ ન કહ્યું?

*એકતા:* નવપ્રકાશના યુગના કેટલાક વિચારકોથી સ્ત્રીઓને મદદ જરૂર મળી પણ બીજા કેટલાક તો સ્પષ્ટ રીતે સ્ત્રીઓના સમાન અધિકારની વિરુદ્ધમાં હતા. સામંતશાહીમાં સ્ત્રીઓના નીચલા દરજ્જાને ઈશ્વરના કાયદાના નામે ચાલુ રાખવામાં આવતો હતો તેને બદલે આ વિચારકોએ તો તેનાથી પણ વધુ ભયંકર એવા કુદરતના કાનૂનની વાત કરી. આમાંના કેટલાક વિજ્ઞાનીઓ, ડોક્ટરો, ફિલસૂફોએ આદર્શ માનવીનું એવું ચિત્ર ઊભું કર્યું કે જે

એક પુરુષનું ચિત્ર હતું અને સ્ત્રીના સંપૂર્ણ મનુષ્ય હોવા અંગે પણ તેમણે શંકા ઊભી કરી. અને આ વિચારોને આધારે તેમણે સ્ત્રી અને પુરુષના કામ અને ભૂમિકાને બે ભાગમાં વહેંચી નાંખ્યાં. જાહેર જીવનમાં પુરુષ અને ઘરના ખૂણે સ્ત્રી એવા બે ભાગ કાયમ કર્યા.

*કમલા:* પણ માનવજાતની અડધી વસ્તી એવી સ્ત્રીઓ પ્રત્યેના અન્યાયને વાજબી ઠેરવવા તેમણે કયાં કારણો આપ્યાં?

*એકતા:* ફ્રાંસના વિખ્યાત વિચારક રૂસોએ પોતાના શિક્ષણ અંગેના વિખ્યાત પુસ્તક 'એમિલી'માં કહ્યું કે, "સ્ત્રીનું સર્જન પુરુષને ખુશ રાખવા માટે થયું છે. જો તેના બદલામાં પુરુષ સ્ત્રીને ખુશ કરે તો ઠીક પણ તેમ કરવાની તેની કોઈ સીધી ફરજ નથી. પુરુષના ગુણ તેની સત્તામાં છે કારણ કે તે મજબૂત છે. આ પ્રેમનો કાયદો નથી. કુદરતનો કાયદો છે. કુદરતનો કાયદો પ્રેમ કરતાં ઘણો વધારે જૂનો છે." તેણે એમ પણ કહ્યું કે, અસમાનતા સામે સ્ત્રીઓની લડતનો કોઈ પાયો જ નથી. કારણ કે સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા તો કુદરતી છે. તેથી સ્ત્રીને શિક્ષણ મળવું જોઈએ. પણ કેવું? જે તેને ઘરેલુ ગૃહિણી બનાવે તેવું... 'સ્ત્રી જો મધુર અને વિનયી હોય તો જ તે સુંદર લાગે છે. જો તેનામાં આ ગુણો ન હોય તો પુરુષ માટે તે નકામી છે'.

*શકરી:* જાણે કે સ્ત્રી માણસ નહીં પણ પુરુષો માટે બનાવેલી કોઈ વસ્તુ હોય!

*એકતા:* ઈંગ્લેન્ડના વિચારક જેમ્સ મિલ (૧૭૭૩-૧૮૩૬)ના વિચાર મુજબ સ્ત્રીઓને મત આપવાના અધિકારની જરૂર નથી કારણ કે તેના હિતનું રક્ષણ તેના પિતા કે પતિના મત આપવાના અધિકારમાં આવી જ જાય છે.

આમ, બૌદ્ધિકો અને નવજાગૃતિના ઘણા ફિલસૂફોએ તે વખતના સમાજના દરેક જૂથ જેમ કે પ્રોટેસ્ટંટ, યહૂદી, ગુલામો, કાળા લોકો એમ દરેકના અધિકારો અંગે ચર્ચાઓ ચલાવી હતી, પરંતુ સ્ત્રીઓના અધિકાર અંગે તો પરંપરાગત દૃષ્ટિ જ અપનાવી હતી. તેઓ સ્ત્રીઓને શરીર વિજ્ઞાનની દૃષ્ટિએ પુરુષથી અલગ માનતા હતા. અને તેથી તેમની ભૂમિકા જાહેર રાજકારણમાં નહીં પરંતુ ઘરેલુ ક્ષેત્રમાં જ છે તેવું તેઓ માનતા હતા.



*ફરઝાના:* તો શું તે વખતે ફ્રાંસની સ્ત્રીઓનો તેમના સમાજમાં કોઈ ફાળો ન હતો?

*એકતા:* સ્ત્રીઓનો ફાળો તો ઘણો મોટો હતો. ફ્રાંસની મોટા ભાગની સ્ત્રીઓ ખેડૂત તરીકે, દુકાનદાર તરીકે, ધોબણ તરીકે એમ અલગ અલગ પ્રકારના રોજગારનાં કામોમાં રોકાયેલી હતી અને માટે જ ફ્રાંસની ક્રાંતિમાં મોટા ભાગની સ્ત્રીઓ પોતાના અને કુટુંબના જીવનનિર્વાહના પ્રશ્નો લઈને રસ્તા પર આવી હતી. આજે આવી જ ભાવના વ્યક્ત કરતા ગીતથી ચર્ચા પૂરી કરીશું અને ફ્રાંસની સ્ત્રીઓના સંઘર્ષ વિશેની બાકીની વાતો આવતી કાલે કરીશું.

# ઈસ લિયે રાહ સંઘર્ષ કી



ઈસ લિયે રાહ સંઘર્ષ કી હમ ચુને
જિંદગી આંસુઓં મેં નહાઈ ન હો
શામ સહમી ન હો રાત હો ન ડરી
ભોર કી આંખ ફિર ડબડબાઈ ન હો

સૂર્ય પર બાદલોં કા ન પહરા રહે
રોશની રોશનાઈ મેં ડૂબી ન હો
યૂં ન ઈમાન ફૂટપાથ પર હો ખડા
હર સમય આત્મા સબકી ઊબી ન હો
આસમાન મેં ટંગી હો ન ખુશહાલિયાં
કૈદ મહલોં મેં સબકી કમાઈ ન હો

કોઈ અપની ખુશી કે લિએ ગૈર કી
રોટિયાઁ છીન લે હમ નહીં ચાહતે
છીટ કર થોડા ચારા કોઈ ઉમ્ર કી
હર ખુશી બીન લે હમ નહીં ચાહતે
હો કિસી કે લિયે મખમલી બિસ્તરા
ઔર કિસી કે લિયે એક ચટાઈ ન હો

અબ તમન્નાએ ફિર ન કરે ખુદકુશી
ખ્વાબ પર ખૌફ કી ચૌકસી ન રહે
શ્રમ કે પાંવોં મેં હો ન પડી બેડિયાઁ
શક્તિ કી પીઠ અબ જ્યાદતી ન સહે
દમ ન તોડે કહીં ભૂખ સે બચપના
રોટિયોં કે લિયે ફિર લડાઈ ન હો

બહ રહા હૈ લહૂ બેકસૂરોં કા ક્યોં
જલ રહી બસ્તિયાં ફિર ગરીબોં કી ક્યોં
ધર્મ કે નામ પર હો રહે કત્લ ક્યોં
જલ રહા દેશ નફરત કી આગ મેં ક્યોં
ફિર કભી ખૂન સસ્તા ન હો ગૈર કા
ધર્મ કે નામ પર ફિર લડાઈ ન હો।

*- વશિષ્ઠ અનૂપ*

# ફ્રાંસની ક્રાંતિ અને સ્ત્રીઓનો સંઘર્ષ

*આશા:* આજે અમને કેવી પરિસ્થિતિમાંથી ક્રાંતિની શરૂઆત થઈ તે વિગતો કહેશોને?

*એકતા:* જરૂર. આપણે આગળ જોયું તેમ એક બાજુ રાજાઓના વૈભવ-વિલાસ, નમાલાપણું તથા આમ જનતાની કારમી ગરીબાઈ; વોલ્તેર, રૂસો મોન્તેસે જેવા વિચારકોનો પ્રભાવ અને અર્થવ્યવસ્થામાં મધ્યમ વર્ગનું વધતું જતું મહત્ત્વ. આ તમામ પરિબળોની વચ્ચે ફ્રાંસમાં ૧૬મો લુઈ ૧૭૭૪માં ગાદીએ આવ્યો. તે તથા તેની રાણી આંત્વાનંત બંનેને આમ જનતા પ્રત્યે તિરસ્કાર હતો. આ દરમ્યાન ઈંગ્લેન્ડ સામેના સાત વર્ષના વિગ્રહમાં ફ્રાંસનો પરાજય થયો અને ફ્રાંસની સરકાર દેવામાં ડૂબી ગઈ. રાજાના દરબારમાં દબદબો જાળવવા અને આ દેવા ભરવા પૈસા લાવવા ક્યાંથી? અમીર-ઉમરાવો અને પાદરીઓનાં બે ઉપલાં જૂથો તો વિશિષ્ટ અધિકારો ભોગવતાં હતાં. તેઓ કરવેરા આપતા ન હતા. બાકીના રહ્યા તે ત્રીજા સ્તરના સામાન્ય માણસો. તેથી આ પ્રશ્નના ઉકેલ માટે ૧૭૮૯માં રાજાએ વર્સાઈલ્સ આગળ દેશના ત્રણેય વર્ગોના પ્રતિનિધિઓની સભા બોલાવવાનું એલાન કર્યું. ૧૭૫ વર્ષમાં પહેલી વાર ત્રણે વર્ગોના પ્રતિનિધિઓ આ સભામાં મળવાના હતા. આ સભાનું એલાન થવાથી ફ્રાંસમાં જાહેર ચર્ચાઓનો વંટોળ ઊપડ્યો. ત્રીજા વર્ગના પ્રતિનિધિઓ સહિત દરેક જૂથની અપેક્ષા હતી કે આ સભામાં તેઓ પોતાના પ્રશ્નો રજૂ કરે. આમ બધાં જૂથ પોતપોતાના પ્રશ્નો અંગેની અરજી તૈયાર કરવા મંડી પડ્યાં.

*રેશ્મા:* તો શું સ્ત્રીઓએ પણ પોતાના પ્રશ્નોની રજૂઆત કરવાનું વિચાર્યું હતું?



*એકતાઃ* આ સભામાં સ્ત્રીઓને સ્ત્રી તરીકે પોતાના પ્રશ્નો રજૂ કરવાનું કે પ્રતિનિધિ મોકલવાનું આમંત્રણ જ ન હતું. તેમ છતાં કેટલીક સ્ત્રીઓએ સ્ત્રીઓના શિક્ષણ, મિલકત પરના અધિકાર જેવા પ્રશ્ન અંગેની અરજીઓ મોકલી.

આ સભામાં ત્રીજા વર્ગના પ્રતિનિધિઓએ એક બની માગણી કરી કે તેમની સહમતી વગર તેમની પર કોઈ નવા કરવેરા લાદી ન શકાય. આ સાંભળી રાજા લૂઈએ તેમને સભાગૃહમાંથી હાંકી કાઢ્યા પરંતુ આ લોકો વિખરાઈ જવાને બદલે પાસેના ટેનિસ રમવાના મેદાનમાં એકઠા થયા અને જ્યાં સુધી રાજ્યનું નવું બંધારણ ન થાય ત્યાં સુધી લડી લેવાની પ્રતિજ્ઞા કરી. તે 'ટેનિસ કોર્ટની પ્રતિજ્ઞા' તરીકે જાણીતી છે.

*રેશ્માઃ* તો શું રાજાએ તેમને ત્યાં એકઠા થતાં રોક્યા નહીં?

*એકતાઃ* કોશિશ જરૂર કરી પરંતુ તે નિષ્ફળ ગઈ. જ્યારે રાજાએ પોતાના સૈનિકોને આ લોકો સામે બળનો ઉપયોગ કરવા હુકમ કર્યો પરંતુ તેના સૈનિકોએ તેની આજ્ઞા માની નહીં અને નિર્દોષ લોકો પર જુલમ કરવાની ના પાડી. આથી રાજાએ લોકોને દબાવી દેવા પરદેશમાંથી સૈન્ય લાવવાની પેરવી કરી તો પ્રજા ભડકી ઊઠી. ૧૭૮૯ના જુલાઈની ૧૪મી તારીખે પેરિસના લોકો ઉઠ્યા અને પેરિસની મધ્યમાં આવેલ બસ્તિય જેલ પર હુમલો કર્યો. લોકોને જાણવા મળ્યું હતું કે બસ્તિયના કિલ્લામાં આવેલી આ જેલમાં અનેક રાજકીય કેદીઓને રાખવામાં આવ્યા છે અને લોકોની ક્રાંતિને કચડી નાંખવા માટે હથિયારો પણ ભેગાં કરવામાં આવ્યાં છે. આથી લોકોનો આક્રોશ આસમાને પહોંચ્યો હતો. તેમણે હાથમાં હથિયારો લઈ આ કિલ્લા પર હુમલો કર્યો અને જેલના કેદીઓને છોડી મૂક્યા. સામંત યુગના દમનના પતનની આ શરૂઆત હતી. ત્યાર બાદ ટેનિસ કોર્ટમાં ભેગા થયેલ પ્રતિનિધિઓની બનેલી ક્રાંતિકારી રાષ્ટ્રસભાએ સત્તા હાથમાં લીધી. જો કે, હજુ પણ બંધારણીય રાજાશાહી દ્વારા રાજાની મર્યાદિત સત્તા ચાલુ રાખી. ૧૪ જુલાઈનો આ યાદગાર દિવસ આજે પણ ફ્રાંસમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવાય છે.

*શકરીઃ* વેઠિયા ખેડૂતો અને ખેત મજૂરોનું શું થયું?

*એકતાઃ* ક્રાંતિની આ આગ જોતજોતાંમાં આખા ફ્રાંસમાં પ્રસરવા માંડી અને ગામેગામમાં ખેડૂતો સામંતોના અન્યાયી શોષણનો, પરંપરાગત

કાયદાઓ માનવાનો ઇન્કાર કરવા માંડ્યા. આ ક્રાંતિની આગને વધારે પડતી આગળ જતી રોકવા માટે પ્રથમ એસ્ટેટના સામંતો અને બીજા એસ્ટેટના પાદરીઓ પોતાના વિશેષ અધિકારો જતા કરવા મજબૂર બન્યા.

લોકોની પ્રતિનિધિ એવી ક્રાંતિકારી રાષ્ટ્રસભા (નેશનલ એસેમ્બલી)એ ઓગસ્ટના અંત સુધીમાં માનવીના અધિકારોનું જાહેરનામું બહાર પાડ્યું. તેમાં ઘોષણા કરવામાં આવી કે, "મનુષ્ય સમાન અધિકારોની સ્વતંત્રતા સાથે જન્મે છે અને તેની સાથે જ જીવે છે." કાયદાની નજરે બધા સમાન, અભિવ્યક્તિની સ્વતંત્રતા, કાયદાની પ્રક્રિયા વગર કોઈને સજા ન થઈ શકે વગેરે મૂળભૂત માનવ અધિકારોનો આ જાહેરનામામાં સમાવેશ કરવામાં આવ્યો. સ્વતંત્રતા, સમાનતા, બંધુતા એ આ ક્રાંતિનો નારો હતો.

*કમલા:* જો કાયદાની નજરે બધા સમાન હોય તો તો સ્ત્રીઓને પણ નાગરિક તરીકે સમાન અધિકાર મળી ગયા હશે?

*એકતા:* હકીકતમાં ફ્રાંસની સ્ત્રીઓએ આ ક્રાંતિમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને હજુ પણ ભજવવાની હતી તેમ છતાં અડધી વસ્તી એવી સ્ત્રીઓને મનુષ્ય અને નાગરિક તરીકેના આ અધિકારોમાંથી સાવ જ સહજ રીતે બાકાત રાખવામાં આવી હતી!

આગળ વાત કરું તો ક્રાંતિકારી રાષ્ટ્રસભાએ આ સ્વતંત્રતાની ઘોષણા તો કરી પણ રાજાએ તેને મંજૂર કરવાની ના પાડી. દિવસે દિવસે આર્થિક સંકટ વધારે ઘેરું થતું જતું હતું. બ્રેડના ભાવો આસમાને અડકવા લાગ્યા. પરંતુ રાજા અને તેનું કુટુંબ લોકોની યાતનાઓથી દૂર પોતાના વર્સાઈલ્સના ભવ્ય મહેલમાં પોતાના દરબારીઓ સાથે મોજમજા કરતાં હતાં. પેરિસની મહેનતકશ સ્ત્રીઓથી આ સહન ના થયું અને રાજાને ભૂખથી પીડાતા લોકોની સ્થિતિનું ભાન કરાવવા પેરિસથી સ્ત્રીઓનું ટોળું વર્સાઈલ તરફ ચાલી નીકળ્યું. વરસતા વરસાદમાં ૧૨-૧૨ માઈલ ચાલીને નીકળેલા આ સ્ત્રીઓના સમૂહની આગેવાની નીચે ધીમે ધીમે હજારો સ્ત્રીઓ અને પુરુષો જોડાવા લાગ્યાં. વર્સાઈલ્સ પહોંચ્યા પછી રાજા તરફથી કોઈ સરખો જવાબ ન મળતાં આક્રોશથી બેભાન ને બેકાબૂ બનેલા આ કાફલાએ રાજાના બે સંરક્ષકોની હત્યા કરી. આ બનાવથી રાજા ડરી ગયો અને તેને પોતાના કુટુંબ સાથે પેરિસમાં આવવાની ફરજ પડી.

''

*રેશ્મા:* આ સ્ત્રીઓએ રાજા જેવા રાજાથી ડર્યા વગર તેને સાચી પરિસ્થિતિનું ભાન કરાવ્યું તેના બદલામાં ક્રાંતિના આગેવાનો તરફથી તેમને શું મળ્યું?

*એકતા:* રાષ્ટ્રસભાએ ૧૭૯૧ સુધીમાં ફ્રાંસનું નવું બંધારણ બનાવી દીધું. આ બંધારણમાં સામંતોના વિશેષ અધિકારોને નાબૂદ કર્યા. રાજાના દેવાની ચુકવણી કરવા કેથોલિક ચર્ચની સંપત્તિ ખાલસા કરી અને યહૂદી તેમ જ અન્ય ધાર્મિક લઘુમતીઓને પણ પૂર્ણ નાગરિક તરીકેના બધા અધિકારો આપ્યા પરંતુ સ્ત્રીઓને મતાધિકારથી બાકાત રાખી.

*નીરુ:* અરે રે! આ તો જાણે દળી દળીને કુલડીમાં...

*આશા:* મને તો થાય છે કે સ્ત્રીઓએ આટલો બધો સંઘર્ષ કર્યો જ શા માટે?

*ફરઝાના:* અરે! પોતાનાં બાળકો માટે, પરિવાર માટે.

*એકતા:* સાચી વાત. સ્ત્રીઓ જ્યારે રસ્તા પર આવે છે ત્યારે માત્ર પોતાનો જ વિચાર નથી કરતી. પોતાના કુટુંબ અને સમગ્ર સમાજ માટે સંઘર્ષનો રસ્તો પસંદ કરે છે. જો કે પછી તેનાથી આગળ પણ વધે છે. ક્રાંતિ દરમ્યાન સ્ત્રીઓએ પોતાની એકતાની તાકાતનો અનુભવ કર્યો હતો. નાગરિક તરીકેના અધિકારો મેળવવા તેઓ લડી રહ્યા હતા. તે માટે આ સ્ત્રીઓ પોતાની રાજકીય ક્લબોની સ્થાપના કરી હતી. સોશ્યલ સર્કલ નામનાં જૂથોમાં ભેગા મળી સ્ત્રીઓના અધિકારો માટે તેઓએ લડત ચલાવી હતી. એટા પાલ્મ (Etta Palm d' Aelders) નામની ડચ મૂળની સ્ત્રીએ તેમાં આગળ પડતો ભાગ ભજવ્યો. તેમણે શિક્ષણ, લગ્ન, છૂટાછેડા, સંપત્તિમાં સ્ત્રીઓને સમાન અધિકારો મળે તે માટે માગણી કરી. પણ પુરુષ ક્રાંતિકારીઓને આ વાત પસંદ ન પડી. જ્યારે સ્ત્રીઓની સંસ્થા, 'સોસાયટી ફોર રિવોલુશનરી રિપબ્લિકન વીમેન' દ્વારા સ્ત્રીઓના અધિકાર ઉપરાંત ખોરાકની તંગી, તેના ઊંચા ભાવ જેવા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા ત્યારે ૧૭૮૩માં નવી સરકારે સ્ત્રીઓના આ સમૂહોને ગેરકાયદે જાહેર કર્યા.


૧૭૯૩માં સ્ત્રીઓનું એક જૂથ રાષ્ટ્રીય સભામાં ભાવવધારા-વિરોધી રજૂઆત કરવા ગયું ત્યારે તેમને નેતાઓએ જણાવ્યું કે પરિષદ બે દિવસ માટે મોકૂફ રાખવામાં આવી છે માટે તમારી ફરિયાદ બે દિવસ પછી સાંભળવામાં આવશે. ત્યારે સ્ત્રીઓએ

તેમને સંભળાવી દીધું કે, જ્યારે અમારાં બાળકો દૂધ માંગે છે ત્યારે અમે તેમની માગણીને બે દિવસ માટે મોકૂફ નથી કરી દેતા. ૧૭૯૫માં ફરી એક વાર ખોરાકની તંગી માટે રજૂઆત કરવા મોટા પ્રમાણમાં સ્ત્રીઓ રાષ્ટ્રીય પરિષદમાં ગઈ. જ્યારે તેમની વાત કોઈએ ના સાંભળી ત્યારે પરિસ્થિતિથી હતાશ થયેલી તેમ જ ઉશ્કેરાયેલી સ્ત્રીઓએ એક સભ્યની હત્યા પણ કરી નાખી. સરકારે પરિસ્થિતિનો લાભ લઈ તરત જ સ્ત્રીઓને મિટિંગના સ્થળમાં પ્રવેશવા પર પણ પ્રતિબંધ મૂક્યો.

*કમલા:* આ તો મત આપવાનો અધિકાર તો ના આપ્યો પણ પોતાના પ્રશ્નો રજૂ કરવાનો પણ અધિકાર લઈ લીધો!

*શકરી:* અને પોતાનું સંગઠન બનાવવાની પણ છૂટ નહીં!

*એકતા:* આના કરતાં પણ ઘણું વધારે બલિદાન અનેક સ્ત્રીઓએ આપવું પડ્યું હતું. તે તમામ સ્ત્રીઓની વાત આપણે કરી શકતા નથી પરંતુ આ તમામ લડાયક સ્ત્રીઓમાં ઓલેમ્પી ડી ગોજીસ (Olympe de Gouges) ની વાત ન કરીએ તો ફ્રાંસની ક્રાંતિની વાત અધૂરી જ રહે. કારણ કે સ્ત્રીઓના રાજકીય અધિકાર માટે સૌથી ધારદાર રજૂઆત તેણે કરી હતી. ઓલેમ્પી એક લેખિકા હતા અને ગુલામી પ્રથા સામેનું ફ્રેન્ચ ભાષામાં પહેલું નાટક તેણે ૧૭૮૨માં લખ્યું હતું.



ક્રાંતિકારી રાષ્ટ્રસભાએ બહાર પાડેલા માનવીના અધિકારોના જાહેરનામાની સામે તેણે ૧૭૯૧માં સ્ત્રીઓના અધિકારનું જાહેરનામું (Declaration of the Rights of Woman) બહાર પાડ્યું હતું. આ દસ્તાવેજને સ્ત્રીઓના આત્મનિર્ણયના અધિકારોનો પ્રથમ દસ્તાવેજ કહી શકાય,

જ્યારે ક્રાંતિ પછી સ્ત્રીઓને નાગરિક તરીકેના અધિકારોથી બાકાત રાખવામાં આવી ત્યારે તેણે લખ્યું:

"... ગુલામ પુરુષે પોતાની બેડીઓ તોડવા પોતાની તાકાત વધારી છે અને તમારી તાકાતનો પણ ઉપયોગ કર્યો છે. પરંતુ મુક્ત થયા પછી તે પોતાની સાથીદાર એવી સ્ત્રી સાથે અન્યાય કરી રહ્યો છે. ઓ સ્ત્રીઓ... ઓ સ્ત્રીઓ... તમે ક્યારે અંધાપામાંથી બહાર આવશો? આ ક્રાંતિથી તમને શું ફાયદો થયો?"

*ફરઝાના:* સાવ સાચી વાત.

*એકતા:* પણ આ સાચી વાત કહેવાની કિંમત તેને પોતાની જિંદગીનું બલિદાન આપીને ચૂકવવી પડી. ૩ નવેમ્બર ૧૭૯૩ના રોજ તેને જિલોટિન પર ચડાવી મૃત્યુદંડની સજા કરવામાં આવી કારણ કે તેણે એવી માગણી કરી હતી કે ફ્રાંસની ભાવિ સરકાર પોતાને ક્રાંતિકારી ગણાવતી રાષ્ટ્રસભા દ્વારા નહીં પણ સ્ત્રીઓ સહિત તમામ લોકોના મત - રેફરન્ડમ - દ્વારા નક્કી થવી જોઈએ.

ઓલેમ્પી સહિત કેટલીક અન્ય ક્રાંતિકારી સ્ત્રીઓને મૃત્યુદંડ આપ્યા બાદ અન્ય સ્ત્રીઓને ખુલ્લેઆમ એવી ધમકી આપવામાં આવતી કે જો તેઓ રાજકારણમાં પડશે તો તેમના પણ આવા જ હાલ થશે.

વિરોધાભાસી હકીકત એ છે કે મોટા ભાગની સ્ત્રીઓ ક્રાંતિમાં જોડાઈ, ક્રાંતિની આગેવાની કરી અને અનેક બલિદાનો આપ્યાં છતાં ફ્રાંસમાં સ્ત્રીઓને રાજકીય અધિકારો ન મળ્યા પરંતુ ફ્રાંસની ક્રાંતિનાં મોટા ભાગનાં પ્રતીકોને સ્ત્રી તરીકે દર્શાવાયાં.

*આશા:* એટલે?

*એકતા:* ફ્રાંસની ક્રાંતિએ જે વિચારો, શબ્દોનો ઉપયોગ કર્યો, જે ક્રાંતિના પ્રતીક બની ગયા તે શબ્દો હતા સ્વતંત્રતા (Liberty), સમાનતા (Equality), તર્ક (Fraternity) વગેરે. ક્રાંતિના વિચારો દર્શાવતા આ શબ્દો ફ્રેંચ ભાષામાં સ્ત્રીલિંગ છે અને આ વિચારોના પ્રતીક તરીકેનાં ચિત્રોમાં સ્ત્રીઓને દર્શાવાઈ. પરંતુ આ સ્ત્રીઓના પહેરવેશ ફ્રાંસની સામાન્ય સ્ત્રીઓ કરતાં તદ્દન અલગ, રોમન કે ગ્રીક દેવીઓનાં વસ્ત્રો જેવા ચીતરવામાં આવ્યા. આમ, તેમના પ્રતીકોમાં સ્ત્રી શરીરનો ઉપયોગ કરવામાં આવ્યો છે પરંતુ તે હકીકતમાં હાડ-ચામડાની સાચી સ્ત્રી નથી, વાસ્તવિક સ્ત્રી નથી, માત્ર એક પ્રતીક છે.




આમ, ફ્રાંસની ક્રાંતિ કે જેણે દુનિયાભરના સામાન્ય લોકોને પ્રેરણા આપી, નવા વિચારો આપ્યા અને સામાન્ય શ્રમજીવીઓના અધિકારો તથા તેમની સામૂહિક શક્તિનાં દર્શન કરાવ્યાં, તેણે સ્ત્રીઓને માત્ર એક કાલ્પનિક પ્રતીક બનાવીને સંતોષ માન્યો.

*આશા:* આ તો આપણા દેશ જેવું જ થયું. જે એક બાજુ સ્ત્રીને દેવી બનાવી તેની પૂજા કરે પણ તે તો માત્ર પથ્થરની મૂર્તિ હોય ત્યાં સુધી. જીવતી-જાગતી સ્ત્રીને તો દાસીની જેમ જ રાખે.

*રેશ્મા:* તો છેવટે ફ્રાંસની સ્ત્રીઓને મતાધિકાર ક્યારે મળ્યો?

*એકતા:* વાસ્તવિકતા એ છે કે ફ્રાંસની તમામ સ્ત્રીઓને નાગરિક તરીકેનો મતાધિકાર મેળવવા છેક ૧૯૪૪ સુધી રાહ જોવી પડી હતી!

*કમલા:* પણ ઓલમ્પીએ લખેલા 'સ્ત્રીઓના અધિકારના જાહેરનામા'નું શું થયું? તેના વિચારોને કોઈ આગળ ન લઈ ગયું?

*એકતા:* ફ્રાંસની સ્ત્રીઓના સંઘર્ષથી ભલે તેમને મતાધિકાર ન મળ્યો પણ સમગ્ર યુરોપમાં સ્ત્રીઓના પ્રશ્નો ચર્ચાના કેન્દ્રમાં આવ્યા હતા અને ત્યાર પછીની સ્ત્રી સમાનતાની લડતમાં પ્રેરણારૂપ બન્યા. ઓલેમ્પીએ લખેલું જાહેરનામું ઇતિહાસમાં ઘણા સમય સુધી ભુલાઈ ગયું હતું અને ઓછું પ્રચલિત બન્યું પણ તેના એક જ વર્ષ બાદ ૧૭૯૨માં 'મેરી વોલ્સ્ટોન ક્રાફ્ટે' લખેલ પુસ્તક 'નારીવાદના પ્રથમ ઘોષણાપત્ર' તરીકે ઇતિહાસમાં જાણીતું બન્યું.

*ફરઝાના:* અમને તેના વિશે કહોને.


*શકરી:* આજના માટે આટલું પૂરતું છે. બાકીની વાત હવે કાલે કરીશું.

## સંઘર્ષ જારી છે...

*એકતાઃ* મેરી વોલ્સ્ટોના ક્રાફ્ટ (Merry Wollstone Craft-1759-1797, તેના પુસ્તક A Vindication of the Rights of Women 1792 દ્વારા પ્રખ્યાત બની અને તેના પુસ્તકને નારીવાદના પ્રથમ ઘોષણાપત્ર તરીકેની ખ્યાતિ મળી. સ્ત્રીઓના અધિકારનું ઘોષણાપત્ર લખ્યું તે પહેલાં જ તેઓ એક લેખિકા તરીકે પ્રખ્યાત બની ચૂક્યાં હતાં અને યુરોપનાં ક્રાંતિકારી વર્તુળોમાં જાણીતાં હતાં. ઈંગ્લેન્ડ ઉપરાંત ફ્રાંસના ક્રાંતિકારીઓને મળી ચૂક્યાં હતાં. જો કે, તેના પહેલાં પણ અનેક સ્ત્રીઓએ, સ્ત્રીઓના શિક્ષણ, તેમના નાગરિક તરીકેના અધિકારો, આર્થિક સ્વાતંત્ર્ય અંગે આ પ્રકારના વિચારો વ્યક્ત કર્યા હતા પરંતુ ઇતિહાસમાં મેરી



વોલસ્ટોન ક્રાફ્ટને જે સ્થાન મળ્યું તે તેમને મળ્યું નથી. તેમના પહેલાં પણ અનેક સ્ત્રીઓએ તર્ક અને કાર્યકારણનો ઉપયોગ કરી કહ્યું હતું કે સ્ત્રી અને પુરુષ વચ્ચેનો તફાવત શિક્ષણ અને તાલીમમાંથી ઊભો થાય છે. આ તફાવત સ્ત્રી કે પુરુષના શારીરિક તફાવતના કારણે નથી, પરંતુ મેરી વોલસ્ટોન ક્રાફ્ટનું યોગદાન એ રહ્યું કે તેમણે કહ્યું કે સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતાના નિયમો પુરુષોએ બનાવ્યા છે. તેમણે પુરુષોની નિયમો બનાવવાની સત્તાનો વિરોધ કર્યો. લગ્ન સંસ્થાનું આર્થિક વિશ્લેષણ કરતાં તેમણે કહ્યું કે લગ્નમાં સ્ત્રી ભરણ-પોષણના બદલામાં પોતાની જાત અને સેવાઓ પુરુષને વેચે છે. આ વેશ્યાવૃત્તિનું એક પ્રકારનું કાયદેસરનું સ્વરૂપ જ છે. કારણ કે વેશ્યા પણ પોતાના જીવનનિર્વાહ માટે પોતાનું શરીર વેચે છે. તેમણે પુરુષપ્રધાન વ્યવસ્થાનાં વૈચારિક તંત્રોની અસરમાં આવ્યા વગર આ સંસ્થાઓને પોતાની બુદ્ધિપ્રતિભાથી ખુલ્લી પાડી. તેમના સમયમાં તેમનાં પુસ્તકોએ ખૂબ ધ્યાન ખેંચ્યું પરંતુ ત્યાર પછીના સમયમાં તેને ભુલાવી દેવામાં આવ્યાં. તેમના વિચારોને જ્યારે તર્ક કે વાદ-વિવાદથી ખોટા સાબિત ન કરી શકાયા ત્યારે નારીવાદના વિરોધીઓએ હંમેશની જેમ તેમના ચારિત્ર્ય પર કાદવ ઉછાળ્યો, તેમને ગાળો દીધી, તેમના વિચારોને વિકૃત રીતે રજૂ કરી ઉતારી પાડવાની કોશિશ કરી. પરંતુ નારીવાદી લડત આગળ વધતાં ફરી એક વાર તેમના વિચારોને શોધી કાઢી આગળ કરવામાં આવ્યા.



એ જ રીતે **જ્હોન સ્ટુઅર્ટ મિલ** John Stuart Mill - (1806-1873) એક ઉદારમતવાદી વિચારક હતા. તેમણે લખેલ પુસ્તક 'સ્ત્રીઓની તાબેદારી' The Subjection of Women (1869) સ્ત્રીઓના અધિકાર માટેના ઉદારમતવાદી વિચારો માટે યુરોપમાં જ નહીં પણ સમગ્ર દુનિયામાં જાણીતું બન્યું. તેમણે કહ્યું કે સ્ત્રીઓને મતાધિકાર મળશે તો સમગ્ર સમાજને ફાયદો થશે.

આમ, અનેક સંઘર્ષ પછી આ સમયમાં યુરોપ-અમેરિકામાં સામંતશાહી વ્યવસ્થાને બદલે મૂડીવાદી લોકશાહી વ્યવસ્થા કાયમ બની.

*શકરી:* પણ મૂડીવાદમાં પણ કામદારોનું કેટલું બધું શોષણ થતું હતું! તેની સામે કોઈ અવાજ ના ઊઠ્યો?

*એકતા:* મૂડીવાદી વ્યવસ્થામાં થતા કામદારોના શોષણ સામે અલગ અલગ રીતે અવાજ ઉઠાવવામાં આવ્યો જેમાંથી આદર્શવાદી સમાજવાદીઓ (Utopian Socialists)ની, સહકારની ચળવળોની તથા સમાજવાદી ચળવળની તથા તેમના વિચારકોની ઘણી અસર નારીવાદી આંદોલન પર પડી. આ બધા પ્રકારની ચળવળમાં સ્ત્રીઓ જોડાઈ અને મહત્ત્વનો ફાળો આપ્યો. તેમાંના કેટલાક વિચારકો વિશે તમને વાત કરીશ.

આવા જ એક વિચારક હતા **સેન્ટ સીમોન** (૧૭૬૦-૧૮૨૫). તેમણે એક એવા સમાજની કલ્પના કરી કે જે ઉદ્યોગો પર આધારિત હોય પણ તેમાં બિન-ઉત્પાદક એવા ઉમરાવો, લશ્કર અને ધર્મગુરુઓને બદલે ઉત્પાદન કરનારા શ્રમજીવીઓ, વિજ્ઞાનીઓ અને વેપારીઓની તેમાં સત્તા હોય. તેમાં માલિક અને મજૂર એમ બે વર્ગો ન હોય. આ સમાજમાં સ્ત્રી અને પુરુષ પણ સમાન હોય. તેમણે સ્ત્રી પયગંબરની પણ કલ્પના કરી કે જે સ્ત્રીઓને અને માનવસમાજને મુક્તિ તરફ લઈ જાય. તેમની આ વિચારધારા સાથે ઘણી સ્ત્રીઓ સંકળાઈ. આ સ્ત્રીઓએ પોતાનું છાપું પણ બહાર પાડ્યું. આ છાપું શરૂ કરનાર **દેસીરી વેરેટ** (Desiree Veret) અને **રીન હુનડોર્ફ** (Reine Huindorff) કામદાર વર્ગની સ્ત્રીઓ હતી હતી. આમ આ વિચારધારામાં સ્ત્રીઓના અધિકારો અને શ્રમજીવીઓના અધિકારો વચ્ચે સંબંધ જોવા મળે છે.

**રોબર્ટ ઓવન** (૧૭૭૧-૧૮૫૮) નામે એક ખૂબ જાણીતા વિચારક થઈ ગયા. તેમણે સહકારનો સિદ્ધાંત વિકસાવ્યો. તે પોતે ફેક્ટરીના માલિક હતા પણ કામદારોના શોષણથી વ્યથિત થઈ તેમણે સ્કોટલેન્ડમાં ન્યૂ લાનાર્કમાં સહકારી ધોરણે વસાહતો સ્થાપી. સહકારની આ ચળવળમાં અનેક સ્ત્રીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી. અન્ના વ્હીલર તેમાંનાં એક હતાં.

**અન્ના વ્હીલર** (૧૭૮૫-૧૮) આયર્લેન્ડના એક કુટુંબમાં જન્મ્યાં હતાં. ૧૮૧૨માં તે પોતાના દારૂડિયા પતિથી છૂટાં થયાં અને ફ્રાન્સમાં આવ્યાં. ત્યાં તેઓ સમાજવાદીઓ અને સ્ત્રી-મુક્તિના ટેકેદારોના સંપર્કમાં આવ્યાં. તેઓ સહકારનો સિદ્ધાંત આપનાર રોબર્ટ ઓવનથી પ્રભાવિત થયાં હતાં. **થોમ્પસન** સાથે મળી તેમણે

આ વિચારો આગળ વધાર્યા. તેમણે થોમ્પસન સાથે મળી, "An appeal of one half of the human race, women, against the pretension of the other half, men." નામે પુસ્તક લખ્યું .

આ પુસ્તકમાં સ્ત્રીઓ પરની પુરુષોની સત્તાની સરખામણી નેતા, સામંત કે મૂડીદારની શ્રમજીવીઓ પરની સત્તા અને શોષણ સાથે કરી અને સ્ત્રીઓને પોતાની મુક્તિ માટે સક્રિય થવા હાકલ કરી. તેમણે કહ્યું કે, 'સ્ત્રીઓ, પુરુષોએ બનાવેલા કૃત્રિમ પિંજરામાં પુરાયેલ છે.'

થોમ્પસને એમ પણ કહ્યું હતું કે, 'જો સરકારનો હેતુ નાગરિકોને વધુમાં વધુ સુખાકારી મળે તેવો હોય તો તેણે સ્ત્રીઓ તરફ પણ એટલું જ ધ્યાન આપવું જોઈએ જેટલું પુરુષો તરફ આપે છે. સ્ત્રીઓને પણ પોતાના માટે જ અને પોતાની રીતે સુખ મેળવવાનો એટલો જ અધિકાર છે, જેટલો પુરુષોને.'

*આશા:* એટલે કે આ વિચારકો માત્ર વિચારીને બેસી ના રહ્યા પરંતુ તેમની કલ્પનાનો સમાજ બનાવવા માટે પ્રયત્નો પણ કર્યા.



*એકતાઃ* હા. આ આદર્શવાદી સમાજવાદીઓએ એક આદર્શ દુનિયાનું સ્વપ્ન જોયું અને નાની નાની વસાહતો બનાવી તેને અમલમાં મૂકવાના પ્રયત્નો પણ કર્યા. પણ તેથી આખા સમાજની પરિસ્થિતિ ના બદલાઈ. તેમના પ્રયત્નોથી નવા વિચારોનું મંથન થયું પરંતુ આખરે મૂડીવાદી સમાજના દરિયામાં તેમના વિચાર મુજબની વસાહતો હાલકડોલક થતા હોડકાની જેમ થોડો સમય ચાલી અને પછી ડૂબી ગઈ. મૂડીવાદના દરિયાનું શોષણ જેમનું તેમ રહ્યું.

*રેશ્માઃ* તો શું તેનો અર્થ એમ થાય કે મૂડીવાદી વ્યવસ્થાને બદલી શકાય તેમ જ નથી?

*એકતાઃ* ના. એવું નથી પણ સમાજને બદલવા માટે તેને સમજવો પડે. અને તે કામ **કાર્લ માર્ક્સે** (૧૮૧૮-૧૮૮૩) કર્યું. માર્ક્સ વિચારક કરતાં વધારે તો ક્રાંતિકારી તરીકે જાણીતા છે પણ તેમનાં લખાણો અને વિચારોએ આધુનિક દુનિયાના ઘડતરમાં અને સમાનતા માટેના સંઘર્ષમાં સૌથી મોટો ફાળો તેમના મિત્ર **ફ્રેડરિક એંગલ્સ** (૧૮૨૦-૧૮૯૫) સાથે મળીને આપ્યો એમ કહી શકાય. માર્ક્સે મૂડીવાદી સમાજ વ્યવસ્થા કઈ રીતે ચાલે છે તેને સમજવા તેના પહેલાંની તમામ સમાજવ્યવસ્થાનો અભ્યાસ કર્યો



અને સમાજમાં પરિવર્તન કઈ રીતે આવે છે તેના કેટલાક નિયમો તારવ્યા. તેમણે લખેલ પુસ્તક 'દાસ કેપિટલ' છે. તેમણે કહ્યું કે ઇતિહાસનાં પુસ્તકો રાજા-મહારાજાઓનાં યુદ્ધો અને કાર્યોથી ભરેલાં છે પણ આ સમાજ-પરિવર્તનનો સાચો ઇતિહાસ નથી. સમાજમાં પરિવર્તન કઈ રીતે આવે છે તે સમજવા માટે ઉત્પાદનનાં સાધનો ધરાવનાર માલિક વર્ગ અને સમાજ માટે ઉત્પાદન કરનાર મજૂર વર્ગ વચ્ચેના સંબંધો, સંઘર્ષો અને તેમાં કઈ રીતે પરિવર્તન આવે છે તે સમજવું પડે. અને તે જ રીતે મૂડીવાદી શોષણને દૂર કરવા મૂડીવાદમાં ઉત્પાદન કરનારા કામદાર વર્ગે સંગઠિત થઈ મૂડી એટલે કે કારખાનાં, ઉદ્યોગો, ખાણો, ખેતરો પરની મુઠ્ઠીભર લોકોની માલિકી દૂર કરી તેની પર આખા સમાજની માલિકી હોય તેવી વ્યવસ્થા લાવવી જોઈએ. દરેકને પોતાની શક્તિ અને આવડત મુજબ કામ મળવું જોઈએ અને જરૂરિયાત મુજબ રોટી, કપડાં, મકાન, શિક્ષણ અને સ્વાસ્થ્યની તમામ સુવિધાઓ મળવી જોઈએ.

કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક એન્ગલ્સે ૧૮૪૮માં 'સામ્યવાદનું ઘોષણાપત્ર' બહાર પાડ્યું. તેમાં તેમણે જણાવ્યું કે 'દુનિયાના મઝદૂરો એક થાવ, તમારે શોષણની બેડીઓ સિવાય કાંઈ જ ગુમાવવાનું નથી'. તેમણે કામદારોના આંતરરાષ્ટ્રીય સંગઠનની સ્થાપના કરી.

*નીરુ:* તેમણે સ્ત્રીઓ માટે કંઈ કહ્યું?

*કમલા:* કે પછી બીજા વિચારકોની જેમ સ્ત્રીઓને ઊતરતી જ ગણી?

*એકતા:* માર્ક્સનું સમગ્ર ધ્યાન મૂડીવાદી વ્યવસ્થાને સમજવામાં હતું. પરંતુ તેના સાથી અને મિત્ર ફ્રેડરિક એંગલ્સે ૧૮૮૪માં લખેલ પુસ્તક **'કુટુંબ વ્યવસ્થા, ખાનગી મિલકત અને રાજ્ય'**ની ઘણી મોટી અસર સ્ત્રીઓના આંદોલન પર પડી છે. તેમણે કુટુંબ વ્યવસ્થાનું વિશ્લેષણ કરીને જણાવ્યું કે આપણી કુટુંબ વ્યવસ્થામાં સ્ત્રીઓને પુરુષ પર આધારિત રાખવામાં આવી છે. તેથી જે રીતે મૂડીપતિ મજૂરના શોષણ પર નભે છે તે રીતે સ્ત્રીના શોષણ પર કુટુંબ નભે છે અને તેનાથી ફાયદો કોને થાય છે? માત્ર પુરુષને? ના. આખી મૂડીવાદી વ્યવસ્થાને. કારણ કે કારખાનામાં મજૂરી કરી થાક્યાપાક્યા આવેલા પુરુષને બીજે દિવસે પાછા કામ પર જવા માટેની તમામ સગવડો સ્ત્રી વગર વેતને ઘરમાં

કામ કરીને પૂરી પાડે છે. એટલું જ નહીં, બાળકોને જન્મ આપીને, ઉછેરીને ભવિષ્યમાં કામ કરનાર શ્રમજીવીઓ પણ તે જ તૈયાર કરે છે અને આ બધું જ વિના વેતને કરે છે. તે ઉપરાંત, જ્યારે કુટુંબ કે સમાજને જરૂર પડે ત્યારે ઓછા વેતને ઉત્પાદનના કામમાં પણ જોતરાઈ જાય છે. જો ઘરના કામ માટે પૈસા ચૂકવવા પડતા હોત તો મૂડીપતિઓએ પુરુષ કામદારોને ઘણું વધારે વેતન આપવું પડત. આમ, સ્ત્રી બેવડા શોષણનો શિકાર બને છે. માર્ક્સ, એંગલ્સ અને તેમના વિચારોને આગળ લઈ જનાર અનેક સામ્યવાદી સ્ત્રી કાર્યકરો જેમ કે **એલેકઝાન્ડ્રા કોલોન્તાઈ, રોઝા લકઝમબર્ગ, કલેરા ઝેટકીન** વગેરેએ સ્ત્રી-સમાનતાની ઝુંબેશમાં પોતાનો ફાળો આપ્યો.

*કમલાઃ* કલેરા ઝેટકીન? જેમણે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઘોષણા કરી હતી તે તો નહીં?

*એકતાઃ* તમે બરોબર સમજ્યાં. હું એ જ બહેનની વાત કરું છું.

*નીરુ :* અચ્છા! આપણે જે મહિલા દિવસ ઊજવીએ છીએ, તેની શરૂઆત આ બહેને કરી હતી?

*ફરઝાનાઃ* તો અમને તેમની વાત પણ કરો.

*એકતાઃ* તેમની વાત તો આપણે કરવાની જ છે. આપણા ઇતિહાસની એ ગૌરવશાળી વાતો જાણ્યા વગર કંઈ ચાલશે? પણ તે પહેલાં આપણે મતાધિકારની લડાઈની વાતો પૂરી કરીએ.

*આશાઃ* તમે અમેરિકાની ક્રાંતિની વાત કરવાનાં હતાં તે તો રહી ગઈ.

*શકરીઃ* હા, અને ગુલામોની મુક્તિની વાત પણ કરવાનાં હતાં.

*એકતાઃ* જરૂર, તેના વિશે આપણે કાલે વાત કરીશું. પણ આજની ચર્ચાની સમાપ્તિમાં આપણે આંતર્રાષ્ટ્રીય ગીત ગાઈશું, જે દુનિયાના બધા દેશના શ્રમજીવીઓ ગાય છે. અને જેનો અનુવાદ દુનિયાની બધી મુખ્ય ભાષાઓમાં થયો છે.


આંતરરાષ્ટ્રીય ગીત
ઊઠ જાગ ભૂખે બંદી, અબ ખીંચ લાલ તલવાર
કબ તક સહોગે સાથી, જાલીમ કા અત્યાચાર
તુમ્હારે રક્ત સે રંજિત ક્રંદન, અબ દશોં દિશા લાલ રંગ
યે સૌ બરસ કે બંધન, એક સાથ કરેંગે ભંગ
યે અંતિમ જંગ હૈ જિસકો, જીતેંગે હમ એક સાથ
ગાઓ ઇન્ટરનેશનલ, નવ સ્વતંત્રતા કા ગાન

# અમેરિકામાં સ્ત્રીઓના અધિકાર અને ગુલામોની મુક્તિ માટેની લડત

*એકતાઃ* ફ્રાંસની સ્ત્રીઓનો સંઘર્ષ સામાજિક ક્રાંતિ સાથે સંકળાયેલો છે તો અમેરિકાની સ્ત્રીઓનો સંઘર્ષ ગુલામોની મુક્તિ માટેના સંઘર્ષ સાથે સંકળાયેલો છે. તેની વાત તમને ત્રણ સ્ત્રીઓનાં જીવન દ્વારા કહીશ.

*આશાઃ* તે અમેરિકામાં ગુલામી પ્રથા કઈ રીતે આવી હતી?

*એકતાઃ* ઉત્તર અમેરિકા એક નવો શોધાયેલો ખંડ હતો. તેના કિનારાઓ પર ઈંગ્લેન્ડથી આવેલા લોકોએ પોતાની વસાહતો સ્થાપી હતી. પરંતુ તેના અંદરના ભાગના વિશાળ પ્રદેશોમાં તમાકુ તેમ જ અન્ય ચીજોનાં મોટાં મોટાં ખેતરોમાં કામ કરવા મજૂરોની જરૂર હતી. આ માટે ૧૭મી સદીથી શરૂ કરીને ૧૯મી સદી સુધી આફ્રિકાથી હબસી પ્રજાને જાનવરની જેમ પકડી લાવી તેમને વેચવાનો વ્યાપાર યુરોપ-અમેરિકામાં ચાલતો હતો. તેમની પાસે ખેતરો અને પ્લાન્ટેશનોમાં ગુલામ તરીકે તમામ પ્રકારની મજૂરી કરાવવામાં આવતી. તેમની સાથે માનવી જેવો નહીં પરંતુ પશુ જેવો વ્યવહાર કરવામાં આવતો. અમેરિકાની સ્વતંત્રતાની ચળવળ દરમ્યાન ગુલામી નાબૂદ કરવા માટેના અવાજો ઊઠ્યા હતા પરંતુ 'સ્વતંત્ર અમેરિકા'માં ત્યાર બાદ બીજાં સો વર્ષો સુધી ગુલામી પ્રથા ચાલુ રહી હતી.

*રેશ્માઃ* મતલબ, આજે દુનિયાના સૌથી પૈસાદાર ગણાતા અમેરિકાની સંપત્તિના પાયામાં આ ગુલામોનું લોહી અને પસીનો હતાં, પણ અમેરિકાને કોની સામે સ્વાતંત્ર્ય યુદ્ધ લડવું પડ્યું?

*એકતાઃ* ૧૭૭૫ પહેલાં અમેરિકા, ઈંગ્લેન્ડનું સંસ્થાન હતું. ઈંગ્લેન્ડથી આવેલા વસાહતીઓએ શરૂઆતમાં ઈંગ્લેન્ડના રાજાની સત્તા સ્વીકારી હતી. પણ ધીમે ધીમે ઈંગ્લેન્ડની સરકાર એવાં પગલાં ભરવા માંડી કે જેથી અમેરિકાના વસાહતીઓને નુકસાન થાય

અને ઈંગ્લેન્ડના વેપારીઓને જ ફાયદો થાય. બ્રિટિશ સામ્રાજ્યની જોહુકમી સામે અમેરિકાના લોકોએ સ્વતંત્ર યુદ્ધની શરૂઆત કરી અને ૧૭૭૬માં અમેરિકાની સ્વતંત્રતાનું જાહેરનામું બહાર પડ્યું. ૧૭૮૧માં આ યુદ્ધનો અંત આવ્યો અને અમેરિકા સ્વતંત્ર દેશ બન્યો. અમેરિકાના ગુલામોએ અને સ્ત્રીઓએ પણ સ્વાતંત્ર્ય યુદ્ધમાં ભાગ ભજવ્યો હતો. ખાસ કરીને બ્રિટીશ ચીજવસ્તુઓનો બહિષ્કાર અને લશ્કરની મદદ કરવામાં સ્ત્રીઓની ભૂમિકા મહત્ત્વની હતી. પરંતુ સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા પછી સ્ત્રીઓ અને ગુલામોને તેમની અપેક્ષા મુજબની મુક્તિ કે સમાનતા ન મળ્યાં. અને ૧૯મી સદીમાં અમેરિકાની સ્ત્રીઓની સમાનતા અને મતાધિકાર માટેની લડત, અશ્વેત (આફ્રિકન અમેરિકન) પ્રજાની ગુલામી નાબૂદીની લડતની સાથે હાથમાં હાથ મિલાવી આગળ વધી.

ગુલામીની નાબૂદી અને સ્ત્રીઓના અધિકાર માટેની ચળવળના કેટલાક મહત્ત્વના આગેવાનો વિશે જાણીશું.
૧૮૨૦માં શરૂ થયેલી આ ચળવળના સૌ પ્રથમ સેનાની ફેની રાઈટ (Fenny Right)ને કહી શકાય.



**ફેની રાઈટ (૧૭૯૫થી ૧૮૫૨)**

ફેની, ૧૭૯૫માં સ્કોટલેન્ડમાં જનમ્યાં હતાં. નાની ઉંમરે તેમના પિતા મૃત્યુ પામ્યા પણ તેમના માટે ઘણી મિલકત વારસામાં મૂકી ગયા. અઢાર વર્ષની ઉંમરે તેમણે પોતાનું પ્રથમ પુસ્તક લખ્યું અને ૧૮૧૮માં અમેરિકામાં આવ્યાં. તેમના વિચારો આજના સમયમાં પણ ક્રાંતિકારી લાગે તેવા હતા. તેમણે તે જમાનામાં છૂટાછેડાના અધિકાર માટે અને કુટુંબનિયોજન માટે લખ્યું. તેઓ લગ્ન સંસ્થાને એક અન્યાયી વ્યવસ્થા માનતા હતા. તેઓ માનતા હતા કે સૌને સરખું શિક્ષણ રાજ્ય દ્વારા મળવું જોઈએ. ગુલામોના શિક્ષણ અને અલગ અલગ જાતિના લોકો વચ્ચેના લગ્ન સંબંધોનું તેમણે સમર્થન કર્યું. મેં તમને રોબર્ટ ઓવન વિશે જણાવ્યું હતું તે યાદ છે?

*નીરુ:* મને તો આ બધાં નામ યાદ જ નથી રહેતાં.

*ફરઝાના:* પણ તેમની વાત તો યાદ રહે છે ને એટલે બસ.

*રેશ્મા:* મને યાદ છે. જેમણે સહકારની ચળવળ શરૂ કરી હતી તે ને?

*એકતા:* હા. એ જ. રોબર્ટ ઓવનના વિચારોથી પ્રભાવિત થઈ ફ્રેની તેમના સાથીદાર બન્યાં હતાં અને તેમના વિચારોને અમલમાં મૂકવા 'નશોબા' નામે સામૂહિક વસાહત સ્થાપી હતી. આ વસાહતમાં અલગ અલગ વંશના ગોરા, કાળા તમામ લોકો સમાનતાથી રહે તેવું તેમનું સ્વપ્ન હતું. પોતાની તમામ સંપત્તિ આ સામૂહિક વસાહત પાછળ તેમ જ ત્રીસ જેટલા ગુલામોને મુક્ત કરાવવા તેમણે ખર્ચી નાખી. પરંતુ તે સમયનાં સ્થાપિત હિતોને મૂડીવાદી વ્યવસ્થાના નિયમોના પડકારરૂપ એવી આ વસાહત ન ચાલે તેમાં જ રસ હતો. તેથી તેમણે આ વસાહત અલગ અલગ જાતિના લોકો વચ્ચેના લગ્ન સંબંધને ઉત્તેજન આપે છે તેવા આક્ષેપો કરી આ સામૂહિક વસાહતને ચાલવા ન દીધી. પરંતુ તેમની લડત ચાલુ જ રહી. તેમનાં જીવન અને કાર્યોમાં સમાજવાદી ચળવળ ઉપરાંત સ્ત્રીઓના અધિકાર માટેની ચળવળ તેમ જ ગુલામોની મુક્તિ માટેની ચળવળનો સંગમ થયેલો જોવા મળે છે.

તેમની જિંદગીના છેવટના દિવસો દરમ્યાન તેમને સ્વાસ્થ્યના ઘણા પ્રશ્નોનો સામનો કરવો પડ્યો.

તેમના મૃત્યુ પછી તેમની ઇચ્છા મુજબ તેમની કબર પર નીચે મુજબનું લખાણ લખવામાં આવ્યું:

'હું માનવોના સારા ભવિષ્ય સાથે લગ્ન ગ્રંથિથી જોડાઈ છું... તેને માટે મેં મારી સંપત્તિ, મારી કીર્તિ, આબરૂ અને મારું જીવન સમર્પિત કર્યું છે.'

*કમલા:* વાહ, કેવું પ્રેરણાદાયી વાક્ય!

*એકતા:* હા. આ વાક્યમાં જાણે તેમના જીવનનો નિચોડ રહેલો છે. ફેની રાઈટે અમેરિકામાં શરૂ કરેલ આ ઝુંબેશ આવી જ બીજી બે બહાદુર સ્ત્રીઓ એલિઝાબેથ કેડી સ્ટેનટોન (Elizabeth Cady Stanton) અને લ્યુક્રેશિયા (Lucretia Mott) મોટે આગળ ધપાવી.

*ફરઝાના:* તેમના વિશે અમને જણાવો.

**એલિઝાબેથ સ્ટેનટોન (૧૮૧૫-૧૯૦૨)**

એલિઝાબેથ સ્ટેનટોનના પિતા એક વકીલ હતા. તેમણે પોતાની પુત્રીને નાનપણથી જ કાયદાનો પરિચય કરાવ્યો હતો. કાયદાના અભ્યાસથી એલિઝાબેથને ખ્યાલ આવ્યો કે લગભગ બધા જ કાયદાઓ પુરુષોની તરફદારી કરે છે અને ખાસ કરીને પરિણીત સ્ત્રીને તો કોઈ જ અધિકાર નથી. નથી તેમને મિલકત ધરાવવાનો અધિકાર, નથી તેમને આવક મેળવવાનો અધિકાર કે પોતાનાં બાળકો પર અધિકાર. આ અભ્યાસથી એલિઝાબેથનું મન સ્ત્રીઓના અધિકાર પ્રત્યે સંવેદનશીલ બન્યું.



તે સમયના અન્ય ધનિકોની જેમ તેમના ઘરમાં પણ એક ગુલામ હતો. પીટર ટીબોઉટ. એલિઝાબેથ તથા તેની બહેન ચર્ચમાં જાય ત્યારે હંમેશાં અન્ય ગોરા લોકોની જેમ ચર્ચમાં આગળ જવાને બદલે બંને બહેનો આ ગુલામ સાથે ચર્ચની પાછળ જ બેસી રહેતી. તેમના એક પિતરાઈ ભાઈ ગુલામી નાબૂદીની ચળવળ સાથે સંકળાયેલા હતા. તેમના સંપર્કથી એલિઝાબેથ ગુલામોની પરિસ્થિતિ અને તેમના પ્રશ્નોથી વધુ વાકેફ બની અને ગુલામી નાબૂદીની ચળવળમાં જોડાઈ ગયાં.

તેમના સમયની સ્ત્રીઓ કરતાં ઘણી અલગ રીતે ઊછરવાની તેમને તક મળી. એક જાણીતી શૈક્ષણિક સંસ્થામાં તેમણે લેટિન, ગ્રીક, ગણિત શાસ્ત્રનું જ્ઞાન લીધું. આ શાળાના બીજા છોકરાઓ કરતાં તેમણે ઘણી વધારે સારી રીતે પાસ થઈ પોતાની બુદ્ધિ પ્રતિભા સાબિત કરી અને અનેક એવોર્ડ મેળવ્યા. પરંતુ જ્યારે કોલેજમાં જવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેમના કરતાં ઓછા પ્રતિભાશાળી છોકરાઓને પણ ઉચ્ચ શિક્ષણની સારી સંસ્થાઓમાં પ્રવેશ મળ્યો પણ આ કોલેજો માત્ર છોકરાઓ માટે જ હતી તેથી એલિઝાબેથને સ્ત્રીઓ માટેની અલગ કોલેજમાં દાખલ થવું પડ્યું.

તેમણે હેન્રી સ્ટેનટોન સાથે લગ્ન કર્યાં ત્યારે લગ્નની પ્રતિજ્ઞામાં પરંપરાગત રીત મુજબ પોતે 'પતિની આજ્ઞા માનશે' તેવા શબ્દો બોલવાને બદલે તેમણે કહ્યું કે તેઓ પોતાના 'પતિ સાથે સમાનતાનો વ્યવહાર કરશે.'

*આશાઃ* કેવી સારી વાત. જ્યારે મારાં લગ્ન થયાં ત્યારે રીત રિવાજ મુજબ પાંચ પરણેલી સ્ત્રીઓ આવીને મારા કાનમાં બોલી ગઈ, 'અખંડ સૌભાગ્ય વતી'. મારા માત-પિતાએ પણ તેવા જ આશીર્વાદ આપ્યા ત્યારે મારા મનમાં થયું હતું કે આનો સાચો અર્થ તો એ જ થાય ને કે મારા પતિનું જીવતા હોવું તે મારું સૌભાગ્ય છે. તેમાં મારા વિશે કોઈ વિચાર જ કરવામાં નથી આવ્યો.

*એકતાઃ* મને તો એ જ સમજ નથી પડતી કે આ તો આશીર્વાદ કહેવાય કે શાપ?

*નીરુઃ* કેમ એવું કહો છો? આશીર્વાદ જ કહેવાય ને!

*એકતાઃ* મને તો શાપ જ લાગે છે કારણ કે આ શબ્દોનો સાચો અર્થ ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહું તો માતા-પિતા પોતાની દીકરીને કહે છે કે, 'તારા પતિ કરતાં પહેલાં તારું મૃત્યુ થજો.'

*શકરીઃ* હા, વિચાર કરીએ તો તેનો અર્થ તો એવો જ થાય.

*કમલાઃ* પણ આવી કડવી વાતને આપણે કેવા સારા શબ્દોના વાઘા પહેરાવીએ છીએ?

*ફરઝાનાઃ* અરે, એટલે સુધી કે તેના વિશે ખોટો વિચાર પણ ન આવે!

*એકતાઃ* એલિઝાબેથની જિંદગીનો એક મહત્ત્વનો બનાવ ૧૮૪૦માં બન્યો. આ વર્ષે તે લંડનમાં યોજાયેલી ગુલામી વિરોધી પરિષદમાં ગયાં. ત્યાં તેમની મુલાકાત લ્યુક્રેશિયા મોટ સાથે થઈ. લ્યુક્રેશિયા પોતાના વિસ્તારના પ્રતિનિધિ તરીકે નિમાયાં હતાં. પરંતુ સભામાં જે જૂથનું વર્ચસ્વ હતું તેણે બહુમતીથી નક્કી કર્યું કે સ્ત્રીઓ આ સભાની કાર્યવાહીમાં ભાગ ન લઈ શકે, તેમણે પુરુષોથી અલગ પડદા પાછળ બેસવું!


એલિઝાબેથ સ્ટેન્ટોન અને લ્યુક્રેશિયા મોટ એમ બંનેએ સાથે મળીને આનો વિરોધ કર્યો. ગુલામી નાબૂદી લડતના કેટલાક જાણીતા પુરુષ નેતાઓ પણ તેમની સાથે જોડાયા. પણ આ અનુભવ વખતે તેમણે બંનેએ નક્કી કર્યું કે હવે સ્ત્રીઓના અધિકાર માટે જબરજસ્ત અવાજ ઉઠાવવો જ રહ્યો. બંનેએ મળીને ૧૮૪૮માં અમેરિકામાં સ્ત્રીઓના અધિકાર માટેની સૌ પ્રથમ પરિષદ બોલાવી. આ ઐતિહાસિક પ્રથમ પરિષદમાં તેમણે અમેરિકાની સ્વતંત્રતાના ઘોષણાપત્ર (Declaration of Independence) જેવું સ્ત્રીઓના અધિકાર અંગે, 'સંવેદનાનું ઘોષણાપત્ર' (Declaration of Sentiments) જાહેર કર્યું. તેમાં

જણાવ્યું કે, 'આ એક સ્વયં પ્રકાશિત સત્ય છે કે તમામ પુરુષો અને સ્ત્રીઓ જન્મથી સમાન છે.'

*રેશ્મા:* આ પરિષદે અમેરિકાની સ્ત્રીઓને શું સંદેશો આપ્યો?

પરિષદમાં ઠરાવ કરવામાં આવ્યો કે, 'આ દેશની સ્ત્રીઓની એ ફરજ છે કે તેઓ પોતાના માટે પવિત્ર મતાધિકાર હાંસલ કરે.' ૧૮૫૧માં તેઓ સુસાન વી. એન્થોનીને મળ્યાં અને ત્યાર બાદ તેમની મિત્રતા જીવનભર રહી. ૧૮૬૬માં તેમણે અમેરિકન ઈક્વલ રાઈટ એસોસિએશનની સ્થાપના કરી. ગુલામીની નાબૂદીની ચળવળ સાથે તે સંકળાયેલા હતા અને રંગભેદ તેમ જ સ્ત્રી પુરુષ વચ્ચેના ભેદનાં મૂળ એક સરખાં છે, તેમ માનતાં હતાં. પરંતુ તેમણે જોયું કે આંતરયુદ્ધ પછી ગુલામી નાબૂદીની વાત આવી અને બંધારણમાં માત્ર આફ્રિકન, અમેરિકન પુરુષોને મતાધિકાર આપવા માટે જ સુધારો કરવાની જાહેરાત કરવામાં આવી. ત્યારે તેમણે તેનો વિરોધ કર્યો અને કહ્યું કે આ સુધારામાં સ્ત્રીઓનો પણ સમાવેશ થવો જોઈએ. પરંતુ તેનો સ્વીકાર કરવામાં આવ્યો નહીં. ઘણા નાગરિક અધિકારના લડવૈયાઓનું કહેવું હતું કે ગોરી સ્ત્રીઓને તેમના પતિ અને પિતા દ્વારા આડકતરા અધિકારો મળ્યા છે પણ આફ્રિકન-અમેરિકન પુરુષોને આવા કોઈ અધિકાર નથી માટે પ્રથમ તેમને આ અધિકાર મળવો જોઈએ. ત્યારે તેમણે કહ્યું કે આફ્રિકન-અમેરિકન સ્ત્રીઓનું શું? તેમણે રંગભેદ, ગુલામી અને સ્ત્રીપુરુષ ભેદ એમ ત્રણેય અસમાનતાનો સામનો કરવો પડે છે. તેથી













તેમણે સાર્વત્રિક પુખ્ત મતાધિકાર સિવાય બીજો કોઈ પણ પ્રસ્તાવ સ્વીકારવાની ના પાડી.

ત્યાર પછીનાં વર્ષોમાં તેમણે પોતાનું ધ્યાન મતાધિકારને બદલે સ્ત્રીઓના અન્ય અધિકારો તરફ વાળ્યું. તેમણે નારીવાદી દૃષ્ટિએ બાઇબલનાં લખાણોનું અર્થઘટન કર્યું અને સ્ત્રીઓનું બાઇબલ લખ્યું. તેઓ ધર્મ-આધારિત અસમાનતાને પડકારી અલગ અલગ જાતિ અને વંશનાં લગ્નોને ટેકો આપતાં રહ્યાં.

૧૯૦૨માં તેમનું મૃત્યુ થયું ત્યાં સુધી તેઓ સ્ત્રીઓના અધિકારો માટે લડતાં રહ્યાં પણ પોતાના જીવનકાળ દરમ્યાન સ્ત્રીઓને મતાધિકાર મળતો ન જોઈ શક્યાં.

*રેશ્મા:* આખી જિંદગી એક ધ્યેય પાછળ જીવી જવી તે કોઈ નાનીસૂની વાત નથી. પણ લ્યુક્રેશિયા મોટની જિંદગી કેવી હતી?

*શકરી:* હા, તેના વિશે પણ કહોને.

*એકતા:* **લ્યુક્રેશિયા મોટ** (Lucretia Mott, 1793-1880) એક ક્વેકર કુટુંબમાં જન્મી હતી. ૧૭મી સદીમાં ખ્રિસ્તી ચર્ચની એકહથ્થુ સત્તા સામે એક પડકાર તરીકે ક્વેકર પંથની શરૂઆત કરવામાં આવી હતી. જેની મુખ્ય માન્યતા એ હતી કે ઈશ્વર દરેકમાં વસે છે અને દરેક વ્યક્તિ અંતરાત્માના અવાજ તરીકે તેને સાંભળી શકે છે, પોતાના અંતરાત્માના અવાજ મુજબ વર્તવાની દરેકને સ્વતંત્રતા છે. આ પંથના સમૂહોએ ગુલામી નાબૂદી, સ્ત્રીઓના સમાન અધિકાર અને યુદ્ધ વિરોધી લડતોમાં ઘણું યોગદાન આપેલું છે.

ક્વેકર પંથના સિદ્ધાંત મુજબ લ્યુક્રેશિયાએ ગુલામીનો વિરોધ કરવા જે વસ્તુઓના ઉત્પાદનમાં ગુલામોનો ઉપયોગ થતો હોય તેવી વસ્તુઓ જેમ કે સૂતરાઉ કાપડ, ખાંડ વગેરેનો બહિષ્કાર કર્યો હતો. તેઓ અને તેમના પતિ બંને અલગ અલગ સ્થળોએ ફરી ગુલામીની નાબૂદીનો પ્રચાર કરતાં હતાં અને માલિકો પાસેથી ભાગી છૂટેલા ગુલામને આશરો આપતાં હતાં.

તે સમયે ગુલામીની નાબૂદી માટેનાં સંગઠનોમાં સ્ત્રીઓને સભ્યપદ આપવામાં આવતું ન હતું તેથી લ્યુક્રેશિયાએ ગુલામીની વિરોધી એવી સ્ત્રીઓનું અલગ સંગઠન બનાવ્યું. આગળ જણાવ્યા મુજબ ૧૮૪૦માં લંડનમાં ગુલામી વિરોધી વિશ્વપરિષદ યોજાઈ કે જેમાં તેમને પોતાના વિસ્તારના પ્રતિનિધિ તરીકે ચૂંટીને મોકલવામાં આવ્યાં હતાં. આ પરિષદમાં એક જૂથ, સ્ત્રીઓ જાહેરમાં વકતવ્ય

આપે તેનું વિરોધી હતું. તેમણે એલિઝાબેથ સ્ટેનટોન તેમ જ લ્યુક્રેશિયા મોટને અલગ બેસવાની ફરજ પાડી, તેના વિરોધમાં વિલિયમ લોયડ ગેરીસન જેવા પુરુષ નેતાઓ પણ અન્ય પુરુષોની સાથે બેસવાને બદલે તેમની સાથે બેઠા. આ બેઠકમાં જ એલિઝાબેથ સ્ટેનટોન તેમ જ લ્યુક્રેશિયા મોટે નક્કી કર્યું કે તેઓ સ્ત્રીઓના અધિકાર માટે સાથે મળીને જબરજસ્ત પ્રયત્નો કરશે. આ બંનેના સંયુક્ત પ્રયત્નોથી ૧૮૪૮માં અમેરિકામાં મળેલી મહિલા અધિકારની પ્રથમ ઐતિહાસિક પરિષદનાં બીજ આ સ્થળે, આ અનુભવ દ્વારા રોપાયાં.

ત્યાર બાદ અમેરિકન સમાન અધિકાર માટેની પરિષદના તેઓ પ્રથમ પ્રમુખ બન્યાં. અમેરિકામાં જ્યારે સ્ત્રીઓના મતાધિકાર અને કાળા પુરુષોના મતાધિકાર વચ્ચે ટકરાવ ઊભો થયો ત્યારે તેને દૂર કરવા તેઓ સતત પ્રયત્નશીલ રહ્યાં. જીવનપર્યંત તઓ સ્ત્રીઓના અધિકાર અને આફ્રિકન અમેરિકન પ્રજાના અધિકાર માટે લડતાં રહ્યાં.

*આશા:* છેવટે અમેરિકાની સ્ત્રીઓને મતાધિકાર ક્યારે મળ્યો?

*એકતા:* ૨૦મી સદીની શરૂઆતમાં અમેરિકાની સ્ત્રીઓએ પણ ઈંગ્લેન્ડની સ્ત્રીઓના રસ્તે ચાલવાનું નક્કી કર્યું. એલિસ પાઉલ નામનાં બહેને નેશનલ વિમેન્સ પાર્ટીની સ્થાપના કરી અને લડાયક રસ્તાઓ અપનાવ્યા. એક વખત તેમણે અમેરિકાના પ્રમુખના નિવાસસ્થાન વ્હાઈટ હાઉસની વાડ સાથે પોતાને સાંકળથી બાંધી દીધા અને એ રીતે સરકારનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કર્યો.

જો કે, અમેરિકામાં પણ પહેલા વિશ્વયુદ્ધને અંતે યુદ્ધમાં સ્ત્રીઓએ કરેલી નોંધપાત્ર કામગીરીને ધ્યાનમાં રાખીને જ ૧૯૨૦માં પુખ્ત વયની તમામ સ્ત્રીઓને મતનો અધિકાર મળ્યો.

*રેશમા:* ખરેખર પોતાના અધિકારો માટે લડતા કામદારોની ચળવળ હોય, સામાજિક ક્રાંતિ હોય કે ગુલામોની મુક્તિની લડત હોય, તેમાં ખભેખભો મિલાવીને લડવા છતાં સ્ત્રીઓના અધિકારો બાબતમાં બધી જ ચળવળ પાછી પડી હોય તેવું લાગે છે.


*કમલા:* અને હજુ તો માત્ર મત આપવાનો અધિકાર મળ્યો છે પરંતુ સ્ત્રીઓ કંઈ ફક્ત મતના અધિકાર માટે જ નહોતી લડતી ને?

*શકરી:* બરોબર. ઘરમાં અને કામ કરવામાં જે હક્કો મળવા જોઈએ તેનું શું?

*એકતા:* સાચી વાત. મત માટેની લડત તો એક શરૂઆત હતી. એક નાગરિક તરીકેના પ્રાથમિક હક્ક મેળવવાની અને સામૂહિક સંઘર્ષના પાઠ શીખવાની. પણ સાથે સાથે કામની સારી પરિસ્થિતિ માટેનો કામદાર સ્ત્રીઓનો સંઘર્ષ તો ચાલતો જ હતો. કુટુંબમાં અને સમાજમાં સમાનતા માટેનો હજુ વધુ લાંબો અને કપરો સંઘર્ષ તો બાકી જ હતો. અને તેનો ઇતિહાસ મહિલાદિનના ઇતિહાસ સાથે ગૂંથાયેલો છે.

*આશા:* મહિલા દિનના ઇતિહાસની વાત કાલે કરીશું. આજે હું તમને ગુલામી, અસમાનતા, અન્યાય દૂર કરી નવા માનવીનું સર્જન કરવાની વાત કરતી બહેનોનું ગીત ગવડાવીશ.

## ચલો આઓ બહનોં હમ મિલ કર ગાયેં



ચલો આઓ બહનોં હમ મિલ કર ગાયેં - ૨
હમ નૂતન માનવ કે સર્જન કી કથા સુનાયેં -૨
હમ નઈ ચેતના લાયેં - ૨
જહાઁ સમાનતા, ન્યાય ઔર માનવતા હો - ૨
જહાં નારી પર પુરુષ કા એકાધિકાર ના હો - ૨
હમ ઐસા સમાજ બનાયેં... ૨
ચલો આઓ બહનોં...
કોઈ ગુલામ ન હો, કોઈ માલિક ના હો - ૨
કોઈ દલિત યા સવર્ણ, હિન્દુ-મુસલમાન ના હો - ૨
હમ માનવ કો માનવ બનાયેં...
ચલો આઓ બહનોં...
હમ જોહુકમી કા મુકાબલા કરેં
હમ નીડર બનેં ઔર નારી સંઘર્ષ કો બઢાયેં
હમ નયે મૂલ્યોં કો લાયેં...૨
ચલો આઓ બહનોં હમ મિલ કર ગાયેં...

***- વિભૂતિ પટેલ***




# ૮ માર્ચ,
# આંતર્રાષ્ટ્રીય મહિલા દિનનો ઇતિહાસ

*એકતાઃ* અમેરિકામાં કામની પરિસ્થિતિ સુધારવા સ્ત્રી કામદારોએ વર્ષો સુધી કરેલ ખૂબ લડાયક સંઘર્ષોથી શરૂ કરીને દુનિયાના તમામ દેશોની સ્ત્રીઓએ કરેલ અનેક સંઘર્ષોની યાદમાં આજે આપણે મહિલા દિન ઊજવીએ છીએ.

૧૯મી સદીની આ વાત છે. એ વખતે અમેરિકાના ન્યુયોર્ક શહેરના કાપડ-સુતરના ઉદ્યોગોમાં હજારો સ્ત્રી કામદારો કામ કરતી હતી. તેમાંની મોટા ભાગની રશિયા, ઈટાલી, પોલેન્ડ જેવા દેશોમાંથી સ્થળાંતર કરીને આવેલી સ્ત્રીઓ હતી. ફેક્ટરીમાં કામ કરનાર સ્ત્રીઓની આ પ્રથમ પેઢી હતી. તેમનાં કામ પુરુષ કામદારો કરતાં અલગ પાડી દેવામાં આવ્યાં હતાં. તેઓ દિવસના પંદર-પંદર કલાક કામ કરતી અને તેમને કામના નંગ પ્રમાણે વેતન મળતું અને વેતનના દર અત્યંત ઓછા હતા. સોય, દોરા, વીજળી, એ બધાનો ખર્ચો પણ તેમના વેતનમાંથી માલિકો કાપી લેતા. તે ઉપરાંત બાથરૂમમાં વધારે સમય ગાળે તો તેનો દંડ થતો, મોડી પડે તો પગાર કપાતો. આમ તેમની કામની પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલ હતી. પરંતુ કામદાર યુનિયનો તો પુરુષ કામદારો તરફ જ ધ્યાન આપતાં તેથી સ્ત્રી કામદારોએ દરેક યુનિયનમાં પોતાનાં અલગ જૂથો બનાવવાનું શરૂ કર્યું.

૧૮૨૦માં સ્ત્રી કામદારોએ સૌ પ્રથમ હડતાલ ન્યુ ઈંગ્લેન્ડ, ટેલરીંગ ટ્રેડ નામના કારખાનામાં પાડી. પરંતુ લાંબી લડત પછી તેમને નાછૂટકે ઓછા વેતને ફરી પાછા કામ પર ચઢવું પડ્યું. તેમના કામની પરિસ્થિતિ એટલી ખરાબ રીતે અસહ્ય હતી કે આ સ્ત્રીઓને ૧૮૩૪માં, ૧૮૩૬માં, ૧૮૪૪માં એમ વારંવાર હડતાલ કરવી પડી. પરંતુ કામદાર યુનિયનોના પુરુષ કામદારો



અને તેમના નેતાઓએ સ્ત્રીઓના પ્રશ્નો તરફ આંખ આડા કાન કરવાનું ચાલુ રાખ્યું. આથી છેવટે સ્ત્રી કામદારોને પોતાનાં અલગ યુનિયન બનાવવાની ફરજ પડી.

૮ માર્ચ, ૧૮૫૭માં ન્યુયોર્કમાં કપડા કામદાર સ્ત્રીઓએ દસ કલાકની પાળી માટે મોરચો કાઢ્યો અને ફેક્ટરીના દરવાજા પર પીકેટીંગ કર્યું. પરંતુ આ વિરોધ પ્રદર્શનને પોલીસે લાઠી અને ગોળીથી કડક હાથે દબાવી દીધો.

૧૮૫૭ની લડતને એકાવન વર્ષ પૂરાં થયાં ત્યારે ૮ માર્ચ, ૧૯૦૮માં ફરી એક વાર ૧૫૦૦૦ સ્ત્રી કામદારોએ કામના કલાકો ઘટાડી દસ કલાકની પાળી કરવા, બાળમજૂરી નાબૂદ કરવા, વેતનના દર વધારવા અને મતના અધિકાર માટે ન્યુયોર્કના રસ્તાઓ ગજવ્યા. આ વખતે પણ તેમનો અવાજ દબાવી દેવા પોલીસો તૈયાર જ હતી. હજારોની ધરપકડ થઈ. પોલીસનો માર, માલિકોના ભાડૂતી ગુંડાઓ દ્વારા બેફામ મારઝૂડ, હુમલા - આ બધાને સહન કરી સ્ત્રીઓએ લડત ચાલુ રાખી. એમાંની ઘણી બધી કામદાર સ્ત્રીઓ તો હજુ કિશોરીઓ જ હતી. આ કામદાર સ્ત્રીઓની લડતને ટેકો કરવા વીમેન્સ ટ્રેડયુનિયન લીગની મધ્યમ વર્ગની વ્યવસાયી અને કેટલીક ઉચ્ચ વર્ગની સંવેદનશીલ સ્ત્રીઓ પણ તેમની સાથે રસ્તા પર આવી. જ્યારે આ મધ્યમવર્ગી સ્ત્રીઓની પણ ધરપકડ કરવામાં આવી ત્યારે સમાજના બોલકા વર્ગનું ધ્યાન આ કામદાર સ્ત્રીઓની ગુલામ જેવી પરિસ્થિતિ તરફ ખેંચાયું.

૧૯૦૯માં ફરી એક વાર '૨૦,૦૦૦ લોકોનો બળવો' તરીકે જાણીતી બનેલ લડતની શરૂઆત થઈ અને તેમાંથી આખા કાપડ સૂતરના ઉદ્યોગની તમામ ફેક્ટરીઓમાં મોટી હડતાલ, 'જનરલ સ્ટ્રાઈક' પડી. આ હડતાલમાં ૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ સ્ત્રી કામદારોએ ભાગ લીધો. આ સંઘર્ષમાં ભાગ લેનાર એક સ્ત્રી કામદારે આ લડતનું વર્ણન નીચે મુજબ કર્યું છેઃ

"હજારો કામદારો પોતાની ફેક્ટરી છોડીને દરેક દિશાએથી યુનિયન સ્વેર તરફ આવતા હતા. નવેમ્બર મહિનો હતો અને શિયાળો શરૂ થઈ ગયો હતો. અમારી પાસે શરીરને ગરમ રાખવા વસ્ત્રો ન હતાં છતાં અમારું આત્મબળ અને ઉત્સાહ અમને આગળ ને આગળ ધપાવતાં હતાં. મને ચારે બાજુ યુવાન

લોકો, ખાસ કરીને સ્ત્રીઓ ચાલતી જતી દેખાતી હતી. તેઓને જરા પણ પરવા ન હતી કે શું થશે! તેમને ભૂખ, ઠંડી, એકલતા કશાની ચિંતા ડરાવી શકતી ન હતી. કારણ કે આ તેમનો દિવસ હતો."

બરફ પડે તેવા શિયાળની કડકડતી કાતિલ ઠંડીમાં સોળથી પચ્ચીસ વર્ષની સ્ત્રીઓ, ૧૩-૧૩ અઠવાડિયાં સુધી રોજે રોજ પીકેટીંગ કરતી રહી.

જ્યારે પોલીસ તેમને પકડીને ન્યાયાધીશ પાસે લઈ જતા ત્યારે ન્યાયાધીશ તેમને કહેતા, "તમારી હડતાલ ઈશ્વર અને કુદરતની વિરુદ્ધમાં છે કારણ કે ઈશ્વરનો સિદ્ધાંત છે કે માણસે રોટી કમાવવા પરસેવો પાડવો જોઈએ."

*શકરી:* અરે! ન્યાયાધીશને માલિકો મજદૂર સ્ત્રીઓનું ગુલામોની જેમ શોષણ કરે તે ઈશ્વરની વિરુદ્ધ નહોતું લાગતું પણ પોતાના અધિકારો માટે લડતી સ્ત્રીઓ ઈશ્વર વિરુદ્ધ લાગતી હતી!

*એકતા:* હા. ધર્મ, કાયદો અને મૂડીપતિઓની સાંઠગાંઠ આમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે. આ લડાયક સંઘર્ષને અંતમાં તોડી પાડવામાં આવ્યો. પરંતુ આ જબરજસ્ત સંઘર્ષ તેમાં ભાગ લેનાર સ્થળાંતરિત સ્ત્રીઓ અને પીડિતો માટે એક ગૌરવનો વિષય બની ગયો. આ બનાવોથી પુરુષો અને તેમનાં યુનિયનોની દલીલ કાયમ માટે ખોટી સાબિત થઈ કે સ્ત્રીઓ સંગઠિત નથી થઈ શકતી અને લાંબી લડત કરવા સક્ષમ નથી. આ સ્ત્રી કામદારોની એક સુંદર અને માનવીય જીવન માટેની ઝંખના તેમના સંઘર્ષના એક સૂત્રમાં આબેહૂબ વ્યક્ત થાય છે. તેમનું એક જાણીતું સૂત્ર હતું - "અમને રોટી જોઈએ અને ગુલાબ પણ"

*આશા:* કેટલું સરસ! પણ આટલું બધું લડવા છતાં મૂડીદારો કે સરકારના પેટનું પાણી પણ નો'તું હાલ્યું!

*એકતા:* છેવટે ૧૯૧૧માં ટ્રાયેન્ગલ આગના નામે ઓળખાતો બનાવ બન્યો, જેમાં કારખાનામાં કામ કરતી તેરથી પચ્ચીસ વર્ષની ૧૪૬ સ્ત્રીઓ બળી ગઈ કારણ કે તેઓ કારખાનામાંથી ભાગી ન શકે તે માટે માલિકોએ તેમને બહારથી બંધ કરી પૂરી દીધી હતી! આ બનાવના પડઘા આખા અમેરિકામાં પડ્યા અને કામની પરિસ્થિતિ સુધારવા માટે સરકારોને કાયદાઓ બનાવવાની ફરજ પડી.

પરંતુ આ દરમ્યાન ૧૯૧૦માં કામદાર સ્ત્રીઓના સંઘર્ષને ધ્યાનમાં રાખી પ્રથમ વાર આખા અમેરિકામાં સમાજવાદી સ્ત્રીઓએ ૮ માર્ચના રોજ મહિલા દિનની ઉજવણી કરી હતી અને ત્યારબાદ તેઓ સમાજવાદી સ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં કોપનહેગન ગયાં. આ પરિષદમાં દુનિયાના ૧૭ જેટલા દેશોના સ્ત્રી કામદારોના ૧૦૦ પ્રતિનિધિઓ આવ્યા હતા.

જર્મનીનાં મહિલા આગેવાન ક્લેરા ઝેટકીન અમેરિકાની સ્ત્રીઓની લડતથી ખૂબ પ્રભાવિત થયાં હતાં. તેમણે પ્રસ્તાવ મૂક્યો કે અમેરિકાની લડાયક સ્ત્રી કામદારોને યાદ રાખી દુનિયાભરમાં ૮ માર્ચના રોજ આંતર્રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવી. તેમના આ પ્રસ્તાવને સૌએ સર્વાનુમતે વધાવી લીધો.

*રેશ્મા:* આ પરિષદમાં દુનિયાની સ્ત્રીઓના અધિકાર માટે પણ કોઈ માંગ કરવામાં આવી હતી?

*એકતા:* હા. તેમાં મહત્ત્વપૂર્ણ માંગ એવી કરવામાં આવી કે મિલકત પર આધારિત મતાધિકારને બદલે પુખ્ત વયનાં તમામ સ્ત્રી-પુરુષને સાર્વત્રિક મતાધિકાર મળે અને કામદાર સ્ત્રીઓને પ્રસૂતિના લાભો મળે તે માટે દુનિયાભરમાં સંઘર્ષ ચલાવવો.

તે સમયે કેટલાક સમાજવાદીઓ માનતા હતા કે સ્ત્રીઓના મતાધિકારની વાત કરીશું તો સંપત્તિ ધરાવનાર સ્ત્રીઓને મતાધિકાર મળી જશે પણ સંપત્તિ વગરના પુરુષ શ્રમજીવીઓ રહી જશે અને તેથી તેને કારણે સમાજવાદી ચળવળમાં ભાગલા પડશે. પરંતુ ક્લેરા ઝેટકીને આ પરિષદમાં જાહેર કર્યું કે "સ્ત્રીઓને મતાધિકાર મળશે તો આપણી સમાજવાદ માટેની લડત વધુ મજબૂત બનશે."

તેમની સાથે રોઝા લક્ઝમ્બર્ગ અને રશિયાનાં ક્રાંતિકારી નેતા એલેક્ઝાન્ડ્રા કોલોન્તાઈ પણ સમાજવાદી ચળવળમાં સ્ત્રીઓના અધિકાર માટે સતત સંઘર્ષ કરનાર આગેવાન મહિલાઓ હતી.

*ફરઝાના:* અમને ક્લેરા ઝેટકીન, એલેક્ઝાન્ડ્રા કોલોન્તાઈ વગેરે વિશે વિગતે જણાવો ને.

**ક્લેરા ઝેટકીન**

ક્લેરા ઝેટકીનનો જન્મ ૧૮૫૭માં જર્મનીમાં થયો હતો. તેમણે શિક્ષિકા બનવાની તાલીમ લીધી હતી અને જર્મનીમાં સ્ત્રીઓના અધિકારોની ચળવળ તેમજ કામદાર ચળવળ સાથે તેઓ સંકળાયેલાં હતાં. ૧૮૭૮માં તેઓ સમાજવાદી કામદાર પક્ષ સોશ્યાલીસ્ટ વર્ક્સ પાર્ટી સાથે જોડાયાં. ત્યારબાદ જ્યારે જર્મનીના સરમુખત્યાર શાસક બિસ્માર્કે આ પક્ષ પર પ્રતિબંધ મૂક્યો ત્યારે તેઓ દેશનિકાલ થઈ પેરિસમાં રહ્યાં.

સમાજવાદી ચળવળમાં પોતાની મિત્ર રોઝા લક્ઝમ્બર્ગ સાથે મળી સ્ત્રીઓના અધિકારના મુદ્દાને આગળ લઈ ગયાં. જર્મનીમાં “સમાનતા” નામના સ્ત્રીઓના સમાચારપત્રનાં તેઓ તંત્રી બન્યાં અને પોતાની અસરકારક કલમથી ત્રણ જ વર્ષમાં આ છાપાનું વેચાણ ૧૧૦૦૦ થી ૬૭૦૦૦ સુધી પહોંચાડ્યું.

તેઓની યુદ્ધવિરોધી કામગીરી પણ ખૂબ જ જાણીતી છે. ૧૯૧૫માં જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે જર્મનીના સમાજવાદી પક્ષે ત્યાંની સરકાર સાથે એવી સમજૂતી કરી કે તેઓ યુદ્ધ દરમ્યાન કામદારોના અધિકારો માટે હડતાલ નહીં પાડે. ત્યારે ઝેટકીને રોઝા લક્ઝમ્બર્ગ સાથે મળી તેનો વિરોધ કર્યો અને તેમણે નવા સામ્યવાદી પક્ષની સ્થાપના કરી.



યુદ્ધના વિરોધમાં બર્લીનમાં આંતરરાષ્ટ્રીય યુદ્ધવિરોધી મહિલા પરિષદ બોલાવી. તેમના યુદ્ધવિરોધી કામને કારણે સરકારે વારંવાર તેમની ધરપકડ કરી અને જ્યારે જર્મનીમાં હિટલર સત્તા પર આવ્યો ત્યારે ઝેટકીનના સામ્યવાદી પક્ષને પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યો. ક્લેરા ઝેટકીન ફરી એક વાર દેશવટો ભોગવીને રશિયામાં રહેવા આવ્યાં. ત્યાર બાદ ૧૯૩૩માં તેમનું મૃત્યુ થયું ત્યા સુધી રશિયામાં જ રહ્યાં.

*નીરુઃ* ક્લેરા ઝેટકીન અને બીજાં બહેનો સમાજવાદની વાત કરે છે પણ તેનાથી સ્ત્રીઓને શું લાભ? તેઓ શા માટે તેમાં જોડાયાં હતાં?

*કમલાઃ* મેં વાંચ્યું છે કે રશિયામાં સમાજવાદી ક્રાંતિ થઈ હતી અને પરિણામે એક સમયે ગરીબીમાં સડતું રશિયા અમેરિકા જેવા દેશને હંફાવનાર મહાસત્તા બની ગયું હતું. એ કઈ રીતે બન્યું?

*રેશમાઃ* તમે કહેતાં હતાં કે રશિયામાં સમાજવાદી ક્રાંતિ થઈ તો શું આપણા દેશના સમાજવાદી પક્ષ જેવા પક્ષે ત્યાં ક્રાંતિ કરી?

*એકતાઃ* ના, આપણા દેશમાં અને દુનિયાના બીજા દેશોમાં પણ આજે કેટલાય પક્ષો સમાજવાદ શબ્દનો ઉપયોગ કરે છે અને પોતાને સમાજવાદી કહેવડાવે છે. પણ તેઓ ખરેખર સમાજવાદ માટે લડતા નથી. સમાજવાદનો અર્થ એવો થાય છે કે ઉત્પાદનનાં તમામ સાધનો જેવાં કે કારખાનાં, ઉદ્યોગ-ધંધા, ખાણો, ખેતરો વગેરે પર અહીં જેમ પૈસાદાર મૂડીપતિઓની માલિકી છે તેને બદલે સમાજની માલિકી હોય. આજે મૂડીદારો કોઈ પણ ઉત્પાદન પોતાનો નફો મેળવવા માટે કરે છે તેના બદલે લોકોના ઉપયોગ માટે કરવું.

*આશાઃ* તેથી શું ફાયદો થાય?

*એકતાઃ* આજે એક બાજુ ગોદામોમાં અનાજ હોય, દુકાનોમાં વસ્તુઓ હોય અને છતાં અનેક લોકો ભૂખે મરે છે અને દવા કે સારવાર વગર મરે છે, એવું શા માટે?

*ફરઝાનાઃ* કારણ કે ગરીબો પાસે તે ખરીદવાના પૈસા નથી. પૈસા વગર તો કોણ વસ્તુ આપે?

*એકતાઃ* તે જ વાત છે. વસ્તુઓ છે પણ નફો ન મળે તો માલિક તે વેચતો નથી.

*શકરીઃ* અરે! ઘણી વાર તો વધારે નફો લેવા માટે વસ્તુ હોય છતાં તેની તંગી ઊભી કરે અને પછી બજારમાં માલ નથી કહીને ઊંચા ભાવે વેચે. પછી ભલેને ગરીબ ભૂખે મરે.

*નીરુઃ* પણ એમ મફતમાં આપે તો કોઈ કામ કરે જ નહીં ને.

*એકતાઃ* મફતમાં ન આપે પણ બે હાથને કામ આપવાનું આયોજન તો થઈ જ શકે ને.

*કમલાઃ* બરોબર. આપણે ત્યાં તો એક બાજુ બેકારોની ફોજ વધતી જાય ને બીજી બાજુ નફો વધારવા માટે ઓફિસો ને કારખાનાંમાં માણસને બદલે વધારે ઉત્પાદન કરે તેવાં મોંઘાંદાટ મશીનો આવે

ને પછી માલિકો કહે કે આટલું મોંઘું મશીન વસાવ્યું છે એટલે વસ્તુની કિંમત તો વધે જ ને?

*એકતા:* આવું એટલા માટે થાય છે કે કારખાનાની માલિકી મૂડીદારોની છે અને સમાજવાદ એટલે એવી વ્યવસ્થા કે જેમાં ઉત્પાદનનાં સાધનો સમાજની માલિકીનાં હોય અને તેથી ઉત્પાદન માલિકના નફા માટે નહીં પણ સમાજની જરૂરિયાત સંતોષવા માટે થાય. સૌને પોતાની આવડત પ્રમાણે કામ મળે. સૌને શિક્ષણ, સારવાર અને રહેઠાણ મળે તેવી વ્યવસ્થા.

*શકરી:* શું તેમાં સ્ત્રીઓને પણ કામ મળે? તેને પોતાના ઘરના પુરુષો પર આધાર ન રાખવો પડે?

*એકતા:* માર્ક્સ, એંજલ્સ, લેનીન, એલેક્ઝાન્ડ્રા કોલોન્તાઈ, ટ્રોટસ્કી, ક્લેરા ઝેટકીન અને રોઝા લકઝમબર્ગ જેવા તેના ક્રાંતિકારી નેતાઓ અને વિચારકોએ ઘડેલા સિદ્ધાંતોમાં તો સ્ત્રી-પુરુષો તમામ માટે સમાનતાની વાતો લખી છે. અને આપણે જોઈશું કે રશિયા અને બીજા જે કોઈ દેશોમાં સમાજવાદી ક્રાંતિ થઈ ત્યાં અમેરિકા, ઈંગ્લેન્ડ કે ફ્રાંસ જેવા મૂડીવાદી દેશોની સરખામણીમાં સ્ત્રીઓને ઘણા બધા અધિકારો હકીકતમાં મળ્યા છે. પરંતુ વખત જતાં આ દેશોમાં કેટલીક વિકૃતિઓ આવી છે અને ત્યાંની વ્યવસ્થાની મર્યાદાઓ પણ જોવા મળી છે.

*રેશ્મા:* સમાજવાદી દેશોમાં સ્ત્રીઓને કઈ રીતે અધિકારો મળ્યા અને તેની શું મર્યાદાઓ છે તે અમને કહો.

*એકતા:* આપણે રશિયાની ક્રાંતિના ઉદાહરણથી આ વાતને સમજીશું. અને વળી મહત્ત્વની વાત એ છે કે આખી મૂડીવાદી દુનિયાને ધ્રુજાવી દેનાર અને અનેક દેશની પ્રજાઓ માટે શોષણ સામે લડવાનો નવો જ રસ્તો ચીંધનાર રશિયાની ક્રાંતિની આગને પહેલો તણખો તો આંતરરાષ્ટ્રીય મહિલા દિને સ્ત્રી કામદારોએ શરૂ કરેલ આંદોલને પૂરો પાડ્યો હતો. તેની વાત હવે આવતે વખતે કરીશું. આજની ચર્ચાનો અંત મહિલા દિનની પ્રેરણારૂપ કાપડસૂતરની મિલોની સ્ત્રી કામદારોના સંઘર્ષને શ્રદ્ધાંજલિ આપીને કરીશું.



# મહિલા દિન કા ઈતિહાસ

હમ મેહનત કરને વાલી સબ એક હૈં - એક હૈં
હમ મિલ કો ચલાને વાલી સબ એક હૈં - એક હૈં
હમ જુલ્મ સે લડને વાલી સબ એક હૈં - એક હૈં

સોલહ ઘંટે કામ હમેં મંજૂર નહીં
સરમાયે કા રાજ હમેં મંજૂર નહીં
કામ કા આધા દામ હમેં મંજૂર નહીં
બેઈન્સાફી કા રાજ હમેં મંજૂર નહીં
દુનિયા કો બદલને વાલી સબ એક હૈં - એક હૈં

કરકે ફાકે, લેકર બચ્ચે વો ડટી રહી
અપની ફૈક્ટ્રી કે ગેટ સે હટી નહીં
હસ્તી ઉનકી જુલ્મેં જોર સે મિટી નહીં
હિમ્મત ઉનકી દૌરે જંગ મેં ઘટી નહીં
હમ ચિંગારી સી નારી સબ એક હૈં - એક હૈં

સો સાલ પહલે છિડી લડાઈ યે
જબ મજદૂર બહનેં આઈ થી મૈદાન મેં
મિલ માલિકોંને ખૂબ ચલાઈ ગોલિયાં
હારી નહીં વો આગે બઢતી નારિયાઁ
હમ મૌત પે હંસને વાલી સબ એક હૈં એક હૈં

- આભા, રુનું, કમલા

## રશિયન ક્રાંતિની શરૂઆતઃ
## "અમને રોટી જોઈએ, યુદ્ધ કે આપખુદશાહી નહીં"

*એકતાઃ* ૮ માર્ચ ૧૯૧૭નો એ દિવસ હતો. દર વર્ષની જેમ સભા, ભાષણ, પત્રિકા વિતરણ જેવા ચીલાચાલુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રશિયાના ક્રાંતિકારી નેતા લીઓન ટ્રોટસ્કીએ ઇતિહાસમાં લખ્યું છે તેમ "કોઈને પણ અંદેશો ન હતો કે આ ક્રાંતિનો પહેલો દિવસ બની શકે. એક પણ સંગઠને તે દિવસે હડતાલનું એલાન કર્યું ન હતું. પરંતુ તમામ સૂચનાઓ છતાં કાપડ સૂતરની કેટલીય મિલોના સ્ત્રી કામદારો હડતાલ પર ગયાં અને ધાતુના કારખાનાના કામદારોને ટેકા માટે અપીલ કરવા પ્રતિનિધિમંડળ મોકલ્યું." ખરેખર કેટલાય સમયથી કામદારો રસ્તા પર આવવા ઉતાવળા થયા હતા. લાંબી થતી જતી બ્રેડની લાઈનોએ તેમાં તણખો પૂરો પાડ્યો. કહે છે કે તે દિવસે ૯૦,૦૦૦ જેટલાં કામદાર સ્ત્રી-પુરુષો હડતાલ પર ઊતર્યાં હતાં. સ્ત્રીઓના એક જૂથે ડૂમા (સંસદ) તરફ બ્રેડની માંગણી સાથે કૂચ કરી પરંતુ તે તો 'બળદ પાસે દૂધ માંગવા જેવું હતું!' ઠેર ઠેર લાલ બેનરો દેખાવા લાગ્યાં. તેમાં લખ્યું હતું કે 'અમને રોટી જોઈએ, યુદ્ધ કે આપખુદશાહી નહીં.' બીજા દિવસે પણ આ જુવાળ ઘટ્યો નહીં પણ વધતો રહ્યો. બીજા જિલ્લાઓમાં પ્રસરતો ગયો.

*શકરીઃ* આટલા બધા લોકો રસ્તા પર આવી ગયા તો શું સરકારે આ કામદારોને રોકવા પોલીસ કે લશ્કર ન બોલાવ્યું?

*એકતાઃ* તમારો પ્રશ્ન વાજબી છે. સામાન્ય જનતાના કોઈ પણ સંઘર્ષને સરકારના દમનકારી તંત્ર એવા પોલીસ અને લશ્કરનો સામનો તો કરવો જ પડે છે. અને રશિયામાં તો ઝારની આપખુદશાહી સરકાર હતી. પરંતુ તે વખતે એક અજબ જેવી ઘટના બની અને તેણે લોકોનો ડર દૂર કરી દીધો. તે વખતે રશિયાનું લશ્કર

યુદ્ધમાં રોકાયેલું હતું. યુદ્ધ ચાલુ રાખવા સરકારે અનેક નવા લોકોની ભરતી કરી હતી. અનેક સ્ત્રી કામદારોના પિતા, પતિ ને ભાઈઓ લશ્કરમાં હતાં માટે જ તો તેઓ યુદ્ધ રોકવાની વાત કરતા હતા. આમ જ્યારે તેઓ રસ્તા પર આવ્યા ત્યારે તેમણે સૈનિકોને પણ પોતાની સાથે જોડાઈ જવા અપીલ કરી. ઠેર ઠેર સ્ત્રી-પુરુષ કામદારો લશ્કરના સૈનિકો સાથે વાતચીત કરી તેમને પોતાની વાજબી માંગણીઓ અને ન્યાય માટેના સંઘર્ષ અંગે સમજાવતાં હતાં. એક સ્થળે એક પોલીસે જ્યારે સંઘર્ષ કરતી સ્ત્રી કામદાર પર બંદૂકનો કૂંદો માર્યો ત્યારે એક સૈનિક તે પોલીસને પકડીને દૂર લઈ ગયો. આ વાત વાયુ વેગે પ્રસરી ગઈ... 'લશ્કર આપણી સાથે છે.' અને ક્રાંતિકારી સ્ત્રી-પુરુષોની હિંમત વધી ગઈ. ત્યાર પછીના દિવસે હડતાળ પર ઊતરેલા કામદારોની સંખ્યા ૨,૪૦,૦૦૦ પર પહોંચી. આમ આ સિલસિલો ચાલતો રહ્યો. ક્રાંતિકારી સંગઠનો હજુ અવઢવમાં હતાં. તેમના કેટલાક આગેવાનો ફરજિયાત દેશવટો ભોગવી રહ્યા હતા. પરંતુ સ્ત્રી કામદારોએ શરૂ કરેલી આગ શહેરો અને ગામડાઓમાં ફેલાઈ રહી હતી. ઝારના આપખુદશાહી, જુલમી શાસન અને ભૂખમરાથી લોકો તંગ આવી ગયા હતા. ધરપકડોનો દોર શરૂ થયો છતાં તેઓ ના રોકાયા. ક્રાંતિકારીઓએ લશ્કરના સૈનિકોને બળવો કરવા તૈયાર કર્યા. કામદારોએ લશ્કરની મદદથી હથિયારો મેળવ્યાં અને જુલ્મી પોલીસો અને રક્ષકોનો સામનો કર્યો. લોહી વહાવ્યા વગર સામૂહિક તાકાતથી જેલનો કબજો લીધો અને ક્રાંતિકારીઓને જેલમાંથી છોડાવ્યા. કારખાનાઓનો કબજો લીધો. મહેલનો કબજો લીધો. આખરે ઝારના મંત્રીમંડળ અને ખુદ ઝારને કેદી બનાવ્યા.

રશિયામાં એક સંસદની અને બીજી કામદારોની ક્રાંતિકારી સોવિયેટ એમ બેવડી સત્તા ચાલવા માંડી.

*આશા:* સોવિયેટ?

*એકતા:* સોવિયેટ એટલે કાઉન્સિલ. રશિયાની ક્રાંતિકારી બોલ્શેવિક પાર્ટી દરેક ગામ, શહેરમાં કારખાનાઓમાં તેમ જ અલગ અલગ વ્યવસાય કરતા લોકોની કાઉન્સીલ એટલે કે પ્રતિનિધિમંડળ બનાવતી હતી. જેમાં જનતા પોતાના વિસ્તાર કે વ્યવસાયના આગેવાન પ્રતિનિધિઓને ચૂંટીને મોકલતી.



હવે ઝારને બદલે ઉદારમતવાદી મૂડીદારોએ સંસદની સત્તા સંભાળી પરંતુ કામદારોની મુખ્ય માંગણીઓ, કામની સારી પરિસ્થિતિ, આઠ કલાકનો દિવસ, કિસાનોને જમીન વગેરે મુદ્દાઓ પર આ ઉદારમતવાદી મૂડીવાદી સરકાર સહમત ન થઈ. જનતાનો અસંતોષ ચાલુ જ રહ્યો. આખરે દેશવટો ભોગવી રહેલા નેતાઓ પરત રશિયા આવ્યા, જેમાં લેનીન મુખ્ય હતા. રશિયાના ક્રાંતિકારી નેતા લેનીને તમામ સત્તા કામદારોની સોવિયેટને મળે તે માટે આરપારના સંઘર્ષની જાહેરાત કરી. તે માટે ઠેર ઠેર કામદાર સ્ત્રી-પુરુષોએ તૈયારીઓ કરવા માંડી. તેમનો નારો હતો "જમીન ખેડૂતોને, કારખાનાં કામદારોને અને સત્તા સોવિયેટોને". છેવટે અનેક ઊથલ-પાથલો ને સંઘર્ષો બાદ ૭ નવેમ્બર, ૧૯૧૭ ના રોજ રશિયા દુનિયાનું પ્રથમ એવું રાજ્ય બન્યું જ્યાં કારખાનાં અને ખેતરો પર માલિકોનો નહીં પણ સમાજનો અંકુશ હોય.

*નીરુ:* ખરેખર મને થાય છે કે આ કામદાર સ્ત્રીઓમાં અચાનક આટલી હિંમત કેવી રીતે આવી?

*એકતા:* ઇતિહાસમાં કોઈ પણ મોટી ઘટના અચાનક કે આપોઆપ નથી બનતી. તેની પાછળ અનેક પરિબળો હોય છે. વર્ષોની મહેનત પણ હોય છે. રશિયામાં પણ આ માટેની તૈયારી વર્ષોથી ચાલતી હતી અને આ અગાઉ અનેક પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા. તે અનુભવોમાંથી બોધપાઠ લઈ ક્રાંતિકારીઓ આગળ વધતા હતા. રશિયા યુરોપના તમામ દેશોમાં પછાત ગણાતું હતું.

યુરોપના દેશોમાં અનેક ફેરફારો આવ્યા પણ ઝારના આપખુદશાહી શાસન હેઠળના રશિયામાં તે સમયે પણ રાજાના દૈવી અધિકારોનો ઝંડો ફરકતો હતો.

*ફરઝાના:* ઝાર, ત્યાંના રાજાનું નામ હતું?

*એક્તા:* રશિયાના સમ્રાટોને ઝાર કહેવાતા. તેનું નામ નિકોલસ હતું. આ ઝાર નિકોલસ અને તેની રાણી ઝરીના પોતાના વૈભવ અને અમર્યાદ સત્તાના નશામાં ચકચૂર હતાં. તેમની આસપાસ સાધુના વેશમાં રહેતા રાસ્પુટીન નામના લંપટ, ભ્રષ્ટાચારી અને ક્રૂર વ્યક્તિના મળતિયાઓની ટોળકી હતી. કોઈ પણ વિરોધને ક્રૂરતાથી કચડી નાંખવામાં આવતો હતો. બીજી બાજુ દેશની સામાજિક-આર્થિક પરિસ્થિતિ બેહાલ હતી. કેટલાંક જ શહેરો જેમ કે પેટ્રોગાર્ડ અને મોસ્કોમાં મોટા ઉદ્યોગો સ્થપાયા હતા જ્યારે મોટાભાગના રશિયામાં જમીનદારોની જોહુકમી હેઠળ ગરીબ કિસાનો બદતર જીવન જીવતા. વારંવાર તેઓ બળવા કરતા. આવી પરિસ્થિતિમાં રશિયાએ જાપાન સામે યુદ્ધ કર્યું. યુદ્ધનો બધો જ બોજો સામાન્ય જનતા અને ખાસ કરીને કામદાર તેમજ કિસાન સ્ત્રીઓ પર પડતો. આથી ૧૯૦૫માં પણ આ વ્યવસ્થા સામે ક્રાંતિનો એક પ્રયાસ કરવામાં આવ્યો હતો. તે વખતે સેંટ પીટ્સબર્ગના કામદારોએ સામાન્ય હડતાલ પાડી હતી અને કામદારોમાં ત્રીજા ભાગ જેટલી તો સ્ત્રીઓ હતી. આ સ્ત્રી કામદારો યુનિયનમાં જોડાઈ પોતાના આર્થિક હિત માટે લડવાની સાથે સાથે રાજકીય જાગૃતિ પણ કેળવતી હતી. તેઓએ તમામ કામદારોની સામાન્ય માંગણીઓ ઉપરાંત સ્ત્રી કામદારોની ખાસ જરૂરિયાતો અંગે પણ માંગણીઓ કરવા માંડી હતી.

ગામડાંની સ્ત્રીઓ યુદ્ધના વિરોધમાં અનેક વાર તેમના પુરુષોની લશ્કરમાં જબરદસ્તીથી થતી ભરતી રોકવા માટે લશ્કર અને પોલીસના હેડક્વાર્ટર પર હાથમાં ઝાડુ, સાવરણી અને ખેતીનાં ઓજારો લઈ ધસી જતી અને પોતાના ઘરના પુરુષોને ત્યાંથી પાછા લઈ આવતી હતી. આ બળવાઓ 'પેટીકોટ રીબેલીયન' તરીકે પ્રખ્યાત થયા હતા. પછી પુરુષો પણ તેમની સાથે જોડાયા હતા.

*શકરી:* ગામની સંઘર્ષશીલ સ્ત્રીઓએ પોતાની ખાસ માંગો કઈ કરી હતી?

*એકતા:* આ બહુ મહત્ત્વનો સવાલ છે. સ્ત્રીઓની માંગણી હતી કે જમીનદાર પાસેથી જમીન લઈ કિસાનોને આપવામાં આવે ત્યારે




સ્ત્રીઓને અલગથી જમીન આપવામાં આવે. નોગટકીનો નામના ગામની સ્ત્રીઓએ લખેલ એક આવેદનપત્ર તેમની વાત ખૂબ અસરકારક રીતે રજૂ કરે છે. તેમને મતાધિકાર અને જમીન બંને જોઈતાં હતાં. તેમણે કહ્યું કે 'રશિયાની સ્ત્રીઓ પોતાનાં ઘરોમાં પણ અધિકારોથી વંચિત છે. એક ગુલામ સ્ત્રી સ્વતંત્ર નાગરિકની માતા ન બની શકે... જો જમીનો માત્ર પુરુષોને જ મળશે તો અમે ખરેખરી ગુલામી સહીશું. અત્યારે તો અમે મજૂરી કરી કમસેકમ થોડા કોપેક (રશિયાનું નાણું) તો અમારી જાતે કમાઈ શકીએ છીએ પણ પછી તો અમે માત્ર અમારા પુરુષો માટે જ કામ કરતાં હોઈશું.'

*કમલા:* કેટલી સાચી વાત કેવા સરળ શબ્દોમાં કહી છે!

*એકતા:* એ જ રીતે શહેરના કામદારોએ સરકારે નીમેલી કમિટિ સમક્ષ પોતાની વાત રજૂ કરવા પોતાના પ્રતિનિધિઓ ચૂંટ્યા હતા, જેમાં એક સ્ત્રી પણ હતી. કમિશને તે માત્ર પુરુષ પ્રતિનિધિઓ સાથે જ વાત કરશે તેમ જણાવ્યું ત્યારે સ્ત્રીકામદારોએ તેનો વિરોધ કર્યો. સંસદની ચૂંટણી પહેલાંની સભાઓમાં ધસી જઈ તેમણે સ્ત્રીઓને રાજકીય નિર્ણયોમાંથી બાકાત રાખવા સામે વિરોધ વ્યક્ત કર્યો. ૪૦,૦૦૦ જેટલી સહીઓ એકત્રિત કરી સંસદમાં મતાધિકારની માંગણી કરી. તેમણે માત્ર મતાધિકારની

માંગણીથી ન અટકતાં કામની સારી પરિસ્થિતિની માંગ પણ કરી. આમ મતાધિકાર, કામદાર તરીકેના અધિકાર અને સ્ત્રી કામદાર તરીકેના આગવા અધિકાર એમ ત્રણે પ્રકારના અધિકારની માંગણીમાં તેમની જાગરુકતા જોવા મળી. કામદાર ચળવળના કેટલાક નેતાઓ સ્ત્રીઓના આગવા પ્રશ્નો અને અધિકારો બાબતે સ્પષ્ટ ન હતા. તેઓ માનતા કે મુખ્ય લડત માલિક ને મજૂર વચ્ચે છે, તેથી જો સ્ત્રીઓના પ્રશ્નો આગળ આવશે તો કામદારોમાં ભાગલા પડશે અને માલિકો સામેની લડત નબળી પડશે. પરંતુ એલેકઝાન્ડ્રા કોલોન્તાઈ, કૃપ્સકાયા, ક્લેરાં ઝેટકીન જેવાં કેટલાક આગેવાનો ખૂબ સ્પષ્ટ અવાજમાં આવા વિચારો સામે લડત આપતાં અને વર્ગ વ્યવસ્થાની સાથે સાથે સ્ત્રીઓના પ્રશ્નો પર પણ એટલું જ ધ્યાન આપવાનો આગ્રહ રાખતાં. આ મહિલા આગેવાનોના પ્રયત્નોથી 'રોબોત્નીસ્તસા' એટલે કે 'સ્ત્રી કામદારા' મેગેઝિનની શરૂઆત થઈ, જેણે સ્ત્રીઓમાં ક્રાંતિકારી જાગૃતિ આણવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. સ્ત્રી કામદારોનાં અલગ મંડળો અને પરિષદો ભરાયાં. આમ ૧૯૦૫ની નિષ્ફળ ક્રાંતિ પછી આ ક્રાંતિકારીઓ પગ વાળીને બેઠા ન હતા. તેમણે સતત લોકોને - સ્ત્રીઓને ક્રાંતિકારી વિચારોનું શિક્ષણ આપવાનું ચાલુ જ રાખ્યું હતું. માત્ર ચર્ચાઓ, પત્રિકાઓ દ્વારા જ નહીં પરંતુ કારખાના અને ખેતરોમાં માલિકો તેમજ સરકાર સાથે થતા રોજ-બ-રોજ થતા સંઘર્ષોમાંથી પણ કામદાર અને કિસાન સ્ત્રી-પુરુષો ઘણું શીખ્યાં હતાં. ૧૯૧૭માં ૮ માર્ચના રોજ થયેલ તણખાને અંતિમ વિજય સુધી લઈ જવા માટે આ બધા અનુભવોને આધારે ધ્યાનપૂર્વકનું આયોજન કરવામાં આવ્યું હતું. કામદાર, કિસાન અને સૈનિકોની સોવિયેટો એક એક દિવસના બનાવો પર નજર રાખી પોતાની રણનીતિ ઘડતી હતી અને તેથી જ ૧૯૧૭ના નવેમ્બરમાં ક્રાંતિ શક્ય બની.

*રેશમા:* તો ક્રાંતિ પછી સ્ત્રીઓને શું મળ્યું?

*એકતા:* ક્રાંતિની જીત પછી સોવિયેટ રશિયામાં સ્ત્રીઓને, મૂડીવાદી દેશોમાં હજુ જેનો વિચાર પણ નહોતો થયો તેવા, અધિકારો મળ્યા. તમામ બંધનો-અડચણો કે જે તેમને સામાજિક-રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં રોકતાં હતાં તેમને દૂર કરવામાં આવ્યાં. તત્કાલીન પ્રસૂતિ સહાય અને સ્વાસ્થ્ય વીમાનો કાયદો પસાર



કરવામાં આવ્યો. સામાજિક વીમાનું ફંડ ઊભું કરવામાં આવ્યું કે જેમાં કામદારો પાસેથી કોઈ પણ પગાર કાપ્યા વગર સ્ત્રી કામદારો તેમજ પુરુષ કામદારોની પત્નીઓ માટે પ્રસૂતિ અને સ્વાસ્થ્ય સારવારની વ્યવસ્થા કરવામાં આવી. કુટુંબમાં સ્ત્રી-પુરુષ સમાનતાનો કાયદો પસાર કરવામાં આવ્યો. છૂટાછેડાની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી અને જ્યાં છૂટાછેડા માટે પરસ્પર સહમતી ન હોય ત્યાં કોર્ટની દરમ્યાનગીરી અને ભરણપોષણની ખાતરી આપવામાં આવી. બાળકોની જવાબદારી વ્યક્તિગત માતાની નહીં પરંતુ સામૂહિક રીતે સમાજની છે તેવી વિચારધારા હેઠળ સગર્ભા સ્ત્રીઓ માટે પ્રસૂતિની રજા ઉપરાંત નોકરીમાં અનેક સગવડો ઊભી કરવામાં આવી. બાળસંભાળ કેન્દ્રો, સામુદાયિક રસોડા, યુવાનો માટે રમતગમતનાં મેદાનો, શિબિરો વગેરે દ્વારા માતાને બાળકની પૂરી જવાબદારી ઉઠાવવામાંથી તેને મુક્તિ આપવામાં આવી. આમ સ્ત્રીઓ માટે સાચા અર્થમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર ઉપલબ્ધ કરવામાં આવ્યાં.

*ફરઝાના:* કાયદા તો ઘડાયા પણ તેનો અમલ થયો ખરો?

*એકતા:* તમારો પ્રશ્ન વાજબી છે. આપણા દેશમાં પણ કેટલાક કાયદાઓ થાય છે પણ તેનો અમલ થતો નથી, જ્યારે રશિયાનો સમાજ તો અતિશય પછાત હતો. તેથી સમાજ આ ફેરફારને

સ્વીકારે અને ભૂતકાળની જૂનવાણી પુરુષપ્રધાન ગ્રંથિઓમાંથી લોકો બહાર આવે તે માટે ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા. સ્ત્રીઓને પોતાના અધિકારનો ઉપયોગ કઈ રીતે કરવો તે સમજાવવા ખાસ કમિશન બનાવવામાં આવ્યું. અને એલેકઝાન્ડ્રા કોલોન્તાઈ જેવા સશક્ત આગેવાને સામાજિક સેવાઓ માટેના કમિશ્નરનો હોદ્દો સંભાળી અને તેનો અમલ થાય તે માટે પૂરી ઇચ્છાશક્તિથી કામ કર્યું.

*નીરુ:* તો તો રશિયાની સ્ત્રીઓ આજ સુધીમાં ઘણી જ આગળ નીકળી ગઈ હશે?

*એકતા:* કમનસીબે રશિયાની ક્રાંતિને અનેક અવરોધોનો સામનો કરવો પડ્યો. મૂડીવાદ સામે કામદારોની સત્તા હાંસલ કરનાર આ પહેલા દેશ પર આખી દુનિયાનાં લશ્કરોએ હુમલો કર્યો. રશિયાની અંદરના મૂડીવાદીઓનાં કાવતરાં અને બહારનાં આ યુદ્ધની પરિસ્થિતિમાં તેના નેતાઓને તત્કાલ પરિસ્થિતિને પહોંચી વળવા માટે વિરોધીઓના લોકશાહી અધિકારો પાછા ખેંચવાના કેટલાક કડવા નિર્ણયો લેવા પડ્યા. જે ટૂંક સમય માટેના હતા. અને યુદ્ધની પરિસ્થિતિ પૂરી થયા પછી ટ્રોટસ્કી જેવા કેટલાક આગેવાનોએ તેને પાછા આપવાની તરફેણ કરી. પણ લેનીન જેવા આગેવાનોના મૃત્યુ પછી સ્ટાલીન અને તેના સાથીદારોએ તમામ વિરોધોને દબાવી દીધા. કામદારોને સાચી લોકશાહી આપવાને બદલે કામદારોના નામે સત્તાધારી સામ્યવાદી પક્ષે પોતાની સત્તા ચાલુ રાખી. ટ્રોટસ્કી સહિત અનેક લોકોને દેશનિકાલ કર્યા, અનેકોની કતલ કરી. આમ "સમાજવાદી" રશિયા કે જેમાં સાચા અર્થમાં શ્રમજીવી જનતાનો અવાજ તમામ ક્ષેત્રમાં હોવો જોઈએ તેને બદલે તેનું નામ સરમુખત્યારશાહી સાથે સંકળાઈ ગયું. તેની અસર સ્ત્રીઓના અધિકારો પર પણ થઈ.

*આશા:* એ કઈ રીતે?

*એકતા:* જ્યાં લોકશાહી ન હોય, વિરોધી વિચારને દબાવી દેવામાં આવતો હોય ત્યાં સ્ત્રીઓનો વિકાસ પણ અટકી ગયો. ઉત્પાદનના કામમાં સ્ત્રીઓ જોડાશે એટલે આપોઆપ સ્વતંત્રતા મળી જશે, એવી સામ્યવાદી આગેવાનોની સમજના કારણે રોજગારી મળી અને આર્થિક સ્વતંત્રતા પણ મળી, પરંતુ ઘરની જવાબદારી ઓછી ન થઈ. બેવડા બોજાને કારણે સામાજિક અને

રાજકીય ક્ષેત્રે તેમના યોગદાન અને ભૂમિકા પર અસર થઈ. રાજકીય ક્ષેત્રે નિર્ણયાત્મક ભૂમિકાઓ પર સ્ત્રીઓની સંખ્યા ઓછી જ રહી. આમ પૂરેપૂરી સમાનતા ન મળી. પરંતુ ક્રાંતિ પહેલાં જે પછાત પરિસ્થિતિ અને નિરક્ષરતામાં સ્ત્રીઓ હતી તેની સરખામણીમાં અને યુરોપ-અમેરિકાનાં ખૂબ ધનવાન મનાતાં અન્ય મૂડીવાદી રાજ્યોની સરખામણીમાં પણ જે ઝડપથી સોવિયેટ રશિયાની સ્ત્રીઓનો વિકાસ થયો તે જોતાં એમ જરૂર કહી શકાય કે જો રાજ્યની ઇચ્છાશક્તિ હોય તો સામાજિક ભેદભાવોને બદલી શકાય છે.

*આશાઃ* અમને એલકઝાન્ડ્રા કોલોન્તાઈના જીવન વિશે વિગતે માહિતી આપો.

*એકતાઃ* **એલેકઝાન્ડ્રા કોલોન્તાઈ (૧૮૭૨ - ૧૯૬૨)** અનેક વિશેષ પ્રતિભા ધરાવતાં હતાં. ૧૮૭૨માં રશિયાના સંપત્તિવાન અધિકારીના કુટુંબમાં જન્મેલાં કોલોન્તાઈના જીવનમાં તમામ ભૌતિક સુખો મોજુદ હતાં. તેમને ઉચ્ચ શિક્ષણ મળ્યું હતું અને કલા સાહિત્યમાં અભિરુચિ ધરાવનાર આ પ્રતિભાવાન યુવતી રશિયાનાં કહેવાતાં ઉચ્ચ કુટુંબો સાથે સંપર્ક ધરાવતી હતી. પરંતુ પ્રગતિશીલ સાહિત્ય અને ક્રાંતિકારી વિચારોથી પરિચિત બનેલ સંવેદનશીલ કોલોન્તાઈ સુંવાળી જિંદગી છોડીને રશિયાન ઝાર સામેના સંઘર્ષમાં પ્રખર ક્રાંતિકારી તરીકે જોડાઈ ગયાં. તેઓ સ્વીત્ઝરલેન્ડ અને લંડનમાં શિક્ષણ મેળવતાં હતાં ત્યારે



માર્કસવાદી વિચારો અને જૂથોના સંપર્કમાં આવ્યાં અને રશિયા પરત આવી રશિયન ક્રાંતિના આગેવાન લેનીનને મળ્યાં અને ક્રાંતિકારી પક્ષમાં જોડાયાં. ૧૯૦૫માં રશિયામાં થયેલ પ્રથમ ક્રાંતિનાં તેઓ સાક્ષી બન્યાં અને ક્રાંતિ નિષ્ફળ જતાં પોતાના ક્રાંતિકારી વિચારો બદલ ફરજિયાત દેશવટો ભોગવવો પડ્યો. આ દરમ્યાન ઈંગ્લેંડ, ડેન્માર્ક, ફ્રાંસ, બેલ્જીયમ, સ્વીત્ઝરલેન્ડ, સ્વીડન, નોર્વે અને અમેરિકા એમ જુદા જુદા દેશોમાં ભ્રમણ કરતાં કરતાં ત્યાંના કામદારો અને કામદાર સ્ત્રીઓના અધિકારો માટેની ચળવળમાં જોડાયાં. એક સારા વક્તા અને લેખિકા એવાં કોલોન્તાઈ જ્યાં જ્યાં ગયાં ત્યા ક્રાંતિના વિચારો ફેલાવતાં ગયાં. તેમણે ક્લેરા ઝેટકીન સાથે સમાજવાદી સ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં આગેવાન તરીકે ભાગ લીધો.

દુનિયાના દેશોની સરકારો જ્યારે વિશ્વયુદ્ધની તૈયારી કરતી હતી ત્યારે તેઓ યુદ્ધવિરોધી ચળવળનાં પ્રણેતા બન્યાં અને એક માર્કસવાદી અભ્યાસુ તરીકે યુદ્ધનાં સામાજિક કારણોની સમીક્ષા કરતાં તેમણે કહ્યું કે, "દુનિયામાં બે જ રાષ્ટ્રો છે - એક શોષણ કરનાર અને બીજું જેનું શોષણ થાય છે તે શ્રમજીવી. દુનિયાના શ્રમજીવીઓને સરહદ અને સીમાડાઓથી વહેંચી શકાતા નથી. આ યુદ્ધ શોષણ કરનારાઓના હિત માટે છે. સરકારો એક દેશના શ્રમજીવીને બીજા દેશના શ્રમજીવી સામે લડવા મોકલે છે પરંતુ આપણને યુદ્ધ નહીં, શાંતિ જોઈએ, સામાજિક ક્રાંતિ જોઈએ."

તે જ રીતે તેઓ જીવનપર્યંત ક્રાંતિકારી મહિલા ચળવળને દોરવણી આપતાં રહ્યાં. તેઓ માનતાં કે માત્ર મતાધિકાર માટે લડતી પૈસાદાર સ્ત્રીઓની લડત કરતાં કામદાર સ્ત્રીઓની લડત અલગ છે. કામદારોનું શોષણ કરતી મૂડીવાદી વ્યવસ્થાને ઊથલાવવા કામદાર સ્ત્રીઓને સાથી કામદારો સાથે ક્રાંતિમાં જોડવાનું તેમણે કામ કર્યું પરંતુ તેની સાથે સ્ત્રી કામદારોના આગવા પ્રશ્નો માતૃત્વ અને બાળઉછેરની જવાબદારીના વ્યવહારુ ઉકેલ લાવી અને કઈ રીતે સ્ત્રીઓને પોતાના રોજ-બ-રોજના જીવનમાં સમાનતા મળે અને તેમની શક્તિઓ પૂરેપૂરી વિકસાવી શકે, કલા-વિજ્ઞાન અને રાજ્યતંત્રમાં ભાગ લઈ શકે તે માટે લડતાં રહ્યાં એટલું જ નહીં, રશિયાની ક્રાંતિ પછી પ્રથમ સમાજવાદી રાજ્યમાં સામાજિક સલામતી માટે પીપલ્સ

કોમિસાર (કમિશનર)નો હોદ્દો સંભાળ્યો અને માતા તેમજ બાળકને સંપૂર્ણ સલામતી, સ્વાસ્થ્ય સેવા અને વૃદ્ધાવસ્થામાં પેન્શન મળે  તે માટે કાયદો બનાવી તેનો અમલ કરાવડાવ્યો. તેઓ માનતાં કે કુટુંબ વ્યવસ્થા એવી હોવી જોઈએ કે જે સ્ત્રીઓની આર્થિક પરતંત્રતા પર નભેલી ન હોય. કોઈ પણ સ્ત્રી-પુરુષને આર્થિક કારણોસર સાથે રહેવાની જરૂર ન પડવી જોઈએ. સંબંધો માત્ર અને માત્ર પ્રેમ અને પરસ્પરના આદર પર આધારિત હોય તો જ સ્ત્રી બધી જ રીતે સમાન નાગરિક બની શકે. આવી વ્યવસ્થા ઊભી કરવા તેમણે ક્રાંતિ પછી સોવિયેત રશિયામાં અનેક વ્યવહારુ પગલાંઓ લેવાનો પ્રયત્ન કર્યો. તેઓ દુનિયાનાં પ્રથમ સ્ત્રી રાજદૂત બન્યાં અને રશિયાના મુત્સદ્દી તરીકે વિદેશ મંત્રાલયમાં ૨૫ વર્ષો સુધી સેવા આપી. તે દરમ્યાન નોર્વે, મેક્સિકો, સ્વીડનમાં રાજદૂત તરીકે રહ્યાં અને તેમણે યુનાઈટેડ નેશન્સની પૂરોગામી સંસ્થા લીગ ઓફ નેશન્સમાં રશિયાનું પ્રતિનિધિત્વ પણ કર્યું.

જો કે સ્ટાલીને જ્યારે રશિયામાં લોકશાહીનું ગળું દાબી દીધું ત્યાર બાદ તેમને રાજકીય રીતે હાંસિયા પર ધકેલી દેવામાં આવ્યાં અને વિદેશ મંત્રાલયમાં રાજદૂત તરીકે નિમણૂક કરી, જેથી મોટે ભાગે તેઓ દેશની બહાર જ રહે અને દેશના રાજકારણમાં માથું ન મારે તેવું આયોજન કરવામાં આવ્યું.

*આશા:* સાચે જ અમને તો લાગતું હતું કે પરદેશની, પશ્ચિમના દેશોની સ્ત્રીઓને કેટલી બધી સ્વતંત્રતા છે! પણ ઈંગ્લેંડ, ફ્રાંસ, અમેરિકા અને રશિયાની સ્ત્રીઓના સંઘર્ષની વાત જાણીને લાગે છે કે સંઘર્ષ વગર તો કાંઈ જ મળતું નથી.


*શકરી:* અને મહિલા દિનનો ઇતિહાસ મહેનત મજૂરી કરતી સ્ત્રીઓનો ઇતિહાસ છે તે વાતથી મને તો ખૂબ જ ઉત્સાહ થયો છે. મને થાય છે કે આપણે પણ રશિયાની સ્ત્રીઓની જેમ ક્રાંતિ કરવી જોઈએ.

*કમલા:* શકરીબહેન આ વાત સાંભળીને મને ફૈઝ અહમદ ફૈઝનું પેલું ગીત યાદ આવે છે. 'હમ મહેનતકશ જગ વાલોં સે...'

## હમ મેહનતકશ જગ વાલોં સે...

હમ મેહનતકશ જગ વાલોં સે
જબ અપના હિસ્સા માંગેગે
એક ખેત નહીં એક દેશ નહીં
હમ સારી દુનિયા માંગેગે
હમ મેહનતકશ જગ વાલોં સે...

યહાં પર્વત-પર્વત હીરે હૈં
યહાં સાગર-સાગર મોતી હૈં
યે સારા ખજાના માંગેગે
હમ મેહનતકશ જગ વાલોં સે...



જો ખૂન બહા જો બાગ ઉજડે
જો ગીત દિલોં મેં કત્લ હુએ
હર કતરે કા હર ગુંચે કા
હર ગીત કા બદલા માંગેગે
હમ મેહનતકશ જગ વાલોં સે...

યે સેઠ વ્યાપારી, રજવાડે
દસ લાખ, તો હમ હૈં દસ કરોડ
કબ તક યે અમરીકા સે
જીને કા સહારા માંગેગે
હમ મેહનતકશ જગ વાલોં સે...

જબ સફ સીધી હો જાએગી
જબ સબ ઝગડે મિટ જાયેંગે
હમ હર ઇક દેશ કે ઝંડે પર
એક લાલ સિતારા માંગેગે
હમ મેહનતકશ જગ વાલોં સે...

**- ફૈઝ અહમદ ફૈઝ**

*એકતા:* કમલા, આ ગીત ગાઈને ખરેખર દુનિયાને બદલવાનું જોશ આવી ગયું પણ આપણા મહિલા દિનનો ઇતિહાસ હજુ તો અધૂરો છે. તેની વાત હવે કાલે પૂરી કરીશું.

# આપણો ઇતિહાસઃ આપણા સંઘર્ષો

*એકતાઃ* આપણે અત્યાર સુધીમાં જોયું કે મહિલા દિનના ઇતિહાસમાં સ્ત્રીઓ માટેના મતાધિકારની લડતથી શરૂ કરીને, કામની પરિસ્થિતિ સુધારવા માટેની લડતો, વિશ્વશાંતિ માટે યુદ્ધવિરોધી લડતો, મૂડીવાદી શોષણ સામેની ક્રાંતિ એમ અનેક મુદ્દાઓ પરની લડતો સામેલ છે.

૧૯૧૦ના એ ઐતિહાસિક દિવસથી માંડીને આજ સુધીના નારીમુક્તિ આંદોલનના અલગ-અલગ તબક્કાઓ દરમ્યાન અલગ અલગ દેશની સ્ત્રીઓના અનેક ઐતિહાસિક સંઘર્ષોની યાદ આ દિવસ તાજી કરાવે છે. જેમાં પરદેશી શાસન સામે રાષ્ટ્રીય આઝાદીની લડતો, પોતાના શરીર પર પોતાના અધિકાર માટેની લડતો, સ્ત્રીઓ પરની હિંસા સામે સલામતી અને સુરક્ષા માટેની લડતો, સ્ત્રીઓના અધિકારને માનવઅધિકાર તરીકે સ્વીકારવા માટેની લડતો, ધર્માંધતા અને રૂઢિચુસ્તતા સામેની લડતો, સમાજના સીમાન્ત જૂથો અને કુદરતને હાંસિયામાં ધકેલતી આર્થિક નીતિઓ સામેની લડતો એમ વિશાળ ફલક પર વિસ્તરતા અનેક સંઘર્ષોનો સમાવેશ થાય છે.

આ દિવસે બનેલ કેટલીક મહત્ત્વની ઘટનાઓની એક યાદી પર નજર નાખીએ.



૧૮૫૭ અમેરિકાની કાપડ સૂતરની મિલોના મહિલા કામદારોએ કામના કલાકો ઘટાડવા અને કામની પરિસ્થિતિ સુધારવા માટે સંઘર્ષ કર્યો.

૧૯૧૦ ક્લેરા ઝેટકીને ૮ માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે જાહેર કર્યો.

૧૯૧૭ રશિયામાં પેટ્રોગાર્ડની સ્ત્રી કામદારોએ "રોટી, શાંતિ અને જમીન" માટે હડતાલ પાડી આંદોલનની શરૂઆત કરી. આ તણખાએ રશિયાની ક્રાંતિની મશાલ પેટાવી અને "ફેબ્રુઆરી ક્રાંતિ"ની શરૂઆત કરી.

૧૯૩૭ સ્પેનની સ્ત્રીઓએ ફ્રાંસની દમનકારી શાસનપદ્ધતિ સામે મોરચો કાઢ્યો.

૧૯૪૩ ઈટાલીની સ્ત્રીઓએ ચર્ચ, કિચન (રસોડું) અને કીડરગાર્ડન બાલમંદિરમાં સ્ત્રીઓને બાંધી રાખવા માંગતા મુસોલીનીના ફાસીવાદનો વિરોધ કર્યો.

૧૯૪૬ યુનાઈટેડ નેશન (યુનો)માં માનવ-અધિકારોના કમિશન હેઠળ સ્ત્રીઓના સવાલો પ્રત્યે ધ્યાન આપવા માટેના પેટાકમિશનની માંગણી સ્વીકારાઈ અને 'સ્ત્રીઓનું સ્થાન' માટેના કમિશનની પ્રથમ મિટિંગ થઈ.

૧૯૪૮ યુનોની સામાન્ય સભામાં માનવ-અધિકારોનું જાહેરનામું સ્વીકારવામાં આવ્યું, જેના આધારે વિશ્વભરમાં માનવ-અધિકારો માટેનો સંઘર્ષ વધુ મજબૂત બન્યો.

૧૯૫૧ આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (આઈ.એલ.ઓ.) દ્વારા સ્ત્રી અને પુરુષ કામદારોને સરખું વેતન આપવા અંગેનો ઠરાવ સ્વીકારવામાં આવ્યો.

૧૯૫૨ રાજકારણમાં સ્ત્રીઓના અધિકારનો ખરડો યુનો દ્વારા સ્વીકારવામાં આવ્યો.

૧૯૬૦ ૨૫ નવેમ્બરના રોજ ડોમીનીકલ રીપબ્લીકમાં સરમુખત્યાર ટુ જિલ્લો સામે માથું ઊંચકનાર, રાજકીય કાર્યકર મીરાવલ બહેનોની ક્રૂર હત્યા કરવામાં આવી. ૧૯૮૧ થી આ દિવસ સ્ત્રી વિરોધી હિંસા સામેના દિવસ તરીકે ઉજવાય છે.

૧૯૬૧ લેટીન અમેરિકામાં પેરુગ્વે દેશમાં સ્ત્રીઓને મતાધિકાર મળ્યો અને લેટીન અમેરિકામાં મતાધિકાર માટેની લડતનો સફળ અંત આવ્યો.

૧૯૬૭ ઈરાનમાં કુટુંબ રક્ષક કાનૂન (ફેમિલી પ્રોટેક્શન લો) હેઠળ સ્ત્રીઓને પતિની પરવાનગી વગર નોકરી કરવાની છૂટ નહોતી. આ મર્યાદા દૂર કરવામાં આવી.

૧૯૭૦ રાત્રિ પર સ્ત્રીઓનો અધિકાર સ્થાપિત કરતી ‘ટેક બેક ધ નાઈટ’ લડતની શરૂઆત થઈ. રસ્તા પર સ્ત્રીઓ અને બાળકીઓ માટે સલામતી માંગતી લડત દુનિયાના અનેક દેશોમાં પ્રસરી છે.

૧૯૭૪ વિયેટનામની સ્ત્રીઓએ અમેરિકાના સામ્રજ્યવાદી આક્રમણ સામે ઝુંબેશ ઉઠાવી.

૧૯૭૫ સંયુક્ત રાષ્ટ્ર સંઘ યુ.એન.ઓ.એ મેક્સીકો કોન્ફરન્સમાં આંતરરાષ્ટ્રીય મહિલાવર્ષની જાહેરાત કરી અને દુનિયાભરની સ્ત્રીઓએ મહિલાવર્ષની ઉજવણી દરમ્યાન અનેક કાર્યક્રમો કર્યા. ત્યારબાદ સમાનતા, વિકાસ અને શાંતિના નારા સાથે ૧૯૭૫ થી ૧૯૮૫ દરમ્યાન મહિલા દશક ઊજવવાનો નિર્ણય લેવાયો. મેક્સીકોમાં સરકારી પરિષદ ઉપરાંત સ્વૈચ્છિક સ્ત્રી સંગઠનો દ્વારા સમાંતર બિન-સરકારી પરિષદ યોજાઈ, જેમાં દુનિયાભરની ૬૦૦ જેટલી સ્ત્રીઓએ ભાગ લીધો.

१९७९ યુનોમાં સીડો (કન્વેન્શન ઓન એલીમીનેશન ઓફ ઓલ ફોમ્સ ઓફ ડિસ્ક્રીમીનેશન અગેઈન્સ્ટ વીમેન) સ્ત્રીઓના સંપૂર્ણ વિકાસ અને પ્રગતિ માટે સ્ત્રીઓને બીબાઢાળ ભૂમિકા પર આધારિત સામાજિક અને સાંસ્કૃતિક પ્રણાલિકાઓ બદલીને જીવનનાં તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓના સમાન અધિકારનો ખરડો સ્વીકારાયો.

१९७९ ઈરાનમાં ૫૦,૦૦૦ કરતાં પણ વધુ સ્ત્રીઓ 'ચાદર' (બુરખો) સામે વિરોધ કરવા રસ્તા પર આવી.

१९८० મહિલા દાયકા માટે નક્કી થયેલ ધ્યેયોની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે મધ્ય દાયકાની પરિષદ કોપન હેગનમાં યોજાઈ, જેમાં દાયકા માટે નક્કી કરેલ સૂત્રમાં સમાનતા, વિકાસ અને શાંતિની સાથે શિક્ષણ, કામ અને સ્વાસ્થ્યના ધ્યેયોનો ઉમેરો કરવામાં આવ્યો.

१९८० ભારતમાં મથુરા બળાત્કાર કેસના સંદર્ભમાં રાષ્ટ્રવ્યાપી બળાત્કાર વિરોધી ચળવળ શરૂ થઈ. પરિણામે સરકારને બળાત્કારને લગતા કાયદામાં સ્ત્રીઓ તરફી કેટલાક સુધારા કરવાની ફરજ પડી.

१९८१ યુરોપની સ્ત્રીઓએ સ્વતંત્ર, સલામત અને કાનૂની ગર્ભપાત માટે લડતને વેગીલી બનાવી.

१९८३ સ્ત્રીઓની જાતીય ગુલામી સામેના આંતરરાષ્ટ્રીય સંકલન દ્વારા, વેશ્યા બનાવવા તથા તમામ પ્રકારની જાતીય ગુલામી સામે નેધરલેન્ડમાં મળેલ પરિષદમાં અવાજ ઉઠાવવામાં આવ્યો.

१९८५ ૧૯૭૫ થી ૧૯૮૫ દરમ્યાન ઉજવાયેલા આંતરરાષ્ટ્રીય મહિલા દશકનું સરવૈયું કાઢવા નૈરોબીમાં આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ, જેમાં ૨૦૦૦ની સાલ સુધીમાં સ્ત્રીઓની પ્રગતિ માટેની આગામી રણનીતિઓ ફોરવર્ડ લુકિંગ સ્ટ્રેટજીસ નક્કી કરવામાં આવી.

૧૯૮૯ કેનેડામાં એન્જિનીયરીંગ કોલેજની ૧૪ વિદ્યાર્થિનીઓની 'તેઓ નારીવાદી છે' કહી એક પુરુષે હત્યા કરી. આ પ્રસંગથી કેનેડાના સમાજમાં સ્ત્રીવિરોધી મૂલ્યો કેટલાં ઊંડાં છે તેની ચર્ચા શરૂ થઈ.

૧૯૯૦ આ વર્ષ સાર્ક (દક્ષિણ એશિયા દેશોનો સમૂહ)ના દેશો માટે બાલિકા વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું.

આ દેશોમાં પ્રવર્તતા પુત્ર લાલસા (સન પ્રેફરન્સ) અને સ્ત્રી તિરસ્કાર (વિમેન હેટ)ને ધ્યાનમાં રાખીને અનેક સંઘર્ષો, કાર્યક્રમો થયા. ભારતમાં અનેક શહેરોમાં ગર્ભજાતિ પરીક્ષણ સામે આંદોલન, જાગૃતિ કાર્યક્રમો થયા.

૧૯૯૧ ભારતમાં કાલીકટ ખાતે યોજાયેલ સ્વાયત્ત સ્ત્રી સંગઠનોના રાષ્ટ્રીય સંમેલનમાં વધતી જતી ધર્માંધતાને પડકારવા ૧૯૯૧ના વર્ષને ધર્માંધતા વિરોધી વર્ષ તરીકે જાહેર કર્યું. વર્ષ દરમ્યાન દેશના ખૂણે ખૂણે સ્ત્રી સંગઠનોએ ધર્માંધતા વિરોધી કાર્યક્રમો કર્યા.

૧૯૯૧ વીમેન્સ ગ્લોબલ લીડરશીપ ઈન્સ્ટિટ્યુટ દ્વારા સ્ત્રીઓ પરની હિંસા વિરોધી સક્રિયતાના ૧૬ દિવસની ઝુંબેશની શરૂઆત થઈ.

૧૯૯૧ બોસ્નીયા અને હરજેગોવીનામાં ચાલતા વંશીય યુદ્ધમાં બળાત્કારનો ઉપયોગ એક હથિયાર તરીકે થાય છે તેની નોંધ લેવાઈ.

૧૯૯૩ માનવ અધિકાર માટેનું યુનોનું આંતરરાષ્ટ્રીય સંમેલન વિએનામાં મળ્યું, જેમાં દુનિયાભરનાં સ્ત્રી સંગઠનોએ પાંચ લાખ જેટલી સહીઓ ભેગી કરી મોકલી. આ સંઘર્ષને કારણે જાહેરનામાના કુલ ૧૩૯ ફકરાઓમાંથી ૧૩ ફકરાઓ ખાસ સ્ત્રીઓ અને બાળકીઓના માનવ અધિકારોને લગતા હતા, ડિસેમ્બર ૧૯૯૩માં યુનોની સામાન્ય સભાએ સ્ત્રીઓ વિરોધી હિંસાને લગતું જાહેરનામું સ્વીકાર્યું.

૧૯૯૪ સ્ત્રીઓના અને બાળકીઓના અધિકારો એ આંતરરાષ્ટ્રીય માનવ-અધિકારોનો અનિવાર્ય, આંતરિક અને અલગ ન કરી શકાય તેવો ભાગ છે, એ વાતને આગળ લઈ જવા દેશ દેશની સ્ત્રીઓએ ઝુંબેશ ચલાવી.

૧૯૯૫ ચીનના બેજીંગમાં ચોથી વિશ્વ મહિલા પરિષદ યોજાઈ, જેમાં સરકારી કાર્યક્રમની સમાંતરે યોજાયેલ બિનસરકારી સંગઠનોની પરિષદમાં આશરે ૩૦,૦૦૦ જેટલી સ્ત્રીઓએ ભાગ લીધો.

૧૯૯૮ આંતરરાષ્ટ્રિય ફોજદારી કોર્ટ સ્થાપવા માટે મળેલી રાજદ્વારીઓની પરિષદમાં યુદ્ધ દરમ્યાન થતા બળાત્કાર, જાતીય ગુલામી, વેશ્યાવ્યવસાય માટે દબાણ કરવું, જબરજસ્તી સગર્ભા બનાવવી, જબરજસ્તી કુટુંબનિયોજનનું ઓપરેશન કરવું અને જાતીય હિંસા આચરવી તેને યુદ્ધના ગુનાઓ (વોર ક્રાઈમ્સ) અને માનવતા વિરોધી ગુનાઓ (ક્રાઈમ અગેઈન્સ્ટ હ્યુમનીટી) તરીકેની કલમો રૂપે પ્રથમવાર સ્વીકારવામાં આવ્યા.

૨૦૦૦ યુનોની ખાસ સભા તરીકે બેજીંગ પ્લસ ૫નું સેશન બોલાવવામાં આવ્યું, જેમાં અત્યાર સુધીનાં પગલાંઓની સમીક્ષા અને આગામી રણનીતિઓ નક્કી કરવામાં આવ્યાં.

યુનોની સલામતી સમિતિમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો કે શાંતિ માટેની કોઈ પણ વાટાઘાટમાં કે શાંતિ કરારોના અમલમાં સ્ત્રીઓ અને બાળકીઓની ખાસ જરૂરિયાતનું ધ્યાન પ્રત્યેક તબક્કે રાખવામાં આવે.

અનેક વર્ષોના સંઘર્ષ પછી ટોકીઓમાં મળેલ સ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય યુદ્ધના ગુનાઓ માટેની કોર્ટમાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન લશ્કરના જવાનોની જાતીય વૃત્તિ સંતોષવા માટે કમ્ફર્ટ વીમેન સ્ત્રીઓની કરેલી ફરજિયાત ભરતીને બળાત્કાર, જાતીય ગુલામી અને માનવતા વિરોધી ગુનો જાહેર કરી જાપાનના રાજા હીરોહીટો અને જાપાનની સરકારને ગુનેગાર જાહેર કરવામાં આવ્યા.

*કમલા:* ખરેખર સ્ત્રીઓની સામૂહિક તાકાત અને દુનિયાના પ્રત્યેક દેશમાં સમાજ પરિવર્તનમાં સ્ત્રીઓએ આપેલા સહભાગના ઇતિહાસના પ્રતીક જેવો છે આ દિવસ.

*આશા:* અને મહત્ત્વની વાત એ છે કે આ ઇતિહાસ ઘડનાર સ્ત્રીઓ કોઈ સામ્રાજ્યની મહારાણીઓ કે સાધનસંપન્ન સ્ત્રીઓ નથી પણ આપણામાંની, આપણા જેવી અને આપણી આસપાસ રહેતી, પોતાના અને પોતાનાં બાળકોના જીવનને વધુ સારું બનાવવા મહેનત કરતી, સંઘર્ષ કરતી સામાન્ય સ્ત્રીઓ છે.

*ફરઝાના:* જાણે કે આપણા જેવી જ સ્ત્રીઓએ ઘડેલો આપણો જ ઇતિહાસ છે.

*રેશ્મા:* જે આપણને સંઘર્ષ ચાલુ રાખવાની પ્રેરણા અને બળ પૂરું પાડે છે.

*શકરી:* એકતાબહેન, મહિલા દિનના ઇતિહાસમાં તમે જણાવેલ અલગ અલગ સંઘર્ષો વિશે આ બે ચાર લીટીની યાદીથી અમને તેના વિશે ખાસ સમજ ના પડી. આ બધી લડતો વિશે વિગતે વાત કરશો ને?

*એકતા:* તેમાંથી મોટાભાગના બનાવો અંગેની વાત આપણે હવે પછીના વિભાગોમાં કરવાના જ છીએ.

*કમલા:* આ વિભાગમાં સ્ત્રીઓ પ્રજામાંથી નાગરિક કઈ રીતે બની તેની વાત મને તો ખૂબ રસપ્રદ લાગી.

*નીરુ:* પણ આ તો આપણે પરદેશની સ્ત્રીઓની વાત કરી. હવે આપણે આપણા દેશની સ્ત્રીઓ કઈ રીતે નાગરિક બની તેની વાત કરીશું?

*એકતા:* હા, હવે આવતા ભાગમાં આપણે જાણીશું કે ૧૯મી સદીમાં સમાજસુધારા અને આઝાદીની લડતમાં ભારતની સ્ત્રીઓ કઈ રીતે સહભાગી બની.

*ફરઝાના:* ખરેખર પરદેશની સ્ત્રીઓ અને નારીવાદી વિચારો વિશે સાંભળેલી કેટલીય વાતો ખરેખર તો અફવા છે તે આજે ખબર પડી.

*શકરી:* ને નારીવાદી એટલે પુરુષવિરોધી એવી વાતો ખરેખર કેટલી જુઠ્ઠી છે તે બરોબર સમજાઈ ગયું.

*આશા:* હવે હું મારા વરને જ નહીં પણ તમામ વિરોધીઓને સમજાવી શકીશ કે નારીવાદી સ્ત્રીઓએ આખા સમાજના ગરીબો ને કામદારો માટે કેટલો સંઘર્ષ કર્યો છે.

*એકતા:* તો આ ચર્ચાના આ વિભાગની સમાપ્તિ આપણે નારીવાદ અંગેના ગીતથી જ કરીએ.

# આયા નારીવાદ આયા

આયા નારીવાદ આયા છાયા, નારીવાદ છાયા
એકતા લાને કે લિયે ધૂમ મચાને કે લિયે

નારીવાદી વૈસ્ટર્ન નારીવાદી અર્બન
ઐસી અફવાએં લોગ ફૈલાતે રહે
હમ મર્દો કી દુશ્મન, હમ ધર્મો કી દુશ્મન
હમેં મર્દાના ઔરત બતાતે રહે
અબ ન તાનોં સે ડરેં, અબ ન ઘુટ ઘુટ કે મરેં, એકતા લાને...

મુલાકાત ન કી હમ સે, બાત ન કી હમ સે
બિના સમઝે હી હમ સે હૈં શિકવે કિયે
હમકો બુર્જુઆ કહા, એન્ટી-લૈફ્ટ કહા
ઐસે કિતને હી હમકો હૈં ફતવે દિયે
અગલી પીઢી કે લિયે કડવે યે ઘૂંટ પિયે, એકતા લાને...



આઓ દેખેં જરા નારીવાદ હૈ ક્યા
ઇતના હલ્લા ઔર ઇતના ફસાદ હૈ ક્યા
હમારી માંગ હૈ એક બડી સીધી ઔર નેક
જુલ્મોં બન્દિશોં સે હોના ચાહેં રિહા
સોચ કે દેખો જરા ઇસ મેં ક્યા કુછ હૈ બુરા, એકતા લાને...

નારીવાદી ચાહેં ઔરતેં મુક્તિ પાયેં
હક બરાબર કે હો પૂરા સમ્માન હો
ઔરત આઝાદ હો, ન વો બરબાદ હો
નારી હોને કા ઉસકો ભી અભિમાન હો
આઓ યે નારા લગે, નારીવાદ પ્યારા લગે

**- કમલા ભસીન**
*(રમૈયા વસ્તા વૈયા ની ધુન પર આધારિત)*



## વધુ વાચન માટેનાં પુસ્તકોની યાદી


૧. છોકરો એટલે શું? છોકરી એટલે શું? લે. કમલા ભસીન, પ્ર.: ઓળખ, વડોદરા
૨. પિતૃસત્તા એટલે શું? લે. કમલા ભસીન, પ્ર.: ઓળખ, વડોદરા
૩. અંડરસ્ટેન્ડિંગ જેન્ડર, કમલા ભસીન, વિમેન અનલિમિટેડ, નવી દિલ્લી
૪. પશ્ચિમમાં નારી આંદોલનનો ઉદયઃ સંદર્ભ અને મુદ્દા, અનુપમા રાયનો લેખ, સાધના આર્ય, નિવેદિતા મેનન, જીની લોકનીતા સંપાદિત પુસ્તક, નારીવાદી રાજનીતિ સંઘર્ષ અને મુદ્દા, પ્રા. દિલ્લી વિશ્વ વિદ્યાલય
૫. સમાજવાદી દેશોમાં મહિલા આંદોલન, શ્રીમતી ચક્રવર્તીનો લેખ, સાધના આર્ય, નિવેદિતા મેનન, જીની લોકનીતા સંપાદિત પુસ્તક, નારીવાદી રાજનીતિ સંઘર્ષ અને મુદ્દા, પ્રા. દિલ્લી વિશ્વ વિદ્યાલય
૬. જગતના ઇતિહાસનું રેખાદર્શન, જવાહરલાલ નેહરુ, નવજીવન પ્રકાશન, અમદાવાદ
૭. મેન્સ વર્લ્ડલી ગુડસ, ધ સ્ટોરી ઓફ વેલ્થ ઓફ નેશન્સ, લીઓ હુબરમેન, પીપલ્સ પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી.
માનવીની આર્થિક સંપત્તિ, લીઓ હયુબરમેન, ટ્રાન્સલેશન ટ્રસ્ટ, જામનગર.
૮. ધી હિસ્ટ્રી ઓફ રશિયન રીવોલ્યુશન, લીઓન ટ્રોટસ્કી
૯. ફેસેટસ ઓફ ઈમેન્સીપેશનઃ વીમેન ઈન મુવમેન્ટ ફ્રોમ એઈટીન્થ સેન્ચુરી ટુ ધ પ્રેસન્ટ, શીલા રોબોથમ, ઈન વીમેન રેસિસ્ટ ગ્લોબલાઈસેશન, શીલા રોબોથમ અને સ્ટીફની લીન્કોંગલે દ્વારા સંપાદિત, ઝેડ બુક્સ
૧૦. એલેકઝાન્ડ્રા કોલોન્તાઈ, પ્રોગ્રેસ પબ્લીશર, મોસ્કો

*ઈન્ટરનેટ ઉપરથી લીધેલા કેટલાક સંદર્ભો*

૧૧. સનસાઈન ફોર વીમેન એટ..... www.pinn/~sunshine/main.html
૧૨. ધી ડેવલપમેન્ટ ઓફ વીમેન્સ મુવમેન્ટસ, ૧૭૮૯-૧૯૧૪
www.gla.ac.uk/centres/tltphistory/training/.../coredoc1.htm
૧૩. wikipedia free encyclopaedia & en.wikipedia.org/wiki/Feminism
૧૪. અ હિસ્ટ્રી ઓફ ઈન્ટરનેશનલ વીમેન્સ ડે ઈન વર્ડસ એન્ડ ઈમેજીસ, જોયસ સ્ટીવન્સ, www.isis.aust.com/iwd/stevens/

**સહિયર (સ્ત્રી સંગઠન)** ૧૯૮૪થી સ્વાયત્ત સ્ત્રી સંગઠન તરીકે કાર્યરત છે. સહિયરનું ધ્યેય એક એવા સમાજની રચના કરવાનું છે કે જેમાં 'કોઈ પ્રકારના શોષણ, દમન, અન્યાય કે અત્યાચારને સ્થાન ન હોય. તેમાં નારીને માનવી તરીકેનો સમાન દરજ્જો મળે.'

'નારીમુક્તિ વગર માનવમુક્તિ શક્ય નથી અને માનવમુક્તિ વગર નારીમુક્તિ અશક્ય છે' એવી સમજ સાથે સ્ત્રીઓના અધિકારો અને માનવ અધિકારો માટેના સંઘર્ષને આગળ લઈ જવા વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

- જાગૃતિ કાર્યક્રમો જેવા કે શેરી નાટકો, જાગૃતિ ગીતો અને ગરબા, શિબિરો, નિબંધ લેખન, જાહેર દેખાવો વગેરે દ્વારા સમાજના બહોળા સમુદાયનો સ્ત્રીઓ પ્રત્યેનો પુરુષ પ્રધાન દૃષ્ટિકોણ બદલવા પ્રયત્ન કરે છે ઉપરાંત પ્રશ્નોના મૂળને સમજીને એ સમજને સમાજ સુધી લઈ જવા સંશોધન, પ્રકાશન, પુસ્તકાલય જેવી પ્રવૃત્તિઓ કરે છે.
- સ્ત્રીઓ પરની હિંસા અને સ્ત્રીઓને સ્પર્શતા અન્ય કાયદાઓમાં સુધારા લાવવા તથા મોજૂદ કાયદાઓનો અમલ કરાવવાની ઝુંબેશ ચાલે છે.
- કોમવાદ, જ્ઞાતિવાદ અને સીમાન્ત સમૂહોના માનવ અધિકારના ભંગના બનાવોમાં માનવ અધિકાર સંગઠનો સાથે મળીને કામ કરે છે.
- કુટુંબ, સમાજ તેમ જ કામના સ્થળે હિંસા, અન્યાયનો સામનો કરતી સ્ત્રીઓના પડખે ઊભા રહી તેમને કાઉન્સેલિંગ, કાનૂની સલાહ અને સંવેદનાત્મક ટેકો પૂરો પાડે છે.
- કિશોરીઓના વ્યક્તિત્વ વિકાસ તેમ જ કારકિર્દીના ઘડતરમાં સહાયરૂપ થાય છે.
- ઝૂંપડાવાસી, શ્રમજીવી તેમ જ નીચલા મધ્યમ વર્ગની બહેનોના મંડળ બનાવી બચત, જાગૃતિ તેમ જ રોજબરોજના પ્રશ્નો ઉકેલવા સંગઠિત કરે છે.
- સંવેદનશીલ વિસ્તારોમાં તમામ સમુદાયની સક્રિય બહેનોને ન્યાય, શાંતિ અને કોમી એકતા માટેના આગેવાન બનવાની તાલીમ આપે છે.
- સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો, સરકારી અધિકારીઓ, પોલીસ તંત્ર, શિક્ષકો, વકીલો, ટ્રેડ યુનિયનના કાર્યકરો તેમ જ અન્ય લોકસંગઠનના કાર્યકરોને સ્ત્રીઓના સવાલોથી પરિચિત કરાવવા અને તેમનામાં સ્ત્રીઅભિમુખ સંવેદનશીલતા કેળવવા માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે. અન્ય સંસ્થા દ્વારા યોજાતી તાલીમોમાં રિસોર્સ પર્સન તરીકે કામગીરી બજાવે છે.

**ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન** એક સ્વૈચ્છિક બિન-નફાકારક સંગઠન છે. ૧૯૯૦માં તેની નોંધણી સોસાયટીઝ રજિસ્ટ્રેશન ઍક્ટ-૧૮૬૦ હેઠળ કરવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ સામાજિક સમાવેશ અને લોકશાહી શાસનને પ્રોત્સાહન આપવાનો છે કે જેથી આપણા સમાજના વંચિત વર્ગો મુખ્ય પ્રવાહના વિકાસ અને નિર્ણય પ્રક્રિયામાં અસરકારક રીતે ભાગીદાર થવા સક્ષમ બને.

ઉન્નતિ પશ્ચિમ ભારતમાં લોકમંડળો, બિન-સરકારી સંગઠનો, સ્થાનિક શાસનમાં ચૂંટાયેલાં પ્રતિનિધિઓ અને સરકાર સાથે કામ કરનારું મુદ્દા આધારિત વ્યૂહાત્મક શૈક્ષણિક ટેકો આપનારું એક સંગઠન છે. સહયોગી સંશોધન, જાહેર શિક્ષણ, હિમાયત, પ્રત્યક્ષ ક્ષેત્ર સ્તરીય એકત્રીકરણ અને વિવિધ હિતધારકો સાથે અમલ એ અમારા કાર્યનાં ચાવીરૂપ સાધનો છે. નાગરિકોના પાયાના અધિકારોનું જતન થાય તે પ્રકારનું નીતિવિષયક પર્યાવરણ સર્જાય ત્યાંથી માંડીને સ્થાનિક સ્તરે તે ઊભું થાય ત્યાં સુધીની અમારી દરમ્યાનગીરીઓ હોય છે. એમાં અમારાં સહભાગી સંગઠનોની તાકાત અને અસહાય લોકોની લડતોમાંથી અમે પ્રેરણા પ્રાપ્ત કરીએ છીએ. વર્તમાનમાં તમામ પ્રવૃત્તિઓ નીચે મુજબના કાર્યક્રમોની આસપાસ ગઠિત થાય છે:

૧. સામાજિક સમાવેશ અને સક્ષમતા
૨. નાગરિક નેતૃત્વ અને શાસન
૩. આપત્તિમાં જોખમના ઘટાડાના સામાજિક નિર્ણાયકો

*અમારા ક્ષેત્રીય અનુભવોમાંથી જે પદાર્થપાઠ પ્રાપ્ત થાય છે તે એકત્રિત કરીને જ્ઞાન સંસાધન કેન્દ્ર દ્વારા વ્યાપકપણે લોકોને ઉપલબ્ધ બનાવવા મુદ્રિત અને વીજાણુ સ્વરૂપે અમે પ્રસારિત કરીએ છીએ. અમે સામુદાયિક નેતાઓ અને ખાસ કરીને દલિતો તથા મહિલાઓ માટે એક અકાદમીનું નિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે જેથી તેઓ સ્થાનિક પ્રશ્નોનો અસરકારક રીતે સામનો કરી શકે.*

નારી
આંદોલનનો
ઇતિહાસ

ભાગ:૧
સ્ત્રી જીવન
સંઘર્ષ:
પ્રાચીન કાળથી
ભક્તિ ચળવળ

ભાગ:૨
સ્ત્રી સમાનતા
અને મતાધિકાર:
વિશ્વમાં નારી
આંદોલન

ભાગ:૩
સામાજિક
સુધારણા અને
સ્વતંત્રતાની
ચળવળમાં સ્ત્રીઓ

ભાગ:૪
નારી મુક્તિ
આંદોલન:
પ્રશ્નો અને
પડકારો


उन्नति
ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬
ઈ-મેલ: sie@unnati.org
વેબસાઈટ: www.unnati.org

sahiyar
સહિયર (સ્ત્રી સંગઠન)
જી-૩, શિવાંજલિ ફ્લેટ્સ,
જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે,
નવજીવન, આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯
ફોન: ૦૨૬૫-૨૫૧૩૪૮૨,
ઈ-મેલ: sahiyar@gmail.com